श्री

राम गुण गीता.

कर्ता

सी. पी. मणियार.

श्री

राम गुण गीता.

કર્તા તથા પ્રસિદ્ધકર્તા

ચુનીલાલ પુંજીરામ મણીયાર.

અમદાવાદ.

ઇ. સ. ૧૯૧૩. વિ. સં. ૧૯૬૯.

પ્રત ૫૦૦. પ્રથમાવૃતિ.

અમદાવાદ

ધી 'ગુજરાત' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

કિંમત

કાચા પુંઠાની ૦-૬-૦ પાકા પુંઠાની ૦-૮-૦

Sheth Manilal Revadas Sahekaranwala.



શેઠ મણીલાલ રેવાદાસ સાહેકરણવાળા.

The 'Gujarat P Press—Ahmedabad.

अर्पण पत्रिका.

શેઠ મણીલાલ રેવાદાસ

સાહેકરણવાળા.

મુ. વડનગર.

માત્ર આપની ઔદાર્યતા, સૌજન્યતા, ધર્મ પ્રત્યેની દૃઢ શ્રદ્ધા, અને જનસમાજ પ્રત્યેની શુભેચ્છાઓથી આકર્ષાઇને જ નહિ, પરંતુ રામાયણ જેવા ધાર્મીક, નૈતિક, અને ઐતિહાસીક પવિત્ર ગ્રન્થના નિરંતર શ્રવણ-મનન-નીદિધ્યાસન-વડે આપના હૃદયમાં સ્થાપિત થયેલ પવિત્ર સંસ્કારો, અને તે પ્રમાણેના આચારવિચારોનો પરિચય કરી,-તે અમુલ્ય ગ્રન્થનાં સર્વોત્તમ તત્વોનો આર્યાવર્તની ઉછરતી પ્રજાના હૃદયમંદિરમાં પ્રકાશ કરવાની આપની ઉત્કૃષ્ટ ઇચ્છાથી જ તૈયાર કરેલ આ 'રામ ગુણ ગીતા' નામક લઘુ ગ્રન્થ આપ મુરબ્બી શ્રીને અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

તા. ૧ જાન્યુઆરી
૧૯૧૩

આપનો
ચુનીલાલ પુંજીરામ
મણીયાર.

પ્રસ્તાવના.

श्लोक.

प्रत्यक्ष धर्मो भगवान् यस्य तुष्टो हि कर्मभिः ।
सफलं तस्य जन्माहं मन्ये साधर्मचारिणः ॥
पाप कुर्वन पापकीर्तिः पापमेवा श्रुते फलम् ।
पुण्यं कुर्वन् पुण्यकीर्तिः पुण्यमत्यन्त मश्रुते ॥

અર્થ—જેના શુભ કર્મથી ધર્મના સાક્ષી ઇશ્વર પ્રસન્ન છે, તેવા શુભ ધર્માચરણ કરનાર મનુષ્યનોજ જન્મ સફળ છે.

(૨) અપકીર્તિ ધારણ કરનારો માણસ પાપ કરીને પાપરૂપ ફળને ભોગવે છે. અને પવિત્ર કીર્તિને ધારણ કરનારો માણસ પુણ્ય કરી પાર વીનાના પુણ્યરૂપ દુઃખને ભોગવે છે.

માહાત્માઓનાં ચારિત્ર્ય જનસમાજને માર્ગદર્શક અને બોધદાયક નીવડે છે, અને તેમાં પણ જે મહાત્માઓનું જીવન આદર્શરૂપ અને ઉત્તમ ભાવનાવાળુ હોય તે ચરિત્ર પ્રત્યેક મનુષ્યની બુદ્ધિ, અને જ્ઞાન તત્વોને પોષણ આપનારૂં થઇ પડે છે. જેને ઉત્તમ ચરિત્રરૂપ જ્યોતિ પ્રાપ્ત થાય છે, તેને પોતાના વિકાસ ક્રમની સામર્થ્યની, તથા પ્રયત્નની વિશાલતા પ્રતિત થાય છે, પોતાની ઉન્નતિ માટેનું ક્ષેત્ર કેવું વિશાલ છે. તે ત્વરાથી સમજાય છે. ઉત્કૃષ્ટ ચરિત્ર્યને જે મનુષ્ય પોતાનામાં પ્રકટાવી શકે છે તે અવશ્ય ધારેલા અર્થને સીદ્ધ કરી શકે છે તેટલા માટે તેવાં ચરિત્ર્ય વિદ્યાશાળામાં વિદ્યાર્થીઓના અધ્યયન માટે દાખલ કરવાની સ્તુત્ય પાત્ર ધારણા—જ્ઞાનક્ષેત્રના સુત્રધારોએ—પ્રદર્શીત કરેલી છે.

એવાં ચારિત્ર્યમાં અયોધ્યાના માહારાજા શ્રીરામચંદ્રજીનું ચારિત્ર્ય જગતમાં સન્માનનિય છે, તેને માટે એટલુંજ કહેવું બસ થશે કે ભારતવર્ષપર અનેક વખત આવેલી વીપત્તિયોને લીધે ઘણાખરા ઐતિહાસીક પુરૂષોના યશ લય થયા છતાં માહારાજા શ્રી રામચંદ્રજીનું નામ કોઈ વિપત્તિથી વિલુપ્ત થયું નથી.

રઘુકુલ તિલક મહારાજા શ્રીરામચંદ્રજીનું જીવન ચરિત્ર કેવું ઉચ્ચ, પવિત્ર, લોકોપકારક, શિક્ષણીય અને અનુકરણિય છે-તે સર્વને પરિચીત હોવાથી, તેમજ પ્રસ્તુત પુસ્તકમાં તે પ્રદર્શિત કરેલું હોવાથી આ સ્થળે-તેના અધિક વિવેચનની આવશ્યક્તા નથી.

હાલ જે કારણોથી શ્રીરામચંદ્રજીને ઈશ્વરાવતાર માનવામાં આવે છે, તે તેમની પિતૃભક્તિ, શૌર્ય, ઔદાર્ય અને તેમના સદ્‌ગુણોને આભારી છે. પિતૃ ભક્તિના અનુપમ દષ્ટાન્તરૂપ વનવાસ શ્રીરામચંદ્રજીએ ગૃહણ કર્યો, અને સીતાજી તથા લક્ષ્મણે તેમનો સંગાથ કરી પોતાનો ધર્મ શું છે તે જગતને બતાવ્યું, ત્યારથી એમની કીર્ત્તિ દુનિયાના પ્રત્યેક ભાગમાં પ્રકાશિત થઇ, અને તે ગૂણોએ પ્રજાને એટલી બધી આકર્ષી લીધી કે પેઢી દર પેઢી પોતાનાં બાલ બચ્ચાંને તેમનું આખ્યાન સંભળાવવું તે એક પવિત્ર ફરજ થઈ પડી; પરંતુ જ્યારે દેશ અનેક વિપત્તિયોને લીધે અવનતિમાં આવી પડયો, અને અજ્ઞાનતાનું વાતાવરણ વધી પડયું ત્યારે તે ગ્રંથમાં સૃષ્ટિક્રમ વિરૂદ્ધ કેટલોક ફેરફાર થતો ગયો. અને માત્ર તે ગ્રંથો વાંચવા સાંભળવામાંજ ધર્મ મનાયો. જેથી તેમાંનાં અમુલ્ય તત્વો ગૃહણ કરવાનું ભૂલાતું ગયું.

એ સિદ્ધાન્ત સર્વ માન્ય છે કે "માત્ર વાર્તાની પેઠે તેવા ગ્રન્થો વાંચવાથી, કે, પોપટ ન્યાયે મુખ પાઠ કરવાથી,

અથવા વાજીંત્રોના સ્વર સાથે મધુર કંઠે તેનું ગાન કરવાથી, તેનો ઉદ્દેશ સંપૂર્ણ રીત્યે સીદ્ધ થતો નથી" જ્યારે પ્રત્યેક ચારિત્ર્યરૂપી બગીચામાં ક્યાં ક્યાં સુગંધિત પુષ્પો સ્વીકારને પાત્ર છે, તેનું દોહન કરી ચતુર માળીની પેઠ તેનું બીજારોપણ કરવામાં આવે ત્યારેજ તે બીજ ઉગી નીકળે, અને સમય જતાં તે ફળ અને છાંયાવાળા મહાવૃક્ષના રૂપમાં પરિણામ પામે. તેટલા માટે આ પુસ્તક તે ઉદ્દેશને અનુસરી પ્રકટ કરવા યત્ન કર્યો છે અને પ્રાથમિક શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓ પણ તેનો પૂર્ણ અંશે લાભ લઇ શકે તેટલા માટે તેની ભાષા બનતાં સુધી વધારે સરળ રાખવાની સંભાળ લેવામાં આવી છે.

જે જે પ્રાધાન્ય વિષયોનું દોહન કરી તે ઉપર વિવેચન કરવામાં આવ્યું છે તે પ્રત્યેક વિષયને સંબંધ કર્તા હકીકત રામાયણના ભિન્ન ભિન્ન પ્રસંગોમાંથી જો એકત્ર કરવામાં આવે તો તેમ થઇ શકે તેવું છે. તથાપી રામાયણનું ઐતિહાસિક વૃતાન્ત ક્રમબંધ ચાલ્યું આવે, અને તેની રસીકતા પૂરેપૂરી જળવાઈ રહે તેટલા માટે તેમ ન કરતાં ઐતિહાસિક ક્રમ જાળવીને તેને સંબંધ કર્તા વિષયો ઉપર સંક્ષેપમાં પણ અગત્યનું વિવેચન કરવામાં આવ્યું છે. મારે કબુલ કરવું જોઇએ કે જે જે વિષયોનું આ ગ્રન્થમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેથી અધિક વિષયો પણ તેમાંથી સિદ્ધ થઇ શકે તથાપી અતિ લંબાણ નહિ કરવાના ઉદ્દેશથી માત્ર અગત્યના વિષયો હાથ ધરવામાં આવ્યા છે.

રામાયણનો ગ્રન્થ એ એક એવો મહાન ગ્રન્થ છે કે તેનું સંપૂર્ણ રહસ્ય આવા એક નાનકડા પુસ્તકમાં સ્થાપિત કરવાનો પ્રયત્ન એક મહાસાગરનું પ્રતિબીંબ ઝાકળના બિન્દુમાં પ્રકાશિત કરવા જેવો છે તથાપી તે મહાસાગરનું એક બિન્દુ

પણ જનસમાજની ઉન્નતિને માટે અમૃતરૂપ હોવાથી આ પુસ્તક જનસમાજની સેવામાં રજુ કરવાને હું પ્રયત્નશીલ થયોછું જો તેમાં હું કોઇ પણ અંશે ફતેહમંદ થઇશ તો તેનું માન મુખ્યત્વે પ્રોફેસર શ્રીયુત રામદેવ બી. એ. કે જેમણે વાલ્મીકકૃત રામાયણનું વિદ્વતાયુક્ત દોહન કર્યું છે તેમને અને તેના અનુવાદક શ્રીયુત મગનલાલ ઝવેરીને ઘટે છે કારણકે આ પુસ્તક તૈયાર કરવામાં તે દોહને શિક્ષકનું કાર્ય કર્યું છે.

સત્યસાર ગ્રહણ કરવો અને ભૂલ માટે ક્ષમા આપવી એ સજ્જનોનો સ્વાભાવિક ધર્મ હોવાથી તે સંબંધમાં વિશેષ યાચના નિષ્પ્રયોજન છે.

મહાત્મા તુલસીદાસજીએ કહ્યું છે કેઃ—

श्याम सुरभी पय विशद अति
गुणद करहि तेहि पान
गिरा ग्राम सिय रामयश
गावहि सुनहि सुजान

અર્થ—ગાય કાળી હોય, પણ તેનું દુધ સ્વચ્છ અને અતિ ગુણકારી હોય છે. તેથી લોકો તેનું દુધ પાન કરે છે. તેમ મારી કવિતા ગ્રામ્ય છે. તોપણ તેમાં સીતારામની કીર્તિ આવશે તેથી સુજ્ઞ લોકો તે કવિતાને ગાશે અને સાંભળશે.

રામગુણ ગીતા.

અધ્યાય ૧ લો.

શ્લોક.

धर्मे तत्परता मुखे मधुरता दाने समुत्साहता
मित्रेऽवंचकता गुरौ विनयता चित्तेऽतिगंभीरता ।
आचारे शुचिता गुणे रसिकता शास्त्रेषु विज्ञातृता
रुपे सुंदरता शिले भजनता त्वय्यस्ति भोराघव ॥

અર્થ—ધર્મમાં તત્પરતા, વાણીમાં મધુરતા, દાન દેવામાં ઉત્સાહ, મિત્ર સાથે નિષ્કપટતા, ગુરૂ સાથે નમ્રતા, ચિત્તમાં અતિ ગંભીરતા, આચારમાં પવિત્રતા, ગુણોમાં રસિકતા, શાસ્ત્રોમાં સારી પ્રવિણતા, રૂપમાં સુંદરતા, અને શીલમાં ભક્તિ એટલા ગુણો હે રાઘવ ! તમારામાંજ છે.

ગુરૂ—હે શિષ્ય ! હાલ તમે કયા ગ્રન્થનું અધ્યયન કરો છો ?

શિષ્ય—પરમપુજ્ય મહારાજા શ્રી રામચંદ્રજીના જીવન ચરિત્રનું.

ગુરૂ—એ જીવન ચરિત્ર પ્રતિ જનસમાજ શા કારણથી અનિવાર્ય પ્રેમ ધરાવતો હશે ?

શિષ્ય—કેમ ન ધરાવે ? શ્રી રામચંદ્રજીનું નામ આ ભારતવર્ષમાં એટલું બધુ પરિચિત છે કે ભાગ્યેજ તેની સરખામણીમાં અન્ય કોઇપણ નામ પરિચિત હશે. એક બાળકથી તે વૃદ્ધ પર્યંતનાં સ્ત્રી અને પુરૂષો રાજા અને રંકો અરે પોપટ જેવા પક્ષીઓ પણ પોતાના મનરૂપી મંદિરમાં જે રામનું નામ અપ્રતિમ સ્નેહથી, અને ભક્તિપૂર્ણ હૃદયથી પ્રાત:કાળમાં ઉઠતાંજ સ્મરે છે. પરસ્પરના મેળાપ પ્રસંગે મનુષ્યો "રામરામ" ના પ્યારા નામથી પોતાની ખુશાલી પ્રદર્શિત કરે છે. કોઇ ત્રાસજનક બનાવ દ્રષ્ટિગોચર થતાં જાણે તે પરદુ:ખભંજન રામનીજ સ્હાય માગતાં હોય તેમ "રામરામ" ના નાદથી તેમનું ધ્યાન ધરે છે. અનેક વ્યાધિ કે ઉપાધિને ભોગ પડતાં 'હે રામ' એ નામનો ઉંડો નાદ મનુષ્યોના હૃદય મંદિરમાંથી વિના પ્રયત્ને બહાર નિકળે છે. જેમના ઉચ્ચ ગૂણોનું અવલંબન થવાને પ્રતિવર્ષ જયંતિ ઉજવાય છે. તેવા પુજ્ય અને પવિત્ર મહાત્માનું પ્રતિભા દર્શક જીવન ચરિત્ર કોને પ્રિય થઇ પડે નહિ ?

ગુરૂ—વારૂ, શ્રી રામચંદ્રજી પ્રતિ સકળ જનસમાજ વંશપરંપરા પુજ્યભાવ અને ભક્તિપૂર્ણ દ્રષ્ટિથી દાખે છે તેનું પ્રયોજન શું હશે ?

શિષ્ય—એ સર્વોતમ જીવનચરિત્રનું ધ્યાનપુર્વક મનન કરતાં પ્રતિત થાય છે કે તે ઉદારચિત મહાત્માએ આ પવિત્ર અને પ્રખ્યાત ભૂમિમાં એક શ્રેષ્ટ આર્ય વીર–શુરવિર ક્ષત્રિ વિર–અને ધર્મ ધુરંધર ન્યાય નીતિ નિપૂણ રાજા તરીકે–એવાં ઉત્તમ અને અનુકરણિય કાર્યો કર્યા છે કે તેમનું નામ યાવત્ અમર રહે એ સ્વાભાવિક છે. અને તે પવિત્ર મહાત્માને ઇશ્વરની ઉપમા આપી તેમનું વંશપરંપરા સ્મારક રાખવામાં આવે, અને તેમના પ્રતિ પૂજ્ય ભાવ અને ભક્તિ-

પૂણ દ્રષ્ટિથી દેખવામાં આવે તે આર્યાવર્તની વફાદારીમાં ઉછરેલી શ્રેષ્ટ પ્રજાની વાસ્તવિક કદરદાની પુરવાર કરે છે. તે ઉદાર ચિત્ત મહાત્માનું જેટલું સ્મરણ અને સન્માન કરવામાં આવે તેટલું ઓછું છે.

ગુરૂ—પ્રિય શિષ્ય ! હું ધારૂં છું કે તમોએ તે જીવન ચરિત્રનું સંપૂર્ણ અધ્યયન કર્યું હશે ?

શિષ્ય—હા, મ્હારાથી બની શકયા પ્રમાણે કર્યું છે.

ગુરૂ—ત્યારે હું તમને તેમાંથી કેટલાક પ્રશ્ન પુછવા ચાહુ છું.

શિષ્ય—ઘણી ખુશીથી પુછો. કેમકે તેથી મ્હારૂં જ્ઞાન દૃઢ થશે.

ગુરૂ—ત્યારે સૌથી પ્રથમ શ્રીરામચંદ્રજીના કુટુંબની ઓળખાણ આપો.

શિષ્ય—શ્રી રામચંદ્રજી ઇક્ષ્વાકુના વંશમાં આય રાજાના પુત્ર દશરથ કે જે કોશિલ દેશની રાજધાની અયોધ્યા પુરીમાં રાજય કરતા હતા તેમના પુત્ર હતા—કૌશલ્યા તેમનાં માતુશ્રી હતાં. લક્ષ્મણ, ભરત, અને શત્રુઘ્ન તેમના બંધુઓ હતા. તેમની સ્ત્રીનું નામ સીતા હતું. તેમના ગુરૂ શ્રી વસિષ્ટ મુનિ હતા.

ગુરૂ—તે મહાત્માના જીવન ચરિત્રમાંથી કયા કયા સદ્ગુણો મનન અને ગ્રહણ કરવાને પાત્ર છે તે કહી સંભળાવો.

શિષ્ય—ગુરૂ દેવ ! તેમના સદ્ગુણોનું વર્ણન કરવાનું કાર્ય મારી શક્તિ અને બુદ્ધિની બહાર છે.

ગુરૂ—હા, તે સત્ય છે. તથાપી હું તો માત્ર મુખ્ય મુખ્ય બાબતો સંક્ષેપમાં સાંભળવા માગું છું.

શિષ્ય—જેવી આજ્ઞા. ગુરૂવર્ય ! તે જીવન ચરિત્રમાંથી નીચે દર્શાવેલી બાબતો મુખ્યત્વે કરીને ગૃહણ કરવા યોગ્ય છે એમ મ્હારૂં માનવું છે.

(૧) શારીરિક, માનસિક, અને આત્મીક બળ પ્રાપ્ત કરનારમાં સ્વધર્મ રક્ષણાર્થે આત્માર્પણ કરવાનું કેવું સામર્થ્ય હોય છે?

(૨) કાર્ય સીદ્ધિને માટે નિરાશાને આધિન નહિ થતાં પરીક્ષાના મેદાનમાં ઉતરી પડવાને કેવી રીતે પુરૂષાર્થ કરવો જોઇએ?

(૩) પોતાના બળનો ગર્વ નહિ કરતાં શરણે થનાર શત્રુને ક્ષમા આપવામાં કેવા ઉદાર થવું જોઇએ?

(૪) સુખ અને દુઃખ ઉભય પ્રસંગે મનોનિગ્રહથી સમાન ભાવ ધારણ કરવામાં કેવી દ્રઢતા બતાવવી જોઇએ?

(૫) માતા પિતાની આજ્ઞાનું પાલન કરવાને કેવી રીત્યે વફાદાર રહેવું જોઇએ?

(૬) પવિત્ર લગ્ન કેવાં હોવાં જોઇએ, અને દંપતીએ પરસ્પર સુખ દુઃખમાં કેવી રીત્યે સહાયક થવું જોઇએ?

(૭) બંધુઓએ પરસ્પર વિશુદ્ધ સ્નેહ કેવી રીત્યે ધારણ કરવો જોઇએ?

(૮) જનસમાજના કલ્યાણને માટે એક પરોપકારી નરરત્નનું શું કર્તવ્ય હોવું જોઇએ?

(૯) મનુષ્યે પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરવાને કેવી રીત્યે ખંતીલા રહેવું જોઇએ.

(૧૦) જયારે સંકટ આવી પડે ત્યારે સહનશીલ થઈ કર્તવ્યપરાયણ રહેવામાં મનુષ્યે કેવી રીત્યે પ્રયત્નશીલ રહેવું જોઇએ?

(૧૧) લોભને આધીન નહિ થતાં ન્યાય વૃતિને વળગી રહે-
વામાં મનુષ્યે કેવા મક્કમ રહેવું જોઇએ?

(૧૨) એક પત્નીવ્રત પાળવામાં પુરૂષે કેવા અડગ રહેવું
જોઇએ?

(૧૩) પ્રજા પ્રિય થવાને કેવી ઉત્તમ રાજનીતિ ધારણ
કરવી જોઇએ અને પ્રજાએ વફાદાર રહી તેની કેવી
કદર કરવી જોઇએ.

પ્રાધાન્યપણે ઉક્ત બાબતો તે જીવન ચરિત્રમાંથી મળી આવે છે. તે ઉપરાંત કેટલીક ગૌણ બાબતો પણ તેમાં સમાયેલી છે અને તે મનુષ્ય માત્રના સ્વિકારને પાત્ર છે.

ગુરૂ—ધન્ય છે શિષ્ય! તમે ઘણું સારૂં અધ્યયન કર્યું છે. પણ જે આવકારદાયક બાબતોનાં સુગંધિત પુષ્પો એ ચરિત્ર બાગમાંથી તમોએ ચુંટી કહાડયાં છે તે પ્રત્યેક વિષયને લગતું વિવેચન તમારે તે જીવન ચરિત્રને અનુસરી કરવું પડશે.

શિષ્ય—હું આપની આજ્ઞાને આધીન છું.

अध्याय बीजो.

श्लोक.

एको धर्मःपरं-श्रेयं क्षमैका शांतिरुत्तमा
विद्यैका परमा तृप्ति रहिंसैका सुखा वहा ॥

અર્થ—પરમ કલ્યાણને આપનાર માત્ર ધર્મ છે, માત્ર ક્ષમાજ પરમ શાન્તિને આપનાર છે. પૂર્ણ તૃપ્તિને આપનાર માત્ર વિદ્યાજ છે. અને સુખને આપનાર માત્ર અહિંસાજ છે.

ગુરૂ— પહેલી બાબત તમોએ એ જણાવી છે કે "શારીરિક, માનાસક, અને આત્મીક બળ પ્રાપ્ત કરનારમાં સ્વધર્મ રક્ષણાર્થે આત્માર્પણ કરવાનું કેવું સામર્થ્ય હોય છે? તે એ જીવન ચરિત્રને અનુસરી સાબીત કરી આપો.

શિષ્ય—શ્રી રામચંદ્રજીએ યુવાવસ્થાની શરૂઆત પર્યંત પૂર્ણ બ્રહ્મચર્ય પાળ્યું હતું. અને પરમપુજ્ય બ્રહ્મર્ષિ વસીષ્ટમુનિ પાસે વેદ, ન્યાયશાસ્ત્ર, તત્વજ્ઞાન, અને ધનુર્વિદ્યાદિથી શારીરિક અને માનસિક કેળવણી પ્રાપ્ત કરી હતી. બ્રહ્મર્ષિ મુનિએ ખરા અંતઃકરણથી દુનિયાની સચ્ચાઇઓનું તેમને દૃઢ જ્ઞાન આપ્યું હતું.

એક વખતે શ્રી વિશ્વામીત્ર રૂષિ દશરથ રાજાની પાસે આવ્યા, અને જણાવ્યું કે,–" હે રાજન ! હું મ્હારા સિદ્ધાશ્રમમાં વારંવાર જે યજ્ઞ કરૂં છું. તેમાં મારિચ, અને સુબાહુ નામના રાક્ષસો પોતાના બળનો દુરૂપયોગ કરી યજ્ઞવેદીય; માંસ, રૂધિર, અને એવીજ અપવિત્ર વસ્તુઓ નાખે છે તેથી અમારા યજ્ઞનો વિધ્વંસ થઈ જાય છે માટે આપની સહાયતા મેળવવા આવ્યો છું. હે રાજન ! યજ્ઞનું રક્ષણ કરવું તે સ્વધર્મ અને સ્વદેશનું રક્ષણ કરવા સમાન છે.

રાજા દશરથે કહ્યું,—પુજ્ય રૂષિ સ્વધર્મના રક્ષણને માટે સહાયતા કરવી તે અમારી પવિત્ર ફરજ છે, અને મ્હારી પાસેનું સઘળું સૈન્ય તે સેવા બજાવવાને આપની સેવામાં હાજર છે.

વિશ્વામીત્રે કહ્યું,—" તમારા જેવા ધાર્મીક રાજા પાસેથી સંતોષકારક જવાબ મળશે એવી મને પ્રથમથીજ આશા હતી. મ્હારે સઘળા સૈન્યની કાંઇ જરૂર નથી. ફક્ત રામને અમારી રક્ષા સારૂં સોંપો.

દશરથે કહ્યું,—જેવી આજ્ઞા! પણ એ સુકુમાર બાળક કરતાં મ્હારૂં સૈન્ય આપને વધારે ઉપયોગી થઇ પડશે.

શ્રી રામચંદ્ર આ વખતે દરબારમાં હાજર હતા તેઓ ૠષિ વિશ્વામીત્રની માગણી સાંભળી સ્વધર્મને માટે પવિત્ર ફરજ બજાવવાને આતુર થઇ રહ્યા હતા. અને પોતાના પિતા તરફથી સત્વર આજ્ઞા મળશે, તેવી જીજ્ઞાસા ધરાવતા હતા, પરંતુ જ્યારે "સૈન્ય વધારે ઉપયોગી થઇ પડશે" એવો પિતાનો ઉત્તર સાંભળ્યો, ત્યારે શ્રી રામચંદ્રજીએ પિતા સન્મુખ ઉભા રહી હાથજોડી સવિનય કહ્યું,–પુજ્ય પિતાશ્રી! એ વાત ખરી છે કે અમે બાળકો છીએ, પણ એક ધર્મનિપુણ શુર-વીર ક્ષત્રીસીંહના, અને વસીષ્ટ જેવા સમર્થ ગુરૂ પાસે કેળ-વાયેલાં બાળક છીએ. મહાત્મા વસીષ્ટમુનિના શિક્ષણને દિપા-વવાનો, અને સાચા ક્ષત્રિધર્મને ઝળકાવવાનો આ પ્રસંગ અમારા સુભાગ્યેજ આવી મળ્યો છે. વ્હાલા ધર્મને માટે અમે અમારા પ્રાણનું જરૂર પડે બળીદાન આપવાને તૈયાર છીએ. પવિત્ર પિતા! પ્રાણી માત્રના જીવનનો આધાર જે યજ્ઞ ઉપર અવલંબી રહ્યો છે. તે યજ્ઞના રક્ષણને માટે પવિત્ર ફરજ બજાવવાનું કાર્ય આપ અમનેજ સોંપશો એવી આશા છે.

વશિષ્ટમુનિ બોલ્યા,—રાજન! રામ અને લક્ષ્મણ એ બન્ને કુમારોને ૠષિ વિશ્વામીત્રને સોંપો. આપ તેમને સુકુમાર બાળક ન સમજતા. અસ્ખલિત બ્રહ્મચર્ય પાળનાર એ વિદ્વાન અને સદ્દગુણી એ કુમારોની સામે હજારો દુરાત્મા અને દુર્ગુણી અસુરો કાંઇ વિસાતમાં નથી. આપ તેમની યત્કિંચીન ચીન્તા કરશો નહિ. હા! તેઓ બાળક છે એ વાત નિર્વિવાદ છે પરંતુ એક પ્રકાશમાન ન્હાની અંગારી લાખો મણ ઘાસની ગંજીને પળમાં બાળી ખાખ બનાવી દે છે. અને એક ન્હાનો અંકુશ મદોન્મત હસ્તીના ઘમંડને

ઉતારી નાખે છે. તે આપને સુવિદીત છે.

રાજા દશરથે કહ્યું,–" આપની આજ્ઞા શીરોવંદ્ય છે. ૠષિ વિશ્વામીત્રને માટે મ્હારા પુત્રો તો શું પણ મારૂં સર્વસ્વ હાજર છે."

પિતાની આજ્ઞા મળતાં રામ અને લક્ષ્મણ ૠષિ વિશ્વામીત્રની સાથે યજ્ઞસ્થાને જાય છે. સુબાહુ અને મારીચના આધિપત્ય નીચે હજારો રાક્ષસ યજ્ઞમાં વિઘ્ન કરવાને ચઢી આવે છે. શ્રી રામચંદ્રજી મારીચને માનવાસ્ત્રથી સુબાહુને આગ્નેયાસ્ત્રથી અને અન્ય રાક્ષસોને વાયવ્યાસ્ત્રથી× નષ્ટ કરે છે. યજ્ઞ નિર્વિઘ્ન સમાપ્ત થાય છે. ૠષિ વિશ્વામીત્રની પાસેથી પણ કેટલીક શાસ્ત્ર વિદ્યા તેઓ સંપાદન કરે છે.

ગુરૂ—શિષ્ય એ વાર્તા નિર્વિવાદ છે કે શારીરિક, માનસિક, અને આત્મીક બળ પ્રાપ્ત કરનારમાં આત્મભોગ આપવાનું સ્તુતિપાત્ર સામર્થ્ય હોય છે. માત્ર શારીરિક બળ પ્રાપ્ત કરવું, અથવા શારીરિક બળના ભોગે માનસિક બળ પ્રાપ્ત કરવું નિરર્થક થઇ પડે છે. અને તેટલા માટે પ્રાચિનકાળના ૠષિઓ જંગલમાં પર્ણકુટી બાંધી ત્યાં વિદ્યાર્થીઓને ઉભય પ્રકારની કેળવણી આપતા હતા. અને બ્રહ્મચર્ય પાળતા હતા. નિર્બળ શરીરને પણ સુદ્રઢ, સશક્ત, અને વજ્ર જેવાં મજબુત બનાવવાને એ પદ્ધતિ સાનુકુળ હતી. અને ત્યારેજ તે ગુરૂકુળ રૂપી ટંકશાળમાંથી રણકાર કરતા બળવાન યોદ્ધાઓ, અને વિદ્વાન ૠષિઓ જગતના મેદાનમાં સ્વકર્તવ્ય સંપૂર્ણ કરવાને કુદી પડતા હતા. આ શિક્ષણ પદ્ધતિ આ

× આવાં અનેક અસ્ત્ર પ્રાચીન આર્યો ધારણ કરતા જેમાંથી અનેક બાણ નીકળી શત્રુઓનો સંહાર થતો. શ્રીરામચંદ્રજી આવી અસ્ત્રવિદ્યામાં ઘણાજ નિપુણ હતા એજ કારણે તેઓ એકલા પણ અનેક રાક્ષસોની સાથે સફલતાપૂર્વક યુદ્ધ કરી શકતા.

જગવિખ્યાત આર્યાવર્તમાં હજારો વર્ષ પર્યંત ચાલુ હતી જે પદ્ધતિને હર્બર્ટ સ્પેન્સર પણ પોતાના એજ્યુકેશનલ નામના પુસ્તકમાં સર્વ શ્રેષ્ટ તરીકે ઓળખાવે છે.

(૨) બ્રહ્મચર્ય એ શારીરિક ઉન્નતિનો અકસીર ઈલાજ છે. બ્રહ્મચર્ય મનુષ્યની જીંદગી રૂપી ઈમારતને દીર્ઘાયુષ બનાવનાર મજબુત પાયો છે. સંપૂર્ણ યુવાવસ્થાની પ્રાપ્તિ માટે પચીસ વર્ષની અવધી છે. ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળ-ળવાથી શરીર, તેના અવયવો અને સ્નાયુઓ વજન, વિસ્તાર, અને બળમાં વધતાં જાય છે. મગજ અને તેનું મધ્યબીન્દુ મન પણ બળમાં પ્રફુલીત થાય છે. શરીરમાં સાત ધાતુઓ છે. અન્નનો પ્રથમ રસ થાય છે અને પછી અનુક્રમે માંસ, મેદા, હાડકાં, મજ્જા, તથા વિર્ય થાય છે. સૌથી મોડુ અને છેલ્લુ તે વિર્ય છે. તેથી તે સૌથી ઓછું હોય છે. તે વિર્ય પરિપક્વ થયા પુર્વે ગુમાવી દેવું તે પોતાના હાથે પોતાનું અને પોતાની ભવિષ્યની પ્રજાનું ખુન કરવા બરાબર છે. કારણકે બ્રહ્મચર્ય નહિ પાળનારાઓનાં શરીર અશક્ત રોગીષ્ટ, અને અલ્પાયુષી જોવામાં આવે છે. કેટલાંક બાળકો ગર્ભમાં અને કેટલાંક જન્મતાંજ મૃત્યુ પામે છે. ૨૪ વર્ષ પર્યન્ત જીતેંન્દ્રિય રહેનાર બ્રહ્મચારીના શરીરમાં પ્રાણ બલવાન થઈને સર્વ શુભ ગૂણોનો વાસ કરવાવાળો થાય છે.

(૩) હવે હું તમને યજ્ઞના સંબંધમાં કહુંછું. અપૂર્ણ શિક્ષિત મનુષ્યો કેટલીક વખત યજ્ઞને ધતીંગના નામે ઓળ-ખાવી તે પ્રથાપ્રતિ અણગમો બતાવે છે. પરંતુ આપણે જાણીએ છીએ કે પ્રાણી માત્રના જીવનનો આધાર હવા, પાણી, અને અન્ન ઉપર છે. દુર્ગન્ધયુક્ત વાયુ અને જલથી રોગ, રોગથી પ્રાણિયોને દુઃખ અને સુગન્ધિત વાયુ, તથા જલથી આરોગ્ય અને સુખ પ્રાપ્ત થાય છે. યજ્ઞથી અગ્નિમાં

હોમેલ પદાર્થ સુક્ષ્મ થઇ ફેલાઇને વાયુ સાથ દુરદેશમાં જઇ દુર્ગન્ધની નિવૃતિ કરે છે. અને વાયુ તથા જલમાં સુગંધ પ્રસરાય છે. અગ્નિમાં એવું સામર્થ્ય છે કે તે વાયુ અને દુર્ગન્ધયુક્ત પદાર્થોને છીન્ન ભિન્ન અને હલકા કરી તેને બહાર કાઢી, પવિત્ર વાયુને પ્રવેશ કરી આપે છે. વળી યજ્ઞથી મેઘની વૃષ્ટિ થાય છે. અને અન્ન મેઘથી ઉત્પન્ન થાય છે. તેટલા માટે યજ્ઞની બાબત ધ્યાન આપવા જેવી જણાય છે. પ્રાચિન ગ્રન્થોનું અવલોકન કરતાં જણાય છે કે પુર્વે બ્રાહ્મણ, ક્ષત્રિ અને વૈસ્ય નીરંતર યજ્ઞ કરતા હતા.

ચોથી બાબત પ્રત્યેક વ્યક્તિએ પોતાનું કર્તવ્ય અદા કરવાને લગતી છે. આ સંસાર ચક્રને ચાલુ ગતિમાં મુકવાને માટે મનુષ્યોના ચાર વિભાગ પાડવામાં આવ્યા હતા, અને તેમને ગુણ કર્મ, સ્વભાવ અનુસાર બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, અને શુદ્ર કહેવામાં આવતા હતા. બ્રાહ્મણો સત્યવિદ્યા ભણુતા અને અન્યને ભણાવતા, યજ્ઞ કરતા અને કરાવતા, દાન લેતા અને દાન દેતા. ક્ષત્રીઓ વેદાધ્યયન કરતા અને પ્રાણિ માત્રનું રક્ષણ કરતા તેઓ પોતાની ફરજ બજાવવામાં કદી પાછી પાની કરતા નહિ. દેશના અને ધર્મના રક્ષણનો આધાર ક્ષત્રી વર્ગ ઉપર હતો. વૈશ્યો વ્યાપાર અથવા ખેતી કરી દ્રવ્ય ઉપાર્જન કરતા અને બ્રાહ્મણ, ક્ષત્રિ અને શુદ્રોનું પાલન કરતા. ગાયોનું રક્ષણ કરતા અને મેળવેલું દ્રવ્ય દેશોન્તિના કાર્યમાં, અને સુપાત્રને દાન આપવા માટે વ્યય કરતા. શુદ્રો બ્રાહ્મણ, ક્ષત્રિ, અને વૈશ્યની સેવા કરતા. જેને આપણે હાલ્ર ફરજ કહીએ છીએ તેને આપણા પુર્વજો ધર્મ કહેતા અને તે ધર્મના બંધારણથીજ વિશ્વામાત્ર જેવા ૠષિઓ પરોપકારાર્થે યજ્ઞ કરતા અને દશરથ જેવા રાજાઓ પોતાના પ્રાણુસમાન પુત્રોને તેના રક્ષણાર્થે પ્રાણાર્પણ કરવાને મોકલતા.

હાલની પ્રજાની પરીસ્થીતિ જોતાં સુખ અને ઐશ્વર્યના મોહરૂપી આવરણને ભેદી કર્તવ્ય પરાયણ થવું એ જાણે કઠીન થઈ પડયું હોય એમ લાગે છે. હાલના વિદ્યાર્થીઓ એવા સોબતીઓથી વીંટાયેલા રહે છે કે તેઓના હૃદયમાં સારી ઈચ્છાઓને ઉદય થવાનો અવકાશ મળતો નથી. બાળક અવસ્થામાં તેઓનાં વ્હાલાં માબાપો તેઓને કોઈપણ પ્રકારના દુઃખને પડખે ચડવા દેતાં નથી. વિદ્યાભ્યાસ કે વ્યાપાર માટે દુરદેશ મોકલતાં પણ તેઓ ડરે છે. તેમણે આવા મહાન પુરૂષોનાં દ્રષ્ટાન્ત ધ્યાનમાં લેવા જોઈએ.

अध्याय त्रीजो.

श्लोक.

उद्योगे नास्ति दारिद्रयं नास्ति दुःखं पातकम्
उद्योगे कलहो नास्ति नास्ति उद्योगे भयम् ॥
सिद्धिर्वाप्य थवाऽसिद्धिर प्रवृत्तिरतोऽन्यथा ।
बहुनां समवाये हि भावानां कर्म सिद्धयः ॥

અર્થ ઉદ્યોગ કરવાથી દારિદ્રતા રહેતી નથી. ઉદ્યોગ કરવાથી દુઃખ અને પાપ રહેતું નથી. ઉદ્યોગ કરવાથી કલેશ થતો નથી. અને ઉદ્યોગ કરવાથી ભય આવતો નથી.

(૨) કાર્યની સિદ્ધિ થાય અથવા ન થાય તો પણ આળસ પરાયણ થતું નહિ, કારણ કે ઘણાં કારણો ભેળાં થવાથીજ કાર્યની સિદ્ધિ થાય છે.

ગુરૂ—શિષ્ય ! કાર્ય સીદ્ધિને માટે નિરાશાને આધીન નહિ થતાં પરીક્ષાના મેદાનમાં ઉતરી પડવાને કેવી રીત્યે પુરૂષાર્થ કરવો જોઇએ ?

શિષ્ય—વિશ્વામીત્ર રૂષિનો યજ્ઞ સમાપ્ત થયા પછી રૂષિ વિશ્વામીત્ર રામ અને લક્ષ્મણને સાથે લઈ મિથીલાપુરી ગયા. ત્યાં જનક રાજા રાજ્ય કરતો હતો તેને સીતા નામે એક પુત્રી હતી તે રૂપ, ગૂણ, અને શૌર્યમાં સંપૂર્ણ હતી. એક વખતે પરશુરામ કે જેમણે પૃથ્વિને નક્ષત્રિ કરવા એકવીસ વખત પ્રયત્ન કર્યો હતો તે જનક રાજાના મેમાન થયા. પરશુરામ પાસે મોટા કદનું ઘણા બળવાળું અને ઘણા માણસોથી ઉપડી શકે તેવું પીનાક નામનું ધનુષ્ય હતું. તે ધનુષ્ય પરશુરામે એક સ્થળે મૂકયું હતું. શૌર્યવાન સીતાએ તે ધનુષ્યને ઉચકી એક સ્થળેથી અન્ય સ્થળે મૂકયું. પરશુરામે દ્રષ્ટિગોચર કર્યું, અનહદ આશ્ચર્ય પામી જનક રાજાને બોધ કર્યો કે સમાનગુણવાળાં દંપતી આ સંસારમાં સ્વર્ગનું સુખ ભોગવે છે. માટે આ ધનુષ્ય જે પુરૂષ ઉપાડી શકે તેની સાથેજ સીતાને પરણાવજે. રાજાએ તે બોધ માન્ય કર્યો અને તે હેતુથી તેણે બૃહત્ યજ્ઞ સાથે સ્વયંવર રચ્યો. દેશ વિદેશના રાજાઓ આમંત્રણને આધારે એકત્ર થયા. અને રૂષિ વિશ્વામીત્ર પણ રામ અને લક્ષ્મણને લઈ ત્યાં આવી પહોચ્યા.

પરીક્ષાને માટે પીનાક ધનુષ્ય સ્વયંવરમાં હાજર રાખ્યું હતું. જનક રાજાએ પોતાની પ્રતિજ્ઞા જાહેર કરી કે “આ ધનુષ્ય જે ચડાવે તેની વેરે મારી પુત્રી સીતાનું લગ્ન કરવાનો મેં સંકલ્પ કર્યો છે” અનેક રાજાઓએ ધનુષ્યપર દોરી ચડાવવા પ્રયત્ન કર્યો પણ તેઓ નિષ્ફળ નિવડયા. ત્યારે મહારાજ જનક રૂષિ વિશ્વામીત્રને કહેવા લાગ્યા કે “હે મહર્ષે ! આપ રાજકુમારોને આજ્ઞા આપો કે તે ધનુષ્યનું અવલોકન કરે.’

ૠષિ વિશ્વામીત્રે રામને આજ્ઞા આપી કહ્યું કે; " અડગ બ્રહ્મચર્ય પાળનારમાં કેટલું બળ હોય છે તે બતાવી આપવાની આ સોનેરી તક છે. માટે આ પરીક્ષાના મેદાનમાં પુરૂષાર્થ કરવાને તત્પર થાઓ.

શ્રી રામચંદ્રજી તો આતુરતાથી આજ્ઞાની રાહ જોતાજ હતા. આજ્ઞા મળતાંજ તેઓ નિરાભીમાનપણે શાંત મુદ્રાથી ઉભા થયા. અને જેમ ગરૂડ સર્પને ઉપાડે તેમ ધનુષ્યને ઉપાડી લીધું. અને જેવા તેની પ્રત્યંચા (દોરી) ચડાવવા જાય છે કે તે વચમાંથી મોટા ધડાકા સાથે તુટી પડયું. લોકો આશ્ચર્યથી ધન્ય ધન્ય કહેવા લાગ્યા. સ્ત્રીઓ મંગળ ગીત ગાવા લાગી. વાજીંત્રોના નાદ અને તોપોની ગર્જનાથી દીશાઓ ગાજી ઉઠી. સીતાજીએ પ્રેમથી રામચંદ્રજીના ગળામાં વિજયમાળ પહેરાવી. મહારાજ જનકના આમંત્રણથી રાજેશ્વર દશરથ, ઋષિ મહર્ષિઓ, મન્ત્રિયો તથા વર્ગ બાંધવો સહિત આવી પહોચ્યા. અને સીતા સાથે શ્રીરામને ધામધુમથી પરણાવ્યા.

ગુરૂ—આ વિષયમાં બે બાબતો વિશેષ બોધદાયક છે.

(૧) પ્રાચિન લગ્નપ્રથા કેવી ઉત્તમ હતી.

(૨) પુરૂષાર્થ મનુષ્યના અભ્યુદય માટે કેવો અગત્યનો છે.

પહેલી બાબતના સંબંધમાં—લગ્ન એ એક અજબ જોડાણ છે. હાથને હાથ સાથે જોડવાનો નથી પણ હ્રદયને હ્રદય સાથે જોડવાનું છે. સુસંતતી પેદા કરવા સંસારનાં પ્રત્યેક કામો વ્યવસ્થા પુર્વક ચલાવવાં, પુરૂષને સુખ દુ:ખમાં સાથી બની સહાય કરવા માટે દુનિયામાં એક યોગ્ય સ્ત્રી શિવાય બીજું કોઇ પણ નથી તેટલા માટે બન્નેના ધાર્મીક અને હાર્દીક સંયોગની અથવા મિત્રાઈની સંપૂર્ણ આવશ્યકતા છે. તેટલાજ માટે પુર્વે સ્વયંવરની પ્રથા ચાલતી હતી

"દુનિયાના સૌથી જુના અને પ્રથમ ગણાતા રૂગ્વેદાદિ વેદોની અંદર પણ આ રીવાજનું સ્પષ્ટ રીત્યે વર્ણન કરવામાં આવેલું છે. "સ્વયંવર" એ શબ્દનો અર્થજ એ છે કે પોતાની મેળે પસંદ કરવું.

સાંપ્રતકાળે એ પ્રથા નાબુદ થયેલી જોવામાં આવે છે. હાલ્ર હિંદુ સંસારમાં જેને લગ્નનું નામ આપવામાં આવે છે તે વાસ્તવિક રીત્યે લગ્ન નથી. એક નિર્દોષ મુગું પ્રાણી જેમ તેને પાળનારની દયા ઉપર જીવી શકે છે તેવુંજ હિંદુ સંસારમાં કન્યાઓનું જીવન દ્રષ્ટિગોચર થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો લગ્નરૂપી યજ્ઞમાં નિર્દોષ બાળાઓનું બળીદાન અપાય છે. તેમના ઉપયોગને માટે એક ન્હાનામાં ન્હાની અને નજીવી વસ્તુ ખરીદ કરવામાં જ્યારે તેમની પસંદગી અને સંમતી પુછવામાં આવે છે. ત્યારે એક જીંદગીનો સાથી શોધવામાં કન્યાઓની સંમતી પણ પુછવામાં આવતી નથી. તેમજ સમાન ગૂણોની ખાત્રી પણ કરવામાં આવતી નથી. અરે ! કેટલાક નરપીશાચો તો તેમને બદલે દ્રવ્ય પ્રાપ્ત કરવા જાણી જોઇને તેમને અંધારા કુવામાં મોંઢે ડુચો દઇ ફેંકી દે છે. છતાં તેને કન્યાનું દાન કરેલું માનવામાં આવે છે. આવા ઘાતકી રીવાજો પ્રજાને અવનતિ તરફ ઘસડી જાય છે. લોહચુંબક પોતાને આકર્ષવાની ચીજને પોતાની મેળે આકર્ષે છે. લગ્ન પણ એક આકર્ષણ છે. માટે જ્યાં સ્ત્રીનું આકર્ષણ ન હોય ત્યાં પરાણે લગ્નની ગાંઠ બાંધવી તે તેનાં સુખનાં સાધનો સળગાવી દેવા સમાન છે. લગ્નનું પરીણામ સારૂં યા નરતું તે પરણેત જોડાનેજ નથી અનુભવવું પડતું પણ તેની આસપાસ રહેતા દરેક કુટુંબને અનુભવવું પડે છે. અને તેની અસર લગભગ એક હજાર કુટુંબ ઉપર સરેરાસ્ર થાય છે. જે લગ્નનું મહત્વ આટલું બધું છે. તે લગ્નની પ્રથા વાસ્તવિક રીત્યે ઉપર જણાવી છે તેવીજ હોવી જોઇએ. જ્યારે તે પ્રથા પ્ર-

માણે સ્ત્રી પુરૂષો સંપૂર્ણ પ્રીતિપુર્વક લગ્નની પવિત્ર સંકલ-લનાથી જોડાય ત્યારેજ પ્રેમી જોડાં ઉત્પન્ન થાય અને તેઓની પ્રજા ખરી ધર્મપ્રેમી અને સ્વદેશપ્રેમી બને. સ્વતંત્રતા અને પ્રેમનાં તત્વો તેમનામાં પૂર્ણ વિકાસ પામે. અને તેઓ આદર્શ-રૂપ જીવન ગાળી દેશોદય માટેની ઇચ્છિત વસ્તુઓ મેળવે. તેમજ ગૃહસંસાર સર્વ રીત્યે સુખી અને આનંદમય બને:

બીજી બાબતના સંબંધમાં—આ કર્મભુમિમાં જીવનું કામ જીવનપર્યંત કર્મ કરવાનું હોય છે. માટે પ્રત્યેક મનુષ્યે પુરૂષાર્થ કરવો જોઇએ. પુરૂષાર્થ એજ મનુષ્યના અભ્યુદયનો અમુલ્ય કીમીઓ છે. પુરૂષાર્થ એ મનુષ્ય જીવનનો અતી અગત્યનો અને મુખ્ય ભાગ છે. આ જગત એક નિશાળ સમજવાની છે. તેમાં મનુષ્યને ભિન્નભિન્ન પ્રકારના પાઠ ભણીને અનેક જાતની પરીક્ષાઓમાં પસાર થવું પડે છે. અને ઉન્નતિને ઇચ્છનાર તેવી પરીક્ષા પસાર કર્યા પછીજ એકએક પગથીયું ઉંચે ચઢે છે. દ્રઢતાથી પુરૂષાર્થ કરનારને વિજય મળ્યા વગર રહેતો નથી. યુવાન અવસ્થા છતાં "મારામાં શક્તિ નથી, મને કોઇનો આધાર નથી મારાથી શું બની શકશે ?" એવા ના ઉમેદીના વિચારો જે માણસોના મનમાં થાય છે તે માણસો કદી પણ ઉન્નત સ્થીતિ પ્રાપ્ત કરી શકતા નથી. આવી નિરાશાની લાગણી ધરાવનારા માણસોમાંથી કોઈ મહાન નર થયો નથી, અને થઇ શકે પણ નહિ. એ વાત ખરી છે કે આશા ન હોય તો જગતમાં સાહસનાં, મોટાઇનાં, કે અન્ય કાર્યો થઇ શકતાં નથી. શ્રી રામચંદ્રજીએ ધનુષ્ય તોડયું, સમુદ્રપર પુલ બાંધ્યો, અર્જુને મચ્છ વેધ્યો એ સર્વ આશાનું કારણ હતું. પરંતુ આશા મનુષ્યના લક્ષબીંદુ માટે એક નીશાન છે પણ તે આશાને પરિપૂર્ણ કરનાર પુરૂષાર્થ છે.

પુરૂષાર્થ માટે આપણા દેશમાં હાલ જનસમાજની જે પરીસ્થીતિ વિલોકવામાં આવે છે. તેનાથી વિદેશોમાં જૂ ીજ ભાવના રાખવામાં આવે છે. ઇંગ્લંડનું એક બાળક નેલ્સન અથવા વેલીંગ્ટન થવાની કામના ધરાવે છે. ફ્રાન્સનું એક બાળક પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખસ્થાને બીરાજવા પુરૂષાર્થ કરે છે. અમેરીકાનું એક બાળક અબજોપતી થવાને યત્ન કરે છે. જાપાનનું એક બાળક ઇટો થવાને મથે છે. ત્યારે આપણે આપણા પ્રારબ્ધમાં લખ્યું હશે તેમ માની નિરાશાને આધીન થઇએ છીએ.

શ્રી રામચંદ્રજીએ જે નામના મેળવી તે પુરૂષાર્થનુંજ પરીણામ હતું. ઇગ્લંડમાં નેલ્સન એક ખલાસી હતો, તે પુરૂષાર્થથી એટલો પ્રખ્યાત થયો છે કે તેનું પુતળુ ટ્રાફાલ-ગર સ્કેવરમાં ઉભુ કરવામાં આવ્યું છે. નેપોલીયન એક વખતે ઉન્માદ ભરેલો છોકરો હતો. પરંતુ પુરૂષાર્થ વડે તે પોતાના નામને અમર કરી ગયો છે. લોર્ડ હાઇચેન્સેલરને માટે ખુરશી તૈયાર કરનારો સુતાર પુરૂષાર્થવડે લોર્ડ હાઇચેન્સેલર થયો હતો વગેરે અનેક દ્રષ્ટાન્તો છે તે ઉપરથી સીદ્ધ થાય છે કે પુરૂષાર્થવડે મનુષ્ય પોતાની, જનસમાજની, અને દેશની ઉન્નતિ કરી શકે છે. ઇચ્છીત વસ્તુ પ્રાપ્ત કરવા માટે હંમેશાં અમુક સાધનો આપણે કરવાં પડે છે. આ સાધનોની જેવી અસર અને જેટલી તૈયારીઓ હોય છે તેવી અને તેટલીજ ફળ પ્રાપ્તી આપણને ભવિષ્યમાં થાય છે. એ વાત ખરી છે કે મનુષ્ય પોતાના પુરૂષાર્થમાં કદાચ નિષ્ફળ નીવડે છે, પણ તેમાં પોતાની કંઇક ખામી હોય છે. તે ખામી સુધારી ફરી પુરૂષાર્થ કરવો જોઇએ. કરોળીયો વારંવાર કેટલી વખત જાળ બાંધે છે? જ્યાં સુધી તે જીવે છે ત્યાં સુધી તે હાર્યા વગર પોતાની જાળ પાથર્યાજ કરે છે. અમેરીકન કવી લોંગફેલોના

કાવ્યમાં એક દ્રષ્ટાન્ત છે કે પક્ષીનો એક માળો ફરીથી બરાબર ન થાય તેવો છીન્નભિન્ન થયેલો જમીન ઉપર પડેલો મેં જોયો પરંતુ ઉપર નજર કરતાં પક્ષીનું જોડું જરાપણ ઉદાસ ન થતાં ફરી નવો માળો બનાવવાને પુરૂષાર્થ કરતું દેખાયું. મનુષ્યોને બોધ ગ્રહણ કરવા પુરાણમાં એક અલંકારીક કથા છે કે દેવોએ મેરૂ પર્વતનો રવૈયો કરી સમુદ્રનું મંથન કર્યું. ત્યારે હળાહળ ઝેર મળ્યું. છતાં તેઓ નિરાશાને આધીન નહિ થતાં પ્રયાસ ચાલુ રાખ્યો તો છેવટ અમૃત અને લક્ષ્મી પ્રાપ્ત કરવા ફતેહમંદ નિવડ્યા. તે પ્રમાણે મનુષ્યે ઉદ્યોગરૂપી રવૈયાથી જીવન સાગરનું મથન કરવાનું છે. તેમ કરતાં કદાચ નિરાશારૂપ હળાહળ ઝેર મળે તોપણ પુરૂષાર્થ ચાલુ રાખ્યાથી પરીણામે સિદ્ધીરૂપ અમૃત અને સુખરૂપ લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

"પ્રારબ્ધમાં લખ્યું હશે તેમ થશે" એવા નાહિંમતના ઉદ્‌ગારો કહાડી, પુરૂષાર્થ નહિ કરનારાઓ પરમાત્મા તરફથી મળેલા શરીરનો, ઇન્દ્રીયોનો, અને બુદ્ધિનો દુરૂપયોગ કરે છે. પ્રારબ્ધ પુરૂષાર્થ વડેજ સરજાયેલું હોય છે. અને પુરૂષાર્થવડે મનુષ્ય તેમાં ફેરફાર પણ કરી શકે છે. આપણા જન્મ વખતે આપણું આયુષ સુખ, દુઃખ, લાભ, હાની, કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો, તેમની જૂદી જૂદી તાકાતો, તેમનાં જૂદાંજૂદાં કાર્યો વગેરે તમામ બાબતો મુકરર કરવામાં આવતી હોય, અને તેમાં ફેરફાર કરવાની જીવાત્મામાં શક્તિ ન હોય તો પછી એક જીવાત્મામાં, અને એક કપડું વણવાના સંચામાં શું તફાવત હોય તે સમજી શકાતું નથી. પુનર્જન્મના સંસ્કારોને લીધે પ્રારબ્ધ અને આયુષને નકી કરેલી હદમાં લઈને આપણે જન્મીએ છીએ એ વાત ખરી છે પણ જે આયુષરૂપી અમુક મુડી આપણને મળે છે તેનો

સદુપયોગ કરી તેને લંબાત્રવી કે દુરૂપયોગ કરી ટુંકી કરી નાંખવી તેમાં જીવાત્માની ખરેખરી સ્વતંત્રતા છે. પ્રારબ્ધની બાબતમાં પણ તેવુંજ છે. પ્રારબ્ધની સાથે સુખ દુઃખ જોડેલું હોય છે, પણ તે દુઃખ અને મુશીબતમાંથી છુટવાને આપણને દરેક રીતની છુટ છે અને વ્યાજબી પુરૂષાર્થવડે આપણે દુઃખમુક્ત થઇ શકીએ છીએ. અને સુખ પ્રાપ્ત કરી શકીએ છીએ.

श्लोक.

सुखं दुःखान्तमालस्यं दुःखं दाक्ष्यं सुखोदयम्
भूतिस्त्वेवं श्रिया सार्द्धं दक्षे वसति नालसे ॥

અર્થઃ—દુઃખને અંતે સુખ, આલસ્યને અંતે દુઃખ અને ડહાપણને અંતે સુખનો ઉદય થાય છે તેમજ વૈભવ તથા સંપતિ પણ ડાહ્યા પુરૂષોનેજ આવી મળે છે. આળસુઓને નહિ.

अध्याय ४ था.

श्लोक.

धृति क्षमा दमोऽस्तेयं ।
शौचमिन्द्रिय निग्रहः ॥
धीर्विध्या सत्यम क्रोधो ।
दशकं धर्म लक्षणं १

क्षमा वता मयं लोकः परश्चैव क्षमावताम् ।
इह संमान मर्हन्ति परत्र चशुभां गतिम्

અર્થ—ધૈય, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઈન્દ્રિય, નિગ્રહ, બુદ્ધિ, વિદ્યા, સત્ય, અને અક્રોધ આ દસ ધર્મનાં લક્ષણ છે.

(૨) ક્ષમાવાન પુરૂષને આ લોક અને પરલોક બેઉ સુખદાયક છે. તેઓ આ લોકમાં સન્માન :અને પરલોકમાં શુભ ગતિને પામે છે.

ગુરૂ——શ્રી રામચંદ્રજીએ પોતાના બળનો ગર્વ નહિ કરતાં શરણે આવેલા શત્રુને ક્ષમા આપવામાં કેવી ઉદારતા બતાવી હતી ?

શિષ્ય——આપણે જાણીએ છીએ કે સ્વયંવરમાં શ્રી રામચંદ્રજીના હાથે તુટેલું ધનુષ્ય મહાત્મા પરશુરામનું હતું. પરશુરામ જાતે બ્રાહ્મણ હતા છતાં ઘણાજ ક્રોધી અને બહાદુર હતા. તેમણે ઘણા ક્ષત્રીઓનો સંહાર વાળ્યો હતો અને તેથી ક્ષત્રીઓમાં તેમની વીરહાક વાગી હતી.

પિનાક ધનુષ્ય શ્રી રામચંદ્રજીએ ભાગી નાખ્યાની ખબર પરશુરામને મળી, તેથી ક્રોધીત થઇને તેઓ શ્રી રામચંદ્રજી સાથે લડાઈ કરવાને તત્પર થયા. જ્યારે શ્રી રામચંદ્રજી લગ્ન કર્યા પછી સતી સીતા સહીત અયોધ્યા તરફ પ્રયાણ કરતા હતા, ત્યારે રસ્તામાંજ તેઓ આવી પહોંચ્યા. અને ક્રોધયુક્ત સ્વરે કહ્યું કે,—“ મ્હારૂં ધનુષ્ય કોણે ભાગ્યું ?

પરશુરામનો ક્રોધ જોઇ કેટલાક ભીરૂ મનુષ્યો થરથર કંપવા લાગ્યા; પણ શ્રી રામચંદ્રજીએ શાન્ત મુદ્રાથી નીડરપણે ઉત્તર આપ્યો કે,—“ મહારાજ ! તે આ સેવકના હાથે ભાગ્યું છે, પરંતુ તે ઇરાદાપુર્વક ભાગવામાં આવ્યું નથી; માટે આપ ક્ષમા કરો.

પરશુરામે ક્રોધ કરી કહ્યું,–"કોણ હું ક્ષમા કરૂં ? અને તે ત્હારા જેવા એક અપરાધીને ? તું જાણે છે કે હું કોણ છું ? આખી દુનિયા જેના નામથી કંપે છે તે હું પરશુરામ છું. મારા સ્વભાવથી તું અપરીચિત છે. હું અતિ ક્રોધી છું. મારા ક્રોધાગ્નિમાં અસંખ્યાત મનુષ્યો બળી સ્વાહા થયા છે. હું ક્ષત્રીઓનો કટ્ટો વૈરી છું. મેં મારી ભુજાઓના બળથી પૃથ્વીને નિઃક્ષત્રિય કરી હતી, અને તે વખતે મને જે કુહાડાએ મદદ કરી હતી તેજ કુહાડો આજે હું ત્હારા રૂધિરથી તૃપ્ત કર્યા વિના શાન્ત થનાર નથી.

લક્ષ્મણે કહ્યું,—"શુર પુરૂષો યુદ્ધમાં જે કાંઇ કરવાનું હોય તે કરે; પણ કર્યા પહેલાં કહી જણાવે નહિ. આપની સુકીર્ત્તિનું વર્ણન આપના વિના અન્ય કોણ કરી શકે ? પરશુરામજી ! તમારા જેવા એક બ્રાહ્મણે લડવૈયાનું અભિમાન ધરાવી અમારા જેવા ક્ષત્રિયોને કુહાડો બતાવવો એ તો એક વિક્રાળ સીંહને ઘાસનું તરણું બતાવી ડરાવવા જેવું સાહસ છે. આપની જગોએ કોઇ અન્ય ક્ષત્રિયગણ હોત તો તેને યોગ્ય ઉત્તર આપવાનું વધારે અનુકુળ થઇ પડત."

લક્ષ્મણના ઉત્તરથી પરશુરામ વધારે ક્રોધીત થયા. તેથી શ્રી રામચંદ્રજીએ તેમને શાન્ત પાડવા પ્રિયવાણીથી કહ્યું, "ઓ પુજ્ય મુનિશ્વર ! શાન્ત થાઓ ! શાન્ત થાઓ ! જ્યારે હું વિના આનાકાનીથી મ્હારો અપરાધ સ્વીકારવાને તૈયાર થયો છું. ત્યારે આપે ક્ષમા બતાવવામાં વધારે ઉદાર થવું જોઇએ. ધર્મનાં દસ લક્ષણોમાં ક્ષમા એક અગત્યનો વિભાગ છે. અને જે ગુણ બ્રાહ્મણનેમાટે વિશેષ આવકારદાયક છે. તેનો આપનામાં તીરોભાવ જોઇ મને ઘણું આશ્ચર્ય થાય છે."

પરશુરામે ક્રોધમાંજ કહ્યું,–"હે રામ ! હું બ્રાહ્મણ છું પણ મ્હારા સ્વભાવનું વૃતાન્ત સાંભળ ! હું અત્યંત ઘોર

ક્રોધરૂપી અગ્નિની ઉપાસના કરનારો છું. મારી પાસે ધનુષ્યરૂપી સરવો છે, અને બાણોરૂપી આહુતીઓ હોમવાના યંત્રો છે. મારા એ યજ્ઞમાં મેં હજારો શુરવીર ક્ષત્રીઓને આ કુહાડાથી કાપી બળીદાન કરેલું છે, મેં એવા યુદ્ધ યજ્ઞો કરોડોવાર કર્યા છે."

રામચંદ્રજીએ કહ્યું,—"પુજ્યમુનિ! આપનામાં ક્રોધનો આવિર્ભાવ એ તો અમૃતના કળશમાં વિષ ભરી રાખ્યા જેવું છે. માટે ક્રોધને સમાવી કૃપા દર્શાવો."

પરશુરામે કહ્યું,—"ત્હારી મીઠી વાણી, કાલાવાલા, અને ઉપમાઓથી ઠગાઈ હું તને કદી પણ ક્ષમા આપવાનો નથી."

રામચંદ્રજીએ કહ્યું,—"મેં મ્હારી ફરજ બજાવવા કહેવું ઘટે તે કહ્યું, જ્યારે આપ બ્રાહ્મણ ધર્મ છોડી દ્યો છો, ત્યારે હું આપની સામે યુદ્ધ કરવાને તૈયાર છું."

યુદ્ધની શરૂઆત થઇ. રામચંદ્રજીએ પ્રથમ પ્રહાર કર્યો નહિ. પરશુરામે બાણ વર્ષાવવાની શરૂઆત કરી. કેટલોક વખત યુદ્ધ ચાલ્યા પછી, જ્યારે પરશુરામને શ્રીરામચંદ્રજીના અતુલ પરાક્રમની દ્રઢ ખાત્રી થઇ ત્યારે, તત્કાળ તેમણે સંધીનો વિચાર જાહેર કરી બાણ નીચે ફેંક્યાં અને ક્રોધ શાન્ત થયા પછી તેઓ શ્રીરામચંદ્રજીના શરણે આવ્યા. શ્રીરામચંદ્રજી તેમને અત્યંત વ્હાલથી ભેટ્યા. તેમની બહાદુરીનાં વખાણ કર્યાં, અને ક્ષમા ભાવ દર્શાવ્યો, અનેક ક્ષત્રિયોનો સંહાર વાળનાર, અને ઘણી રીતે સમજાવ્યા છતાં, શ્રીરામનું અપમાન કરી યુદ્ધનો આરંભ કરનાર પરશુરામનો સખ્ત બદલો લેવાની આ વખતે તક હતી તેથી કેટલાક ક્ષત્રિઓએ શ્રી રામચંદ્રજીને ઉશ્કેરવા યત્ન કર્યો. પરંતુ શસ્ત્ર છોડી દઇ શરણે આવનારને અભયદાન આપવું એ ક્ષત્રીઓનું કર્તવ્ય

હોવાથી નીતિ નિપૂણુ શ્રીરામચંદ્રજીએ પરશુરામજીને સર્વથા ક્ષમા આપી આદરસત્કાર કર્યો.

ગુરૂ—શિષ્ય ! જે સંપૂર્ણતાને આપણે ઇશ્વર કહીએ છીએ, તેના મહાન ગૂણોનું અવલંબન ન્યાય, અને ક્ષમા છે. રાક્ષસોનું બળ રાખી ન્યાયથી અને વીનિતપણે તેનો ઉપયોગ કરનારજ મહાન કહેવાય છે. જેનામાં વૈર લેવાની શક્તિ છતાં જે તેનો ઉપયોગ કરતો નથી. તેજ મહાપુરૂષ છે. સૂર્યનામાં મહાન અગ્નિ છતાં તે આખા મુલકને બાળી નાખતો નથી. સમુદ્રમાં હદ વગરનું જળ છતાં તેની મર્યાદા છોડી તે મુલકને ડુબાવી દેતો નથી. બળની બાબતમાં શ્રી રામચંદ્રજી અને પરશુરામ વચ્ચે ભેદ એટલોજ હતો કે પરશુરામ બળવાન હતા પણ બળને આધીન હતા તેથી ક્રોધને કાબુમાં રાખી શકતા નહતા. અને શ્રીરામચંદ્રજી બળવાન હતા પણ બળ તેમને આધીન હતું તેથી ક્રોધને કાબુમાં રાખવા શક્તિમાન હતા. તેઓ લડાઇ કરતાં સુલેહને વધારે ચાહતા. તે પ્રમાણે મનુષ્યનો ધર્મ છે કે આપસ આપસમાં ઉભી થયેલી ગેર સમજુતીનો બનતાં સુધી ન્યાય અને ક્ષમાની રીત્યે સુલેહપુર્વક ફડચો આણવો. લડાઇ એ તો છેવટનોજ ઇલાજ છે. આપણી પાસે જે બળ હોય તે નિર્બળોનો ભોગ લેવા માટે હોવું જોઇએ નહિ પણ જરૂર પડે તેનો સદુપયોગ કરવા માટેજ હોવું જોઇએ.

श्लोक.

यस्तु क्रोधं समुत्पन्नं प्रज्ञया प्रतिबोधते ।
तेजस्विनं तं विद्वांसो मन्यते तत्वदर्शिनः ॥

અર્થ:—જે પુરૂષ ઉત્પન્ન થયેલા ક્રોધને બુદ્ધિવડે સમાવી દે છે, તેનેજ તત્વદર્શી વિદ્વાન પુરૂષો તેજસ્વિ માને છે.

अध्याय ५ मो.

श्लोक.

यमर्थ सिद्धिः परमान हर्षये ।
तथैव काले व्यसनं न मोहयेत् ॥
सुखं च दुःखं च तथैव मध्यमं ।
निषेवते यः स धुरंधरो नरः ॥ १ ॥
विपत्तिष्व व्यथो दक्षो ।
नित्य मुत्थान वान्नरः ॥
अप्रमत्तो विनीतात्मा ।
नित्यं भद्राणि पश्यतिः ॥ २ ॥
न नित्यं लभते दुःखं ।
न नित्यं लभते सुखं ॥
शरीर मेवा यतनं ।
दुःखस्य च सुखस्य च ॥ ३ ॥

અર્થ:—ઘણા અર્થના લાભથી જે રાજી થતો નથી, જે દુ:ખના કાળમાં પણ મુંઝાઈ જતો નથી, જે નિશ્ચલ ચિત્તે સુખનો, દુ:ખનો, અને સુખ દુ:ખની મિશ્રિત અવસ્થાનો ભોગ કરે છે તે સર્વોતમ છે. (૨) જે વિપત્ કાલમાં વ્યથિત થતો નથી. જે કર્મમાં દક્ષ અને સદા ઉદ્યોગી રહે છે. પ્રમાદ રહિત તથા વિનીત સ્વભાવથી રહે છે તે સર્વદા સારૂંજ દેખે છે. (૩) નિરંતર દુ:ખ હોતું નથી. તેમ નિરંતર સુખ પણ મળતું નથી. શરીર સુખ અને દુ:ખ એ બંન્નેનું સ્થાનજ છે.

ગુરૂ—સુખ અને દુઃખ ઉભય પ્રસંગે મનોનિગ્રહથી સમાન ભાવ ધારણ કરવામાં શ્રી રામચંદ્રજીએ કેવી દ્રઢતા બતાવી હતી ?

શિષ્ય—જ્યારે શ્રી રામચંદ્રજીના સદ્‌ગુણોથી પ્રજા પ્રસન્ન થઇ હતી, અને તેમના પિતા દશરથ દિનપર દિન વૃદ્ધ થતા જણાતા હતા, ત્યારે પોતાની હયાતીમાંજ યુવરાજ્યાભિષેક કરવાનું પ્રજા કલ્યાણાર્થે દશરથ રાજે ઉચિત ધાર્યું. અને મંત્રી સભાની સંમતિથી રાજ સભાનું અધિવેશન કરવા આજ્ઞા કરી. રાજા દશરથ પોતાના વખતમાં સર્વોપરિ સમ્રાટ્ હતા, જેમની નીચે અનેક પાસેના અને દુરના રાજાઓ હતા. તે રાજાઓ, તથા દૂર દૂરના નગરો અને દેશમાંથી પ્રજાના મુખ્ય મુખ્ય પુરૂષની એ બાબતમાં સંમતિ મેળવવા તેમને એકત્ર કરી પૂછ્યું કે,—" આપ સર્વેને એ તો ખબરજ છે કે મારૂં રાજ્ય કેવું ઉત્તમ છે, અને મ્હારા પૂર્વજોએ પ્રજાનું કેવી રીત્યે પુત્રવત્ પાલન કર્યું છે. જે આ મારા રાજ્યને ઇક્ષ્વાકુવંશી રાજાઓએ રૂડી રીતે પ્રતિપાલન કરી ટકાવી રાખ્યું છે. તેને હું હવે એક વધુ શ્રેયદાયક વ્યક્તિ સાથે જોડી દેવા ચાહુ છું. કારણ કે પ્રજાનું હિત સાધતાં, શ્વેત રાજછત્ર નીચે મારૂં શરીર હવે વૃદ્ધ થઇ ગયું છે. મ્હારો જેષ્ટ પુત્ર રામ મારા સર્વ ગુણોનું જાણે પૂતળું બનેલો છે, તેને આવતી કાલે પ્રાતઃકાળે યુવરાજ નિયુક્ત કરવા ચાહું છું. અર્થાત તેની સાથે આ પૃથ્વીને જોડી તેને રાજ્યાભિષેક કરવા ચાહું છું. આપ સર્વે મ્હારા કથનનું અનુમોદન કરો, અથવા તો બતાવો કે અમારે આ વિષયમાં બીજું શું કરવું જોઇએ ! આપ મધ્યસ્થ, રાગદ્વેષરહિત પુરૂષોનો જે બીજો વિચાર હશે તે વાદાનુવાદ દ્વારા નિશ્ચિત થયેલો હોવાથી અવશ્ય અધિકતર પ્રકાશયુક્ત થશે."

રાજાઓ, નગર વાસીઓ, સભાસ્થ બ્રાહ્મણો તથા ગ્રામ વાસિયોએ પરસ્પર સંમતિ મેળવી ઉત્તર આપ્યો કે,–"મહારાજ ! અમારી પણ એજ ઈચ્છા છે કે અમો મહાબાહુ, મહાબલી, રઘુવીર રામના મુખને રાજછત્રથી આવૃત તથા તેમને મોટા હાથી પર સ્વારી કરતાં જોઇએ."

સ્વેચ્છાનુસાર રાજસભા–મહાજન–ની સંતોષજનક વાત સાંભળી દશરથરાજ પ્રસન્ન થયા. રાજ્યાભિષેકની તૈયારી થવા લાગી. રાજ્યાભિષેક યજ્ઞ સારૂ વસિષ્ટજીએ વ્રત ધારણ કરવાની શ્રીરામને આજ્ઞા કરી. તેથી શ્રીરામ, સીતા વિધિવત્ સ્નાન અને અગ્નિહોત્ર કરી કુશાસન પર બેસી સ્વકલ્યાણ સારૂ અંતર્યામી પરમાત્માનું ધ્યાન ધરવા લાગ્યા.

આજે અયોધ્યાના આનંદની સીમા નહતી, પરંતુ શ્રી રામચંદ્રજી આ બનાવથી યત્કીંચિત્ ફુલાયા નહતા. પિતાની આજ્ઞા સાંભળી માત્ર એટલોજ ઉચ્ચાર કર્યો હતો કે "પિતાની આજ્ઞા મ્હારે શીરોવંધ છે."

શ્રી રામચંદ્રજીની શાવકી માતા અને રાજા દશરથની માનીતિ રાણી કૈકેયી કે જેણે દેવાસુર સંગ્રામમાં દશરથરાજ શમ્બરના પ્રહારથી અચેત થઈ પડ્યા ત્યારે રક્ષા કરી તેમના પ્રાણ બચાવ્યા હતા, અને બદલામાં બે વચન માગી લીધાં હતાં. તે મંથરા દાસીની શીખવણીથી તે પ્રસંગનું સ્મરણ કરાવી રાજા દશરથને કહ્યું કે,–"રામને બદલે ભરતને યુવરાજપદ આપવું, અને રામે ચૌદ વર્ષ સુધી દંડકારણ્યમાં જઈ વલ્કલ તથા મૃગચર્મ ધારણ કરી રહેવું."

કૈકેયીનાં વચન સાંભળી દશરથે ક્રુદ્ધ થઇ પરિતાપ કર્યો, એકદમ મૂર્છા પામ્યા, પ્રજામાં ત્રાસ પ્રવર્ત્યો. અંતઃપુરમાં કલપાન્ત શરૂ થયો, પણ જ્યારે શ્રી રામચંદ્રજીએ આ દુઃખદ

સમાચાર શ્રવણ કર્યાં ત્યારે તેમને એક રતીમાત્ર શોક થયો નહતો તેમણે એટલોજ ઉત્તર આપ્યો હતો કે "પિતાની આજ્ઞા મ્હારે શીરોવંદ્ય છે."

યુવરાજપદ મળવાનું છે એવી ખબર સાંભળી શ્રીરામચંદ્રજી હર્ષઘેલા થયા નહતા, તેમજ વનવાસની ખબર સાંભળીને શોકાતુર થયા ન હતા, પૃથ્વીનું રાજ્ય છોડવાવાળા રામના ચિત્તમાં એક જીવન મુક્ત પુરૂષની માફક કંઇપણ વિકાર થયો નહતો. તેમના મોટા મોટા શ્રીમાન મિત્રોએ પણ સત્યવાદી, એક વચની રામના ચહેરાપર કંઈ શોકચિન્હો જોયાં ન હતાં. એ તેમની સુખદુ:ખ પ્રત્યેની સમદ્રષ્ટિ સુચવે છે.

ગુરૂ—ધન્ય છે તે રામને કે જેને, કયાં તે યુવરાજ પદવીનો પ્રાપ્તિ અને કયાં તે વનવાસની આજ્ઞાનાં વચનો કે જે અત્યંત અપ્રિય, મિત્રનો વધ કરવાવાળાં, અને મરણ કલેશ સમ દુ:ખ પહોચાડવાવાળાં હતાં છતાં રજપણ શોક થયો નહિ. પૃથ્વીનાં રાજ્યને તૃણવત સમજવાવાળા પુરૂષ શિવાય બીજા કોની આવી અદ્દભુત શક્તિ હોઇ શકે ? સંસારના ઇતિહાસમાં આવી ધીરતાનું એકપણ બીજું દ્રષ્ટાન્ત મળી શકતું નથી. કેમકે સુખ અને દુ:ખને સરખાં માની તે પ્રત્યે સમાનભાવ ધારણ કરવો એ સાધારણ મનુષ્યને માટે ઘણું મુસ્કેલ કામ છે. શ્રી રામચંદ્રજીમાં મહાનપણાના જે ગૂણો હતા તેમાં આ ગૂણ અગત્યનો ભાવ ભજવે છે. ખરેખાત માયાની મોહિની મૂર્ત્તિ, સુખનું ઉજવલ ચિત્ર, અને ભોગ સુખની કામના, એ સઘળાંને શ્રી રામચંદ્રજીએ તુચ્છ ગણીને પોતાના મનની દ્રઢતા બતાવી આપી છે. જેઓ ઐશ્વર્યથી ફુલાતા નથી, દુ:ખથી મુઝાતા નથી, સુખ અને દુ:ખ ઉભય પ્રસંગે જેમનું મન:સ્થીર અને પ્રસન્ન રહે છે તેઓજ ખરાં બહાદુર ગણાવા

જોઇએ. માટે મનુષ્યે પોતાના મનને હમેશાં એવી રીત્યે રાખવું જોઇએ કે જેથી તે સઘળી હાલતમાં પ્રસન્ન રહે. આનંદનો સારી રીત્યે અનુભવ કરવાને માટેજ દુઃખની સૃષ્ટિ છે. દુસ્તર સમુદ્રની સપાટીપર અનેક બોયાં તરતાં નજરે પડે છે. એ બોયાંઓ મોટા મોજાંઓની ઝપટથી અથવા તોફાની વાવાજોડાથી ડુબી જતાં નથી. સઘળા સમયમાં સઘળી હરકતો અને વિઘ્નોને તુચ્છ ગણીને તેઓ તરતાંજ દેખાય છે. મોજાઓની સાથે નાચતાં નાચતાં પોતાનું કાર્ય કરે છે. તે પ્રમાણે આપણે પણ દુઃખથી અને વિઘ્નોથી ન ગભરાતાં અવસ્થારૂપી સમુદ્રપર હૃદયને તરતુ રાખી કાર્ય સીદ્ધિ માટે પ્રયાસ જારી રાખવો જોઇએ. એ વાત ખરી છે કે જીંદગીની ઘટનાના પ્રવાહમાં દુઃખના બનાવો સ્વાભાવિક છે. પરન્તુ સામાન્ય નજરે જોતાં જે અગવડભરેલું લાગે છે. તેજ વળી સારી સગવડના રૂપમાં બદલાઇ જાય છે. નબળા મનનો માણુસ દુઃખની અંદર મુંઝાય છે, અને સુખની અંદર ઉન્મત થાય છે. માટે જ્યારે આપણે સુખી હોઇએ ત્યારે ફુલાઈ ન જતાં દુઃખમાં રીબાતા મનુષ્યોની સંભાળ લેવી જોઇએ. અને જ્યારે આપણા ઉપર દુઃખ આવી પડે ત્યારે ધૈર્ય ધારણ કરી સુખ અને દુઃખ સરખાં માની કુવામાં ફરતી ઘટમાળ, સૂર્યનો અસ્તોદય, વાદળાંનું આવાગમન, રૂતુઓના ફેરફાર અને ગરમી શરદીના નિયમો ધ્યાનમાં રાખી બીલકુલ શોક કરવો જોઇએ નહિ. જ્યારે દુઃખ આવી પડે ત્યારે દુઃખના કારણને જે સોધે છે, તેને માલુમ પડે છે કે દુઃખની અંદર પણ સુખ સમાયેલું હોય છે. દુઃખ સુખનો અનુભવ કરવાને માટેજ છે. માટે દુઃખનો સત્કાર કરવો જોઇએ. દુઃખ ખમવું પડે તે કદી પણ નકામું જતું નથી. મનુષ્યને ધૈર્યવાન અને હિંમતવાન બનાવવાને માટે દુઃખજ

અકસીર ઈલાજ છે. આ દુનિયા એક નિશાળ જેવી છે. તેની અંદર દુઃખ સહન કરીને, મહેનત કરીને, પુરૂષાર્થવડેજ મનુષ્ય એક એક પગથીયું ચઢે છે. માટે સુખ દુઃખ પ્રત્યે સમાનભાવ રાખવાને મનુષ્યે પોતાના મનને મજબૂત બનાવવું જોઇએ. નાનાં નાનાં વિઘ્નોથી જેઓ મુંઝાઈ જાય, ઐશ્વર્યમાં ફુલાઇને પોતાનું ભાન ભૂલી જાય, પવનની ગતિની માફક જેઓના વિચાર ફર્યા કરે, અને દરિદ્રતામાં જેઓ સુસ્ત થઈ જાય તેઓ જગતને ઉપયોગી થવાને લાયક નથી. અલ્પબુદ્ધિવાળો, અલ્પ ધનવાળો અને દુર્બળ દેહવાળો માણસ સારો, પણ નિર્બળ મનવાળો માણસ કંઇ કામનો નથી.

(૨) બીજી એક બાબત આ વિષયમાંથી એ ગ્રહણ કરવાની છે કે હાલના સુધરેલા રાજ્ય બંધારણની પેઠે પ્રાચિન રાજાઓની સત્તા પણ અનિયંત્રિત નહતી. રાજ્યાભિષેક જેવાં કાર્યોમાં પણ તેમને પ્રજા સંમતિ લેવી પડતી. જે રાજકુમાર રાજશાસન કર્તાના પદને યોગ્ય ગુણ ધરાવતો નહોય તે રાજા બની શકતો નહતો. રાજ્યકાર્યને માટે મંત્રી સભા નિયત હતી. મોટા રાજકિય વિષયોના નિર્ણય સારૂ એક વિશેષ રાજસભા પણ સ્થાપિત થયેલી હતી. વાદાનુવાદદ્વારા ચર્ચાઇ નિશ્ચિત થનારી બાબતને અધિકતર પ્રકાશયુક્ત માનવામાં આવતી.

(૩) ત્રીજી બાબત આ વિષયમાંથી એ ગ્રહણ કરવાની છે કે, મનુષ્યના એક શબ્દની કિંમત અતુલ્ય છે. કેટલાક એમ સમજે છે કે જરા જીભ હલાવવી તેમાં શું ? બોલતી વખતે કાંઈ બોજ તાણવો પડે છે કે ખર્ચ કરવું પડે છે ? તેમ કહેનારાઓ ખરેખાત ભૂલ કરે છે જે માણસો પોતાની કિંમતને જાણતા નથી, તેજ પોતાના શબ્દની કિંમતને સમજતા નથી. મનુષ્યનો જેમ જેમ દરજ્જો વધતો

જાય છે, તેમ તેમ તેને પોતાના બોલને ઘણોજ જાળવી રાખવો પડે છે. અને પૂર્ણ વિચાર કર્યા પછીજ તેને બહાર નિકળવા દેવો પડે છે. કારણકે મોટા માણસના એક શબ્દમાં વખતે જંગલમાં ભટકતો ભીખારી રીદ્ધિ સીદ્ધિનો ભોક્તા થાય છે, અને એક શબ્દમાંજ રીદ્ધિ સીદ્ધિ ભોગવનાર એક વસ્ત્રને માટે ફાંફાં મારતો થઈ પડે છે. એ મનુષ્યના શબ્દની કિંમત છે. પ્રત્યક્ષ વસ્તુ આપવા કરતાં વચન આપવાની મનુષ્યે બહુજ સંભાળ રાખવી જોઇએ. વચન આપવાની ઇચ્છા રાખનારાએ નીચેની બાબતોના ઉત્તર દીર્ઘવિચાર પછી પોતાના હૃદય પાસેથી મેળવવા જોઇએ. (૧) મ્હારે વચન આપવાની જરૂર છે કે કેમ ? (૨) હું કઇ વસ્તુ અદા કરવાને વચન આપુંછું ? (૩) તે મ્હારે કયારે અદા કરવું પડશે ? (૪) તે જ્યારે અદા કરવાનું હોય ત્યારે તે અદા કરવાને હું શક્ત હઈશ કે નહિ ? (૫) હું જેને વચન આપુંછું તે સુપાત્ર છે કે નહિ. આટલી બાબતોના જવાબ હકારમાં મળે તોજ વચન આપવું જોઇએ અને તેનો એક પણ જવાબ નકારમાં મળે તો કદી પણ વચન આપવું નહિ. કારણ કે અનિયમીત અને ગર્ભીત વચનો આપવાથી કાંતો તે વચનની કિંમત ઘટે છે અને કાંતો તે આપનારની પાયમાલી થાય છે. તેને માટે દશરથરાજનો દ્રષ્ટાન્ત મનુષ્ય માત્રને શિક્ષણીય છે. તેણે પોતાની રાણીને આપેલું વચન અનિયમિત અને ગર્ભીત હતું તે ભૂલના પરિણામેજ પોતાના વ્હાલામાં વ્હાલા, કેળવાયેલા, અને લોકપ્રિય થયેલા, પુત્રને યુવરાજપદ આપવાની તૈયારીમાંથી જંગલમાં મોકલી દેવા ફરજ પડી. જેને માટે તેમણે સંપૂર્ણ પશ્ચાતાપ કર્યો. અને તેનું પરિણામ તેમના મૃત્યુમાં આવ્યું. માટે મનુષ્યે વચન આપતાં પહેલાં સંપૂર્ણ વિચાર કરવો જોઇએ. અને વચન

આપ્યા પછી તે અદા કરવાને કદી પાછા હઠવું જોઇએ નહિ." જુઓ રાજા દશરથે પોતાનો પ્રાણ ગુમાવ્યો, પોતાના પુત્રને વનમાં મોકલ્યો. પ્રજાનો ત્રાસ અને કળકળાટ સહન કર્યો. પણ હું વચન નહિ પાળું એવો સ્વપ્નમાં પણ વિચાર કર્યો નહિ એ બીના તેમના વચનની અમુલ્યતા બતાવે છે. પ્રત્યેક મનુષ્યે તે પ્રમાણે પોતાના વચનને કિંમતી બનાવવું જોઇએ.

(૪) ચોથી બાબત આ વિષયમાં સોબતને લગતી છે. અને તે પણ તમારે ધ્યાનમાં રાખવા જેવી છે. તમને કદાચ એમ લાગતું હશે કે શ્રી રામચંદ્રને માટે રાજા દશરથનું સમગ્ર કુટુંબ, અને અયોધ્યાની સમગ્ર પ્રજા પ્રાણ પાથરતી હતી છતાં કૈકેયીએ શ્રી રામચંદ્રજી ઉપર આવું સંકટ શા માટે વરસાવ્યું હશે ? પણ તેનું કારણ તપાસતાં એ જણાઇ આવે છે કે તેને મંથરા નામની નીચ દાસીની સોબત હતી, કહેવત છે કે " સોબત તેવી અસર " તેટલાજ માટે આપણાં ધર્મશાસ્ત્રો સત્સંગ કરવાની આજ્ઞા કરે છે. મનુષ્યનું મન સોબત પ્રમાણે ઘડાય છે. પોપટ જેવા પક્ષીઓ ઉપર પણ સોબતની અસર થયાના સેંકડો દાખલા આપણે અનુભવીએ છીએ. જેવો સંગ તેવો રંગ એ કહેવત અર્થસુચક છે. સંગ પ્રમાણેજ મનુષ્યનું હ્રદય કમળ રંગાય છે. બુદ્ધિના અંકુરો જ્ઞાનરૂપી જળથી ફુટે છે પણ આસપાસની સોબતનું વાતાવરણ તેને જેવી અસર કરે છે તેવાં તેમાંથી ફળ નીકળે છે. ઘરનાં માણસોમાં દુરાચરણ હોય તો તેની સંતતીમાં તેવાંજ લક્ષણ ઘડાય છે. તેનું કારણ સોબત છે. નિશાળનો મહેતાજી જેવા આચાર વિચાર ધરાવતો હોય તેની વિદ્યાર્થીઓ ઉપર તેવીજ અસર થવાનો ભય તેટલા માટેજ રાખવામાં આવે છે. રાજાએ પોતાની પાસે રાખવાના હજુરીયા, અને રાણી-

ઓએ પોતાની પાસે રાખવાની દાસીઓ, બને ત્યાં સુધી કેળવાયેલાં, સારા સ્વભાવનાં, સદાચ.રી, અને સારા વાતાવરણમાં ઉછરેલાં હોય તેવાં પસંદ કરવાને નીતિશાસ્ત્રમાં તે કારણથીજ ફરમાવેલું છે, કેમકે તેમની સોબતની અસર રાજકુટુંબમાં થાય છે, કે જે પ્રમાણે કૈકેયી રાણી ઉપર મંથરા દાસીના નીચ વિચારોની અસર થવા પામી હતી.

નિરંતર ઇશ્વરની સ્તુતિ, પ્રાર્થના, અને ઉપાસના કરવા માટે તથા ધર્મનાં અને નીતિનાં પુસ્તકો વાંચવા માટે તથા સારા વિદ્વાનોનો ઉપદેશ સાંભળવાને માટે વારંવાર જે ભલામણ કરવામાં આવે છે તેનું સત્ય કારણ સત્સંગ અને સારા સંસ્કારો માટે છે. કારણ કે તેવા ગ્રન્થોના સહવાસમાં ઇશ્વર પ્રત્યેની નિર્મળ ઉપાસનામાં, અને સારા વિદ્વાનોની સોબતમાં આપણા આચાર વિચારો પ્રતિક્ષણે સુધરતા જાય છે. આપણી બુદ્ધિ, અને મેળવેલું જ્ઞાન સદ્વર્તન મારફતે જનસમાજના કલ્યાણ માટે ઉપયોગી થઈ પડે છે. માટે સોબત સારી રાખો અને નઠારી સોબતથી હંમેશ દુર રહો.

श्लोक.

मत्या परीक्ष्य मेधावी बृद्धया संपाद्य चासकृत् ।
श्रुत्वा दृष्ट्वाथ विज्ञाय प्राज्ञैमैत्रीं समाचरेत् ॥
कृतज्ञं धार्मिकं सत्यम क्षुद्रं दृढ भक्तिकम् ।
जितेन्द्रिय स्थितं स्थित्यां मित्र मत्यागि चेष्यते

અર્થ—ડાહ્યો મનુષ્ય યુક્તિવડે પરીક્ષા કરીને બુદ્ધિ વડે વારંવાર યોગ્યતાનો નિશ્ચય કરીને તથા જોઇને, સાંભળીને અને વધારે ખાત્રી કરીને જે મનુષ્ય બુદ્ધિવાન માલુમ પડે તેની સાથે મિત્રતા કરે છે.

(૨) કરેલા ઉપકારને જાણનારો, ધાર્મીક, સત્યવાદી, ઉદાર, દ્રઢપ્રીતિયાળો, જીતેન્દ્રિય, મર્યાદાવાળો, દુ:ખમાં પણ ત્યાગ ન કરે તેવો મિત્ર કરવો યોગ્ય છે.

अध्याय ६ ट्ठो.

श्लोक.

मातरं पितरं चैव । साक्षात् प्रत्यक्ष देवता ॥
मत्वा गृही निषेवेत । सदा सर्व्व प्रयत्न तः ॥१॥
एके नापि सुवृक्षेण पुष्पिते न सुगन्धिना ।
वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं यथा ॥

અર્થ:—ગૃહસ્થ મનુષ્યે પિતા અને માતાને સાક્ષાત્ પ્રત્યક્ષ દેવતા સ્વરૂપ જાણીને સર્વ પ્રયત્નથી સર્વદા તેઓની સેવા કરવી (૨) જેમ પુષ્પ અને સુગંધયુક્ત એક પણ સારૂં વૃક્ષ હોય તો સર્વ વન સુગંધવાળું થઇ જાય છે, તેમ એક પણ સારા પુત્રથી આખુ કુળ કીર્તિવાન થાય છે.

ગુરૂ—શ્રી રામચંદ્રજી માતા પિતાની આજ્ઞા પાળવામાં કેવા વફાદાર હતા?

શિષ્ય—જ્યારે શ્રીરામચંદ્રજીને ખબર મળી કે "શાવકી માતા કૈકેયીએ મને વનવાસ ભોગવવા અને ભરતને યુવરાજ પદ આપવા રાજા પાસેથી વચન મેળવ્યાં છે અને તે વચનનું પાલન કરતાં તેમને ધર્મ સંકટ આવી પડયું છે. ત્યારે તેઓ તત્કાળ રાણી કૈકેયીના મહેલમાં પોતાના પિતાની પાસે આવી પહોંચ્યા. આ વખતે રાજા દશરથ પૂર્ણ પશ્ચાતાપ

કરતા, નિઃશ્વાસ નાખતા મૂર્ચ્છાવસ્થામાં બેભાન પડેલા હતા. સર્વત્ર શોકની છાયા પ્રસરાયેલી હતી; તેથી શ્રીરામચંદ્રજીએ માતા કૈકેયીને હાથ જોડી પૂછ્યું,—“ પુજ્યમાતા ! આટલા બધા દુઃખનું અને શોકનું કારણ શું છે ?

કૈકેયીએ કહ્યું,—“ જો તમે પ્રતિજ્ઞા કરો કે પિતૃપ્રતિંજ્ઞાનું તમે સર્વથા રેક્ષણ કરશો તો હું તમને એનું કારણ બતાવું.

શ્રીરામચંદ્રજીએ કહ્યું,—“ હે દેવી ! આપ એવાં વચન મારા સંબંધમાં કેમ ઉચ્ચારી શકો છો ? હું મ્હારા પિતાની આજ્ઞા મ્હારા પ્રાણુ કરતાં પણ અધિકતાથી પાળવાને તૈયાર છું. એટલુંજ નહિ પરંતુ આપની આજ્ઞાને પણ આધીન છું. માતા પિતાની આજ્ઞાનું પાલન કરવામાંજ હું મ્હારૂં કલ્યાણ અને મ્હારો મોક્ષ માનું છું. દુનિયામાં મ્હારા માટે એવું એક પણ સુખ અને સુભાગ્ય નથી કે જેટલું સુખ અને સુભાગ્ય માતા પિતાની આજ્ઞાનું પાલન કરવામાં મને પ્રાપ્ત થતું હોય.

કૈકેયીએ કહ્યું—જો તમે તમારા પિતાની પ્રતિજ્ઞા સાચી કરવા ચાહતા હો, તથા પોતાની પણ સત્ય પ્રતિજ્ઞા સિદ્ધ કરવા ઇચ્છા રાખતા હો તો અભિષેકને છોડી, વલ્કલવસ્ત્ર યા ચર્મ ઓઢી, જટા ધારણ કરી, ચૌદ વર્ષ સુધી દણ્ડકારણ્યનો આશ્રય લ્યો, અને અયોધ્યાનું રાજ્ય મારા પુત્ર ભરતને કરવા દો.

શ્રીરામચંદ્રજીએ શાન્ત મુદ્રાથી કહ્યું,—“ અરે ! પણુ તેમાં શોકનું કારણ શું છે ? એક ક્ષત્રિરાજાએ પોતાનું વચન પાળવામાં સર્વસ્વનો ભોગ આપવો પડે તો તે આપીને પણ વચન પાળવું જોઇએ. ત્યારે આમાં તો કોઇનો ભોગ આપવો પડે તેમ છેજ નહિ, કારણુ કે રાજ્ય ચલાવવાની સૌથી

વધારે જોખમદારી ભરેલી ફરજ મ્હારા શીર ઉપરથી દૂર થાય છે. અને યુવરાજ પદ બીજા કોઇને નહિ, પણ મ્હારા પ્રાણ સ્વરૂપ ભરત જેવા ધર્મીષ્ટ, નીતિજ્ઞ અને ગુણજ્ઞબંધુને મળે છે. તેના કરતાં મ્હારે બીજો હર્ષનો પ્રસંગ કયો હોઇ શકે ? માતા પિતાની આજ્ઞાનું પાલન કરવામાં મ્હારે વનવાસ ભોગવવો તો કાંઈ મુશ્કેલ નથી, પરંતુ જો આજ્ઞા આપવામાં આવે તો સળગતો દાવાનળ ભોગવવાને પણ તૈયાર છું. પિતાના હુકમથી હું ઝેર પી શકું છું. પર્વત ઉપરથી પડી શકું છું. સમુદ્રમાં કુદકો મારી શકું છું. અને મ્હારો પ્રાણ પણ આપી શકું છું. દુનિયામાં એવી એક પણ શક્તિ કે સત્તા હયાતિ ભોગવતી નથી કે જે પિતાની આજ્ઞાનું પાલન કરવામાં મને દુ:ખરૂપ થઇ શકે.

કૈકેયીએ કહ્યું,—" હે રામ ! જ્યાં સુધી તમે વનમાં જશો નહિ ત્યાં સુધી રાજા સ્નાન કે ભોજન કાંઇ કરશે નહિ.

ઉક્ત વચન સાંભળી મહારાજા દશરથ,–"ધિક !" કહી પાછા મૂર્છિત થઇ પડયા.

શ્રીરામચંદ્રજીએ તેમને ઉઠાડી પલંગપર સૂવાડયા અને તેમની શુદ્ધિમાં આવવાની વાટ જોવા લાગ્યા; પણ કૈકેયી તેમને પુનઃ વનમાં જવા માટે ઉતાવળ કરવા લાગી.

શ્રી રામચંદ્રજીએ કહ્યું,–" હે દેવી ! હું અર્થ લોલુપ નથી. વિમલ ધર્મની મર્યાદાને સમજુ છું. પિતાની શુશ્રૂષા અને તેમનાં વચનનું પાલન કરવું એ મારો પરમ ધર્મ છે. યદ્યપિ પિતાજીએ મને સ્વતઃ કહ્યું નથી છતાં હું આપનાં વચનથી જવા તૈયાર છું. હું માતા કૌશલ્યા તથા સીતાને મળી સત્વર પ્રયાણ કરીશ. આપ ભરત રાજ્યની પાલના અને પિતાની શુશ્રૂષા સારી કરે એવાં પ્રયત્ન કરશો.

શ્રી રામનાં ઉક્ત વચનો પણ દશરથે સાંભળ્યાં અને ઉચ્ચ સ્વરથી રડી ઉઠયા; પરંતુ પાછા મૂર્છિત થઈ ગયા અને બોલી ન શકયા.

રામચંદ્રજી માતા કૈકેયી અને પિતાનાં ચરણને સ્પર્શ કરી, તેમની પ્રદક્ષિણા ફરી, રાજદ્વારપર આવ્યા ત્યાં જનસમુહ એકત્રિત થયો હતો. સર્વને મધુર મુખડે પ્રણામ કરી મહેલમાં દાખલ થયા.

ગુરૂ—વ્હાલા શિષ્ય ! આજ્ઞા પાલનપણું એ માણસનો મહાન સદ્‌ગુણ છે. માબાપને હમેશાં પુજ્યભાવથી માન આપવું, અને તેમની આજ્ઞાનું પાલન કરવું એ આપણો ધર્મ છે. કારણકે માબાપ આપણને પાળીપોષીને મ્હોટા કરે છે અને અનેક ભય દુઃખ અને રોગમાંથી આપણું રક્ષણ કરે છે. અને તેમ કરવામાં માબાપ અનેક પ્રકારનાં દુઃખ અને શ્રમ ઉઠાવે છે. આપણે આપણી જીંદગી સુખરૂપ ગુજારી શકીએ તેને માટે અનહદ પ્રયત્ન અને ખર્ચ કરી, આપણને કેળવણી આપી લાયક બનાવે છે તે ઉપકારોનો બદલો તેમની સેવા કરીને વાળવા માટે પુત્રનું સો વર્ષનું આયુષ પણ કાંઇ વિસાતમાં નથી. માતાપિતાની સેવા કરવાના પ્રકારમાં તેમની આજ્ઞાનું પાલન કરવું એ મુખ્ય બાબત છે. જે માતાપિતાની ભક્તિ કરતો નથી તે ઇશ્વરની ભક્તિ કરવાને માટે પણ નાલાયક છે. જે માતાપિતાની આજ્ઞાનું ઉલંઘન કરે છે તે ઇશ્વરની આજ્ઞાનું પ્રથમ દરજ્જે ઉલંઘન કરે છે. મનુષ્યનું જ્ઞાન, ધ્યાન, જપ, તપ, અને વિદ્યા માતાપિતાની સેવા કર્યા વીના વ્યર્થ છે. જે માતાપિતાનો આદર કરતો નથી તેનો સ્વર્ગમાં પણ આદર થતો નથી. તે આ પૃથ્વિને ભાર રૂપ છે. માટે પ્રત્યેક મનુષ્યે શ્રીરામચંદ્રજીનું ઉદાહરણ લક્ષમાં રાખી માતાપિતાની ભક્તિ કરવા, અને તેમની આજ્ઞાઓનું

પાલન કરવા તત્પર રહેવું જોઇએ. માતા અને જન્મભુમિ એ સ્વર્ગથી પણ અધિક છે. તેમજ દુનિયાના જડ અને ચૈતન્ય પદાર્થોમાં પિતા અને પરમેશ્વર એ સર્વથી શીરોમણી છે.

श्लोक.

गुरुणां चैव सर्वेषां माता परमको गुरुः ।
माता गुरु तरा भूमेः खात् पितोच्चतरस्तथा ॥
यंमाता पितरौ क्लेशं सहेते संभवे नृणां ।
नतस्य निष्कृतिः शक्या कर्त्तुं वर्ष शतेरपि ॥

અર્થ--સર્વ પ્રકારના ગુરૂઓમાં માતા એ પરમ ગુરૂ છે માતા એ પૃથ્વી કરતાં પણ વધારે ગુરૂ છે, તેમજ પિતા આકાશ કરતાં પણ વધારે શ્રેષ્ટ છે. (૨) બાળકના જન્મ સમયે માતાપિતા જે કલેશ સહન કરે છે તેનો બદલો પુત્રથી સો વર્ષે પણ વાળી શકાય તેમ નથી.

अध्याय ७ मो.

श्लोक.

यत्र नार्य्यस्तु पूज्यन्ते । रमन्ते तत्र देवता ॥
यत्रै तास्तु न पूज्यन्ते। सर्व्वास्त त्राफलाः क्रियाः॥
छाये वानु गता स्वच्छा। सखी व हित कर्म्मसु ॥
दासी वा दिष्ट कार्येशु ! भार्याभर्तुः सदाभवेत. २

અર્થ—જે કુળમાં સ્ત્રીઓને આદર મળે છે તે કુળમાં દેવતાઓ પ્રસન્ન થાય છે. જે કુળમાં સ્ત્રીઓનો અનાદર

થાય છે તે કુળમાં સર્વ સત્ક્રિયા નિષ્ફળ થાય છે. (૨)સ્ત્રીએ છાયા પ્રમાણે સ્વામિને અનુસરવું. હિતકર્મમાં તેની સખી પ્રમાણે થવું. અને દાસીની પ્રમાણે તેની આજ્ઞા પાળવી.

ગુરૂ—પવિત્ર લગ્ન કેવાં હોવાં જોઇએ? અને દંપતીએ પરસ્પર સુખ દુઃખમાં કેવી રીતે સહાયક થવું જોઈએ? તે એ જીવનચરિત્રને ઉદ્દેશી કહો.

શિષ્ય—શ્રી રામ રાજદ્વારથી સીધા માતા કૌશલ્યાની પાસે આવ્યા અને વનવાસ વિષયક વાર્તા કહી સંભળાવી. માતાના ઉમંગભર્યા હૃદયપર આ શોક સમાચારે વજ્રઘાતસમ પ્રહાર કર્યો. ચોધાર આંસુથી રડવા લાગ્યાં. શ્રીરામચંદ્રજીએ આશ્વાસન આપ્યું. ક્ષત્રિય ધર્મ, અને પુત્ર ધર્મથી જ્ઞાત માતા કૌશલ્યાએ આશીર્વાદ આપતાં કહ્યું:–હે પુત્ર! સન્માર્ગનું અવલંબન કરવામાંથી હું તને રોકી શકતી નથી. જે ધર્મનું પાલન તમે પ્રેમ અને નિયમથી કરો છો તેજ ધર્મ તમારી રક્ષા કરો, પરમાત્મા તમારી રક્ષા કરો; વિશ્વામિત્રનાં આપેલાં અસ્ત્રશસ્ત્ર તમારી રક્ષા કરો. હે પુત્ર! વનવાસ કરો પરંતુ એવું કરજો કે જેથી યોગ્ય સમયે તમારૂં મોઢું જોઇ શકું.

શ્રીરામચંદ્રજીએ કહ્યું:—માતા! શોક દુર કરી, પિતાજીને દિલાસો આપી તેમની દશાની સંભાળ રાખજો. ચૌદ વર્ષ વ્યતિત કરી જ્યારે હું પુનઃ તમારા ચરણોમાં આવી પડીશ ત્યારે ચૌદ વર્ષ સ્વપ્નની માફક વીતેલાં તમને જણાશે.

માતાનો આશીર્વાદ ગ્રહણ કરી તથા તેમને પ્રણામ કરી શ્રીરામ સીતા ભવનની તરફ ચાલ્યા. અને ત્યાં જઈ સર્વે વાતથી તેને માહિતગાર કરી કહ્યું:—હે ધર્મજ્ઞે જાનકી!

પિતાજીની સદા સુશ્રૂષા કરતી રહેજે, તેમનું હૃદય કોઈ વા-તથી દુભાય નહિ તેમજ મ્હારી દુઃખી માતા અને બીજી માતાઓને દિલાસો આપવાનું કામ પણ તારૂંજ છે; ભરત અને શત્રુઘ્ન મારા પ્રાણથી પણ અધિક પ્રિય છે તેમની અવજ્ઞા કરીશ નહિ. હવે હું તારી કને વિદાયગીરી ચાહી વનમાં જાઉં છું.

સીતાએ કહ્યું,—"હે આર્ય પુત્ર ! ભર્તાના સુખદુઃખમાં સ્ત્રીનું પણ સુખદુઃખ છે. આપને વનવાસ મળ્યો તો મને શા સારૂં નહિ ? આપ અને હું બેઉ સુખદુઃખનાં સરખાં સાથી છીએ. આપની સાથે હું પણ વનયાત્રા કરીશ અને આપની આગળ આગળ ચાલી કાંટા વગેરે દૂર કરીશ."

શ્રીરામચંદ્રજીએ કહ્યું,—"દેવી ! તમે જાણો છો કે મ્હારે તો મ્હારા પિતાની પ્રતિજ્ઞા પરિપૂર્ણ કરવાને વનમાં જવું પડે છે ?"

સીતાજીએ કહ્યું,—"હા, અને મ્હારે મ્હારો સ્ત્રીધર્મ પરિપૂર્ણ કરવાને સાથે આવવું પડે છે."

શ્રીરામચંદ્રજીએ કહ્યું,—"પણ હું મ્હારી ખુશીથી તમને અહીં રહેવાની રજા આપું છું."

સીતાજીએ કહ્યું,—"તોપણ મ્હારૂં હૃદય તો આપની સાથેજ રહેવાની મને પ્રેરણા કરે છે."

શ્રીરામચંદ્રજીએ કહ્યું,—"એક સ્ત્રી કે જેણે કદાપણ ઘરની બહાર પગ મૂક્યો નથી, જે નિરંતર રાજ્યવૈભવ અને પૂર્ણ લાડમાં ઉછરેલી છે. જેણે અમુલ્ય રિદ્ધિસિદ્ધિ ભોગ-વેલી છે તે જંગલનો વિકટ રહેવાસ, ઉન્હાળાનો સખત તાપ, શિયાળાની સખત ઠંડી, અને ચોમાસાનો મુશલધાર વર્ષાદ શી રીત્યે સહન કરશે ?"

સીતાજીએ કહ્યું,—"સાથે એ પણ વિચાર કરવો જોઈએ કે જે સ્ત્રી નિરંતર પતિના પ્રેમ વૈભવમાં આનંદ નિમગ્ન રહેલી છે. જે સ્ત્રીએ પતિનો એક ક્ષણવારનો વિયોગ સહન કર્યો નથી, જે સ્ત્રીએ પોતાના પતિનેજ પ્રભુ માની, તેની સેવામાં હાજર રહી અંતઃકરણથી ભક્તિ કરવામાં જીવન ગુમાવેલું છે તે સ્ત્રીને પતિથી વિખુટાં પડતાં કેટલું કષ્ટ થશે?"

શ્રીરામચંદ્રજીએ કહ્યું,—"તમારા પ્રેમનો બદલો તમને દુઃખી કરીને આપવો એ શું ન્યાય છે?

સીતાજીએ કહ્યું,—"ત્યારે શું બીન અપરાધે એક પ્રેમાળ સ્ત્રીને તજી દઇ ચાલ્યા જવું તેમાં ન્યાય છે?"

શ્રીરામચંદ્રજીએ કહ્યું,—"દેવી! તમે સ્ત્રીહઠ છોડી દઇ નિશ્ચિંત અહીં રહો કારણ કે જંગલમાં જ્યાં જોશો ત્યાં દુઃખ દુઃખ અને દુઃખજ છે."

સીતાજીએ કહ્યું,—"ગમે તેવા દુઃખમાં પણ પતિની સેવા કરનાર સ્ત્રીને સદા સુખ સુખ અને સુખજ છે."

શ્રીરામચંદ્રજીએ કહ્યું,—"મ્હારે જ્યાં જવાનું છે ત્યાં કોઇ શહેર અગર ગામડું નથી પણ વિકરાળ અને ફાડી ખાનાર જાનવરોનો નિવાસ અને વિકટ જંગલો છે."

સીતાજીએ કહ્યું,—"તે જંગલ પણ પતિના આશ્રય નીચે રહેતી સ્ત્રીને મન મંગળ સ્વર્ગ છે."

શ્રીરામચંદ્રજીએ કહ્યું,—"ત્યાં રહેવાને માટે રાજમહેલ તો નહિજ, પણ એક ઝુંપડી સરખીનો અભાવ છે."

સીતાજીએ કહ્યું,—સ્ત્રીને પતિની છાયા એજ વિશાળ રાજમહેલ છે. મોટા મોટા રાજમહેલોમાં રહેવાથી, અને વિમાનોદ્વારા આકાશમાં ઘૂમવા આદિથી જે સુખ મળે છ તે સર્વથી વધારે સુખ પતિ ચરણો સમક્ષ રહેવાથી મળે

છે. આપ તપસ્વી થઇ વનમાં રહેશો તો હું પણ બ્રહ્મચારિણી થઇ રહીશ અને પતિવ્રત ધર્મનું પાલન કરતી સુખથી ફલફુલાદિ ખાઈને રહીશ.

શ્રી રામચંદ્રજીએ કહ્યું,—" ખાવા માટે ફળ અને પીવા માટે ગંદુ પાણી પણ મુસ્કેલીથી મળશે ?

સીતાજીએ કહ્યું,—" પતિની પ્રેમાળ આંખમાંથી વહેતું અમૃત અને મધુર વાણીનાં ફળફુલ એ પતિવ્રતા સ્ત્રીનું અમુલ્ય ખાનપાન છે.

શ્રી રામચંદ્રજીએ થોડો વખત વિચાર કરી કહ્યું,—" મને લાગે છે કે તમારા પ્રારબ્ધમાં પણ મ્હારા જેવી શિક્ષા સરજાયેલી હશે.

સીતાજીએ કહ્યું,—" જ્યારથી હું આપની અર્ધાંગના તરીકે સ્વિકારાયેલી છું ત્યારથીજ આપના સુખદુઃખમાં સાથી થવાને સમજાયેલી છું.

આ પ્રકારે બહુ વિધિ પ્રાર્થના કરવા છતાં પણ જ્યારે શ્રી રામચંદ્રજી સીતાજીને લઈ જવા તૈયાર ન થયા, ત્યારે સીતાજીના આંખમાંથી અશ્રુની ધારાઓ વહેવા લાગી. જ્યારે તેઓ શોકાકુલ થઇ શ્રીરામચંદ્રજીની ગર્દનને લપટાઇ ગયાં અને બે શુદ્ધ થઇ ગયાં–ત્યારે શ્રી રામચંદ્રજીએ જાણ્યું કે સીતા વિયોગમાં કોઇ પ્રકારે રહી શકશે નહિ; આથી ધીમે ધીમે સીતાજીની મૂર્છા દૂર કરવા લાગ્યા. શુદ્ધિમાં આવતાં શ્રી રામચંદ્રજીએ કહ્યું " હું કોઇ પણ પ્રકારે મ્હારાથી તને જૂદી નહીં કરૂં " એવાં વચન સાંભળી સીતાજી હર્ષીત થઇ ગયાં.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે પવિત્ર લગ્નથી જોડાયેલાં દંપતીમાં કેવો અવિચળ પ્રેમ હોય છે અને પરસ્પર તેઓ સુખ દુઃખમાં કેવાં સહાયક બને છે.

ગુરૂ—શિષ્ય ! ખરેખાત આ કુદરત સાથેના હિસ્સામાં સ્ત્રી એક અગત્યનો હિસ્સો ધરાવનારી છે. કાતરનાં પાનાં જેવો સ્ત્રી પુરૂષનો સંબંધ હોય છે. માટેજ પરણેલી સુવાસણ સ્ત્રીને અર્ધાંગનાના નામે ઓળખાવવામાં આવે છે. લગ્નના જેવી પવિત્ર પ્રેમની ગાંઠ બીજી કોઇ દુનિયામાં હોઇ શકતી નથી. પરંતુ તે જોડાણ સંપૂર્ણ પ્રીતિપૂર્વક થયેલું હોવું જોઇએ. અને તેમનામાંજ પ્રેમનાં તત્વો પૂર્ણ વિકાસ પામેલાં હોય છે. તે પ્રેમનાં તત્વો તેના ખરા આકારમાં સ્વકર્તવ્યને માટે ખીલી નીકળે, અને સ્ત્રીએ પુરૂષને અર્પણ કરેલી જીંદગી ઉભયને સુખરૂપ નીવડે તેટલા માટે તે દંપતીએ યોગ્ય કેળવણી પ્રાપ્ત કરેલી હોવી જોઇએ. કારણ કે કેળવાયેલું પ્રેમી જોડું સુખ દુઃખમાં સાથી બની ગમે તેવી આપત્તીના વખતમાં પણ સ્વર્ગનું સુખ ભોગવવાને ભાગ્યશાળી બને છે. તેમનોજ ગૃહસંસાર સુખી અને આનંદમય બને છે.

જ્યારે લગ્નનું પવિત્ર જોડાણ હોતું નથી ત્યારે, અથવા તે જોડામાં ઉંચી કેળવણીનાં શ્રેષ્ટ તત્વો હોતાં નથી ત્યારે પુરૂષો સ્ત્રીઓને એક ગુલામડીની પેઠે માને છે તેઓને એક તરણાની તુલ્ય માની તે કોમળ કળીઓને નિર્દય પણે છુંદી નાખે છે. અને જ્યાં સ્ત્રીઓનું સ્વાતંત્ર્ય હોય છે ત્યાં સ્ત્રીઓ પુરૂષોને ગુલામની માફક રાખે છે. અને પુરૂષની સ્થીતિનો, તેની આવકનો, અને તેની મુશ્કેલીઓનો કાંઇ ખ્યાલ ના રાખતાં પોતે પોતાની મોજ મજાહ ભોગવવામાંજ તલ્લીન રહે છે. એમ આપણે સાંપ્રત કાળે અનુભવીએ છીએ. આવા જોડાણથી સુખની આશા રાખવીતો વ્યર્થજ છે. પરંતુ પ્રતિદીન તેમના દુઃખમાં વધારો થતો જાય છે. આવા મનુષ્યોનો સંસાર તેમની હયાતીમાંજ નર્ક ભોગવવા સમાન છે.

માટે આ સંસારને સ્વર્ગ બનાવવાની ઇચ્છા રાખનારે સ્ત્રી અને પુરૂષોમાં ધર્મ અને નીતિની શ્રેષ્ટ કેળવણી દાખલ થાય અને તેમનું જોડાણ પ્રીતિપૂર્વક થવા દેવામાં આવે તેવા ઇલાજ લેવા જોઇએ. કહ્યું છે કે

सन्तुष्टो भार्यया भर्ता भर्त्रा भार्या तथैव च ।
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वैध्रुवम् ॥

અર્થ—જે કુળમાં સ્વામી ભાર્યાથી તેમજ ભાર્યા સ્વામીથી નિત્ય પ્રસન્ન રહે છે તે કુળમાંજ નિરંતર કલ્યાણ થાય છે એ નક્કી છે.

શિષ્ય! આ વિષયમાંથી બીજી એક બાબત ગ્રહણ કરવા યોગ્ય એ છે કે શ્રી રામચંદ્રજી ઉપર એકાએક આવી પડેલા સંકટથી માતા કૌશલ્યા દુ:ખી થયાં હતાં તથાપી તેમણે સન્માર્ગનું અવલંબન કરતાં શ્રી રામચંદ્રજીને અટકાવ્યા ન હતા. અર્થાત વનમાં જવાની સંમતી આપી હતી. ધન્ય છે તેવી ધાર્મીક હૃદયની માતાઓને!

સામ્પ્રતકાળે આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ કે અસંખ્યાત બાળકો માત્ર તેમની માતાઓના દુરાગ્રહને લીધેજ વિદ્યાથી બેનસીબ રહેલા છે. અજ્ઞાન માતાઓ અનેક પ્રકારના તર્ક વિતર્ક કરી તેમને ઘરના બહાર પગ દેતાં અટકાવે છે. અને તેથીજ તેઓ ગુરૂકુળમાં કે અન્ય શાળામાં શિક્ષણ લેવાને બહાર જઇ શકતા નથી. બાળકોની જીંદગી અવિદ્યામય બનાવી તેમને ઘરમાંજ રાખી મુકવા એ તેમને જીવતા મુવા સમાન બનાવવા જેવું છે. એ સિદ્ધાન્તની સત્યતા હજુ તે માતાઓના સમજવામાં આવી નથી. અસંખ્યાત યુવાનો વિદ્વાન અને બુદ્ધિશાળી હોવા છતાં પરદેશગમન કરતાં અટકાવનાર, અનેક જાતના હુન્નરોથી બેનસીબ

રાખનાર, અને વિદેશ વ્યાપારથી દ્રવ્ય ઉપાર્જન કરતાં રોક- નાર પણ તેમની માતાઓજ છે. ભલે બાળકો અજ્ઞાન રહે, નિર્ધન રહે, એક રોટલાના ટુકડાથી પોતાનું પેટ ભરે, પણ તેઓ પોતાની દ્રષ્ટિથી દુર ન રહે એવું તેઓ વધારે ઇચ્છે છે. જાણે તેમના ઘરમાંજ સુખ અને આરોગ્યતાના ભંડાર ભરી રાખેલા હોય, અને બહાર સર્વત્ર દુઃખ અને રોગનો વરસાદ વરસતો હોય એમ તેઓ માને છે. અને જ્યારે પુત્રોને દ્રષ્ટિ સન્મુખ રાખ્યા છતાં તેઓ મહાન વ્યાધિના ભોગ પડે છે, અથવા હંમેશનો વિયોગ સહન કરવાની સ્થીતિ આવી પડે છે ત્યારે ભાગ્યદેવી પર દોષારોપણ થાય છે. કેટલીક વખત બાળકોના પિતા તરફથી પણ આવા સંકુચિત વિચારોને અનુમોદન આપવામાં આવતું હોય એમ જોવામાં આવે છે. આવાં માબાપોએ માતા કોશલ્યાના દ્રષ્ટાન્તને અનુ- સરવું જોઇએ.

कोतिभारः समर्थानां किं दूरं व्यवसायिनाम् ।
को विदेशः सविद्यानां कः परः प्रियवादिनाम् ॥

અર્થ—બળવાનને કઇ વસ્તુ ભારે છે? ચાલનારને દુર શું છે? સારા વિદ્વાનને પરદેશ કયો છે? અને પ્રિય વાણી બોલનારને પરાયું કોણ છે?

अध्याय ८ मो.

श्लोक.

ज्येष्ठभ्राता पितृसमो मृतेपितरि (भारत)
सखेषां वृत्तिदाता स्यात् सचैतान् परिपालयेत्

અર્થ—પિતા મરણ પામ્યા પછી, મોટા ભાઇ પિતા સમાન છે. નાહાનાઓને વૃતિ તે આપે અને પાલન પણ કરે.

ગુરૂ—બંધુઓમાં પરસ્પર વિશુદ્ધ પ્રેમ હોવાની શું સાબીતી એ જીવન ચરિત્રમાંથી મળી શકે છે ?

શિષ્ય—શ્રીરામચંદ્રજીને ચૌદ વર્ષ વનવાસ ભોગવવાની આજ્ઞા થઇ ત્યારે ભરત અને શત્રુઘ્ન અયોધ્યામાં નહતા, પણ તેમને મોસાળ ગયેલા હતા. લક્ષ્મણ અયોધ્યામાં હતા. તેમને જ્યારે આ વિષયની ખબર મળી ત્યારે શ્રીરામચંદ્રજીને કહ્યું કે;–" ભાઈ ! આજદીન સુધી હું આપના સુખમાં ભાગ લેતો રહ્યો છું તો હવે આપના દુઃખોમાં ભાગ કેમ ન લઉં ? આપ વન વન રખડો અને હું રાજમહેલમાં રહું એ ઘણુંજ અનુચિત છે. માટે આપ આજ્ઞા આપો કે હું પણ આપની સાથે આવવા મારી તૈયારી કરૂં.

શ્રીરામચંદ્રજીએ કહ્યું;—" તમારા ભ્રાતૃસ્નેહમાં કોઇ પણ પ્રકારનો સંદેહ નથી; પરંતુ અમ બંન્નેની ગેરહાજરીમાં પિતાજી તથા માતાઓને દિલાસો તમારા વગર બીજું કોણુ આપતું રહેશે ? માટે હઠ ન કરતાં અત્રેજ રહો.

લક્ષ્મણજીએ પ્રત્યુત્તર દીધો,–" ભરત આપના પ્રતાપથી સર્વે માતાઓની સેવા કરશે.

આખરે શ્રી રામચંદ્રજીને આજ્ઞા આપવી પડી અને રાજ્ય વૈભવની કાંઈ પણ લાલસા ન રાખતાં પોતાના વ્હાલા બંધુની સાથે દુઃખમાં સામેલ થવા આગ્રહપુર્વક તેઓ વનમાં ગયા. શ્રી રામચંદ્રજીની સાથેજ રહી તપસ્વિયોના આહાર યોગ્ય મૂલ, ફલ, તથા હવનને સારૂ કાષ્ટાદિ આણી આપવામાં મદદગાર થઇ પડયા. શ્રી રામચંદ્રજીની સાથે વખતો વખત યુદ્ધમાં સામેલ રહી તેમના વિજયને માટે જીવતોડ યત્ન કરવા લાગ્યા. શ્રી રામચંદ્રજીના ઉપર આવતાં બાણો પોતાના શરીર ઉપર ઝીલી લઇ પોતાના ભોગે શ્રી રામચંદ્રજીનું જીવન જાળવવા લાગ્યા. લક્ષ્મણજી સીતાજીને માતા સમાન ગણી તેમની આજ્ઞા ઉઠાવતા. ગમે તેવી કઠણમાં કઠણ આજ્ઞાનું પાલન કરવાને તત્પર થતા. ભુખ, દુઃખ, તૃષા, તાપ, શ્રી રામચંદ્રજીના સુખને માટે વિસરી જતા. તેઓના વચ્ચે શુદ્ધિમાં કે બેભાનમાં, જાગતાં કે નિદ્રામાં, વાણીમાં, કૃત્યમાં, કે હૃદયમાં, કંઇ પણ વિરોધાભાસ જન્મ પામ્યો નહતો.

(૨) જ્યારે શ્રી રામચંદ્રજી વનમાં જવાને નિકળ્યા ત્યારે છેવટની મુલાકાતમાં તેમણે પોતાના પિતા દશરથ રાજાને કહ્યું હતું કે,–" મહારાજ ! આ રાજ્ય ધન ધાન્ય તથા બીજું જે કાંઇ આપ મને આપવા તૈયાર છો તે ભરતને આપી દેજો. વળી તેમણે સીતાજી સાથેના સંવાદમાં પણ એક વખતે કહ્યું હતું કે ભરત અને શત્રુઘ્ન મારા પ્રાણથી પણ અધિક પ્રિય છે તેમની અવજ્ઞા કરીશ નહિ." એ ઉપરથી સિદ્ધ થાય છે કે શ્રી રામચંદ્રજીનો ભરત અને શત્રુઘ્ન પ્રત્યે વિશુદ્ધ પ્રેમ હતો.

ભરત કે જેને યુવરાજ પદ આપવા રાણી કૈકેયીએ પોતાના સ્વામી પાસેથી વચન મેળવી લીધું હતું. તે ભરત

અને શત્રુઘ્નને રાજદુત મોકલી તેમના મામાને ઘેરથી બોલાવવામાં આવ્યા. ત્યાં આવી જુએ છે તો તાજીજ વૈધવ્યને પ્રાપ્ત થયેલી કૈકેયી આનંદથી પુત્રાગમન સાંભળી પ્રફુલિત થઇ રહી છે. ભરતે પિતા વિષે પૂછતાં તેણે જણાવ્યું કે,–"જે ગતિને સર્વ પામે છે તે ગતિને તારા પિતા પામ્યા છે." આ ખબર સાંભળી ભરત કલ્પાન્ત કરવા લાગ્યા. ભરતે શ્રી રામચંદ્રજી વિષે પૂછ્યું ત્યારે જણાવ્યું કે,–"રામને તમારા પિતાએ દણ્ડકારણ્યવાસ દીધો છે અને તેમની સાથેજ લક્ષ્મણ અને સીતા પણ ગયાં છે.

ભરત ભયભીત થઈ પુછવા લાગ્યા કે,––"શું રામે કોઇ બ્રાહ્મણનું ધન હરણ કરી લીધું? કે શું કોઇ નિરાપરાધીને મારી નાંખ્યો? અથવા શું કોઈ પરનારીને પોતાની સ્ત્રી બનાવી લીધી? શા કારણસર તેમને ભ્રૂણ હત્યારાની માફક દંડકારણ્ય વાસ દેવામાં આવ્યો છે?

આ પ્રશ્નોને સાંભળી કૈકેયી બોલી કે,––"હે પુત્ર! મેં અથાગ પ્રયત્નથી તારે વાસ્તે રાજ પ્રાપ્ત કરી રામને મહારાજ પાસેથી વનવાસ અપાવ્યો છે.

માતાનાં આ વચન સાંભળી ભરતે અત્યંત શોક પ્રદર્શીત કર્યો. અને રાજ્ય લોભને આધીન નહિ થતાં વનમાંજ શ્રી રામચંદ્રજીનો રાજ્યાભિષેક કરવા ભરત અને શત્રુઘ્ન પ્રતિષ્ટીત પુરૂષો, વસિષ્ઠાદિ મહર્ષિઓ, તથા ચતુરંગિણી સેના સહિત અયોધ્યાથી રવાના થયા; અને કેટલેક દિવસે શ્રી રામચંદ્રજીની પર્ણકુટિમાં આવી પહોચ્યા.

ભરતના શરીરને અત્યંત લેવાઇ ગયેલું જોઇ આંખમાંથી આંસુ વહેવડાવતા રામચંદ્રજી પૂછવા લાગ્યા કે,–"પ્યારા ભાઇઓ! તમારા પિતાજી કયાં છે કે જેમને છોડી તમે

સર્વે અહીં અમને શોધવા નીકળ્યા છો ? રાજ્ય છોડી, જટા ધારણ કરી, વલ્કલ વસ્ત્ર પહેરી તમારૂં અત્રે આવવું આશ્ચર્ય-જનક જણાય છે.

ભરત શાંતિ ધારણ કરી બોલ્યા,–" હે આર્ય ! પિતાજી અત્યંત સંતાપ કરી પુત્ર શોકથી સ્વર્ગે સિધાર્યા. હે નાથ ! હવે આ દાસપર અનુગ્રહ કરી આજજ આપનો રાજ્યાભિષેક કરાવો. સર્વે વિધવા માતાઓ અત્રે ઉપસ્થિત છે. તે તથા મંત્રી લોક તેમજ સર્વ પ્રજા પ્રાર્થના કરે છે અને હું આપનો ભાઈ, શિષ્ય અને દાસ પણ આપને પ્રાર્થના કરૂં છું કે આપ રાજમુકુટ–ધારણ કરી સર્વને પ્રસન્ન કરો.

શ્રી રામચંદ્રજીએ કહ્યું,–" હે શત્રુઓને પીડિત કરવા વાળા ભરત ! હું તમારામાં સુક્ષ્મ દોષ પણ જોઈ શકતો નથી. પિતાની પ્રતિજ્ઞા પાળવા માટે મારે વનમાંજ રહેવું જોઇએ. અને તમારે અયોધ્યામાં જઈ રાજ્ય કરવું જોઇએ.

ભરતે કહ્યું,–" મારી માતા કૈકેયી મારા વાસ્તે રાજ્ય મેળવી સંતુષ્ટ થઇ ગઇ હવે હું મારા પિતા તરફથી મેળવેલા રાજ્યને મારા જ્યેષ્ઠ ભ્રાતાના ચરણોમાં સમર્પણ કરૂં છું. પિતૃવિહીન હું પિતાસ્થાની વડિલ ભાઇ તરફથી, સર્વ પ્રકારે લાલન પાલનની આશા રાખું છું."

શ્રી રામચંદ્રજી બોલ્યા,—"આ જીવાત્મા નિજ ઇચ્છાનુસાર સર્વ કાર્ય કરવા અશક્ત છે. કારણકે પુરૂષ કાંઇ ઇશ્વર નથી. કર્મફલ આ જીવાત્માને અહિં તહિં આકર્ષિત કરતો હોવાથી સર્વ એકઠી કરેલી સામગ્રીયો નષ્ટ થઈ જાય છે. મોટી મોટી ઉન્નતિઓની પણ પડતી દશા આવે છે; સર્વના સંયોગ વિયોગમાં અંત આવે છે. જીવન પણ મરણ પામે છે. આથી મારા વનવાસથી કિંવા પિતાજીના મરણથી શોક

કરવો ઉચિત નથી. પિતાજીની પ્રતિજ્ઞા સત્ય કરવા અમે વનમાં આવ્યા છીએ. માટે ચૌદ વર્ષ સુધી મારૂં વનમાં રખડવું અને ભરતનું રાજ્ય કરવુંજ ઠીક થઈ પડશે. ”

કેટલાક સંવાદ પછી ભરતે એક રત્નજડિત પાવડીની જોડી લાવી રામની સામે મૂકી. તેમને તેના પર પગ મૂકવા વિનંતિ કરી, જેમ રામે કર્યું. ભરતે તે પાવડીને હાથમાં લઇ કહ્યું કે,—“ અયોધ્યાના રાજ સિંહાસનપર આ પાવડીયો રાખવામાં આવશે. જટા તથા વલ્કલ વસ્ત્ર ધારણ કરી તેમજ ફલમુલ ખાઇ ચૌદ વર્ષ સુધી હું અયોધ્યાથી બહાર નિવાસ કરીશ, અને ત્યાંથી રાજ્ય કાર્યપર દેખરેખ રાખતો રહીશ. જો આપ ચૌદ વર્ષ સમાપ્ત થતાંજ અયોધ્યા ન પહોચ્યા તો હું અગ્નિ પ્રવેશ કરી ભસ્મ થઈ જઇશ. ”

ભરતનાં વચન સાંભળી આંસુભર્યાં નેત્રોથી ભરત અને શત્રુધ્નને છાતી સરસા ચોંપી, બધાંને મળી શ્રીરામ લક્ષ્મણે સર્વને વિદાય કર્યા. અને ભરત સેના સહિત અયોધ્યા પહોચી નંદી ગ્રામમાં નિવાસ કરવા લાગ્યા, અને રાજ્ય સિંહાસનપર શ્રીરામચંદ્રજીની પાદુકાની સ્થાપના કરવામાં આવી—આ હકીકતથી સ્પષ્ટ જણાઇ આવે છે કે બંધુઓમાં પરસ્પર વિશુદ્ધ પ્રેમ હતો.

ગુરૂ—અનિવાર્ય ભ્રાતૃભાવ ઉન્નતિ માર્ગને ઉન્નત કરનારો મહા માર્ગ છે. ખરેખાત આ જગતમાં સહોદરબંધુનો વિશુદ્ધ સ્નેહ, અન્ય મનુષ્યોના સ્નેહ કરતાં ઉંચો દરજ્જો ભોગવે છે. અનેક પ્રકારના સ્નેહિઓના સ્નેહ સહોદરબંધુના સ્નેહની આગળ કાંઇ વિસાતમાં નથી. જેઓ પોતાના ભાઇઓ ઉપર સ્નેહથી ભીંજાયેલા છે. તેઓજ ધન્ય પુરૂષોમાં પણ ધન્ય છે. બંધુઓના આશ્રયથી અનેક પ્રકારની આપત્તિઓ

પણ સહજમાં ટળી જાય છે. અનેક રત્નો કરતાં પણ બંધુ-ઓના અપ્રતિમ પ્રેમની ઉપમા માટે સંસારમાં કોઈ વસ્તુ સરજાયેલી નથી. જેઓ સહોદરપણાના સ્નેહને સાધારણ કારણ માટે ભૂલી જઇ એક બીજામાં દ્વેષ કરવા મંડી પડે છે તેને 'નર' નહિ, પણ 'વાનર' કહેવા જોઇએ.

મહાત્મા ભરતનું જીવન આખા રામાયણના કાવ્યમાં સૌથી વધુ આદર્શ છે. માતાએ મેળવી આપેલા રાજ્યને છોડી, ચૌદ વર્ષ સુધી ભાઇ સારૂ વનમાં જટા વલ્કલ ધારણ કરી, સ્નેહીઓનો સંબંધ દુર કરી રહેવું, એના જેવો આત્મ-ભોગનો બીજો દાખલો મળવો કઠિન છે.

સામ્પ્રત સમયે બંધુઓ પરસ્પર વિશુદ્ધ સ્નેહ દાખ-વતા જવલ્લેજ જોવામાં આવે છે. તેઓ એક બીજાનું ભલું જોઇ આનંદિત થતા નથી, એક બીજાની ચક્ષુઓ પ્રેમથી એકત્રિત થતી નથી, એક બીજાના કાર્યમાં સહાનુભૂતિ પૂરતા નથી, એક બીજાની પાછળ તેના કાર્યની અવગણના કરે છે. એકની ઉત્તમ સ્થીતિ જોઈ બીજાના હૃદયમાં વિષ રેડાય છે. એવા સાંકડા વિચારના મનુષ્યો પોતાના ઘરની ઉન્નતિ કદી પણ કરી શકતા નથી તો પછી તેઓ દેશની ઉન્નતિ શી રીત્યે કરી શકે ?

વાસ્તવિક રીત્યે આપણે સવ મનુષ્યો એક જગત્ પિતાનો પરિવાર છીએ. તેથી દરેક મનુષ્યને આપણો બંધુ સમજી મ્હોટા હોય તેમને માન આપવું જોઇએ. આપણા બરોબરીયા હોય તેમની સાથે હેત પ્રીતથી હળવું મળવું જોઇએ. આપણા કરતાં ન્હાના હોય તેમની સાથે પણ માયાળુપણાથી વર્તવું જોઇએ. પરંતુ જેઓ એકજ માતા પિતાના સંતાન છે, જેમનામાં એકજ પ્રકારનું રક્ત વ્હેતું

હોય છે, જેઓ એકજ માબાપના હાથમાં ઉછરેલાં છે; તેઓ પરસ્પર વિશુદ્ધ પ્રેમ જાળવી શકે નહિ તો તેવા સાંકડા વિચારના મનુષ્યો પાસેથી સર્વે પ્રત્યે બંધુત્વભાવ ધારણ કરાવવાની ઐક્યતા સબળ સંકલનાથી જોડવાની એક રતી માત્ર પણ આશા શી રીત્યે રાખી શકાય? તેટલા માટે આ વિષયમાં શ્રીરામચંદ્રજી અને તેમના બંધુઓ વચ્ચેનો નિર્મળ પ્રેમ, અને પરસ્પર સહાનુભુતિ કરવા માટેનું જે વર્ણન છે, તે પ્રત્યેક મનુષ્યને માટે અનુકરણીય છે.

श्लोक.

परोऽपि हितवान् बंधुर्बन्धुरप्य हितः परः ।
अहितो देहजो व्याधि र्हितमारण्य मौषधम् ॥

અર્થ--પારકો હોવા છતાં પણ જો હિત કરનારો હોય તો તે બન્ધુ છે. અને બન્ધુ છતાં અહિત કરતો હોય તો તે પરાયો છે રોગ એ પોતાના દેહથી ઉપજેલો છતાં પણ અહિત કરે છે. અને ઔષધ અરણ્યમાં થતું હોવા છતાં પણ તે હિતકારક છે.

अध्याय ९ मो.

श्लोक.

यस्मिन् जीवति जीवन्ति बहवः स तु जीवतु ।
काकोऽपि किन कुरुते चंच्वा स्वोदर पूरणं ॥
परोपकरणं येषां जागर्ति हृदये सताम् ।
नश्यंति विपदस्तेषां संपदः स्युः पदे पदे ॥

અર્થ—જેના જીવવા પાછવાડે ઘણાઓ જીવે તે જીવતા રહો, બાકી તો કાગડો પણ શું ચાંચવતી પોતાનું પેટ ભરતો નથી ? (૨) જે સજ્જનોના હૃદયમાં પરોપકાર કરવાનો ઉત્સાહ નિરંતર જાગૃત રહે છે, તેમની વિપત્તિનો નાશ થાય છે, અને સંપત્તિ પગલે પગલે પ્રાપ્ત થાય છે.

ગુરૂ—જનસમાજના કલ્યાણને માટે શ્રીરામચંદ્રજીએ શું કર્યું હતું ?

શિષ્ય—ભરત રામથી છુટા પડયા પછી એક ઋષિમંડળ રામ પાસે આવી કહેવા લાગ્યું કેઃ-" રાક્ષસો અમને બહુ સતાવે છે. યજ્ઞ કરવા દેતા નથી અને કેટલાક રૂષિયોનો ભક્ષ કરી ગયા છે. તેથી અમો આ સ્થાનનો ત્યાગ કરી જઇએ છીએ. તમે પણ તમારી કુટિ કોઇ અન્ય સ્થળે બનાવો.

આપણે જાણીએ છીએ કે આ વખતે શ્રીરામચંદ્રજી સંપૂર્ણ આફત નીચે હતા. રાજ્યસુખ ભોગવનારને વિકટ જંગલમાં વાસ કરવો પડતો હતો. મ્હોટા મ્હોટા વિશાળ

મહેલોને બદલે એક વૃક્ષની છાયા નીચે વિશ્રામ કરવો પડતો હતો. સોના રૂપાના પલંગો અને કિનખાબની તળાઇઓને બદલે તૃણશય્યાનો ઉપયોગ કરવો પડતો હતો. વિધવિધ પ્રકારનાં ભોજનોને બદલે ફળફુલ ઉપર નિર્વાહ કરવો પડતો હતો. શરીર ઉપરથી વૈશાખનો તડકો, અષાઢનો વર્ષાદ, અને માગશરની ટાઢ વહિ જતાં હતાં. રાજ્ય વૈભવમાં ઉછરેલા સુકુમારોને માટે આ સંકટ કંઈ ઓછું નહતું. પણ જ્યારે તેમણે પ્રજાના અને રૂષિયોના ત્રાસનું વૃત્તાન્ત રૂષિ પાસેથી સાંભળ્યું ત્યારે તેઓ પોતાના દુ:ખને વિસરી ગયા. પ્રજાને તે અસુરોના ત્રાસમાંથી શી રીત્યે બચાવવી તેનો વિચાર કરવા લાગ્યા. અને રૂષિયોનું સાંત્વન કરી મનમાં દ્રઢ સંકલ્પ કર્યો કે આ ભૂમિ પરથી રાક્ષસોનો ભાર ઓછો કરવો. પણ આ વખતે તેમની મદદમાં તેમના લઘુબંધુ લક્ષ્મણ શિવાય અન્ય કોઇ નહતું. વળી સીતાજી પણ સાથે હતાં. તે છતાં એ સ્વદેશાભિમાની નરરત્નની એવી માન્યતા હતી કે આપણા ઉપર આપણા પુરતીજ નહિ પણ બીજાઓનાં હીત સંભાળવાની પણ જવાબદારી રહેલી છે. તેથી તેમણે મારૂં અને મારી સ્ત્રીનું શું થશે તેની દરકાર છોડી દઇ તે સંકલ્પ સીદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. એક અરણ્યમાં વિરાધ નામના રાક્ષસે એમના પર આક્રમણ કર્યું. તેનો તત્કાળજ વધ કરવામાં આવ્યો. શૂર્પણખા નામની રાક્ષસી સ્ત્રીચરિત્રવડે રામ અને લક્ષ્મણને ફસાવવા અને સીતાજીને મારવા આવી પણ તેના સૌન્દર્યપર મોહિત ન થતાં શ્રીરામચંદ્રની આજ્ઞાથી લક્ષ્મણજીએ આત્મરક્ષાના નિયમાનુસાર તેનાં નાક કાન કાપી લીધાં. શૂર્પણખા રડતી રડતી પોતાના ભાઇ ખર પાસે ગઇ. તેણે પહેલાં પોતાના ચૌદ યોદ્ધાઓને રામ લક્ષ્મણને મારવા મોકલ્યા; પરંતુ શ્રીરામચંદ્રજીએ જ્યારે

તેમને પણ હતા ન હતા કરી નાખ્યા ત્યારે ખર, દુષ્ટ ત્રિશિરાદિ હજારો રાક્ષસોને લઇ શ્રી રામચંદ્રજી પર ચઢી આવ્યો. શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણ તથા સીતાને એક પર્વતની કંદરામાં મોકલી કવચ ધારણ કરી યુદ્ધારંભ કર્યો. રાક્ષસો તરફથી અનેક બાણ આવવા લાગ્યાં. રામચંદ્રજીએ ગંધર્વાસ્ત્ર છોડયું. જેથી એકનાં સેંકડો બાણ થઇ ચારે દિશામાં રાક્ષસોનો નાશ કરવા લાગ્યાં. થોડીજવારમાં શ્રીરામચંદ્રજીએ દૂષણ, મહાકપાલ, સ્થૂલાક્ષ, ત્રિશિરાદિ વીરોને સ્વધામ પહોંચાડયા. આથી રાક્ષસ ખર વિશેષ ક્રુદ્ધ થઈ યુદ્ધ કરવા લાગ્યો અને તેનાં બાણે રામનું કવચ ભેદી તેમાંથી લોહી કાઢયું. રામ આથી ધીરજ ન છોડતાં પૂર્વવત્જ લડતા રહ્યા અને થોડી વારે બ્રહ્મ દંડાસ્ત્ર જેવું અગ્નિમય બાણ ખરની તરફ છોડતાં તે અગ્નિથી બળતો ભૂમિ શરણ થયો. આ પ્રમાણે અસુરોનો સંહાર વળ્યાથી પ્રજા અને ઋષિમંડળને શાન્ત્વન થયું શ્રી રામચંદ્રજીને ધન્યવાદ તથા જયનાદ વડે વધાવી લીધા.

ગુરૂ—શિષ્ય—જેની શૌર્યતાએ અનેક મનુષ્યોને અનેક સંકટમાંથી મુક્ત કર્યા છે. તેનું શૌર્યત્વ પ્રસંશાને પાત્ર છે તેની જનનીનો શ્રમ સફળ છે. પુરૂષાર્થહીન મનુષ્યની વિશ્વમાં ગણના થતી નથી. તેનું સ્મરણ તેની પાછળ ધુળમાંજ ઢંકાઇ જાય છે. માટે જીવનનું સાર્થક કરવા જગત્ મ્હોટું મેદાન છે. તેમાં સર્વોત્તમ કીર્ત્તિ મેળવવી કે તિરસ્કારને પાત્ર થવું તે જીવન ધારણ કરનારના હાથમા છે. મનુષ્યજીવન પાણીના પરપોટા જેવું છે. પરપોટો જેમ ફુટયા પછી અદ્રષ્ય થાય છે તેમ જીવન નષ્ટ થતાં મનુષ્યનું અંગ કશા કામનું નથી. વ્યક્તિ સમાજ માટે છે પણ સમાજ વ્યક્તિ માટે નથી. આપણા ઉપર આપણા એકલા પુરતી નહિ પણ બીજાઓનાં હિત સંભાળવાની પણ જવાબદારી રહેલી છે, વસ્તુઓ પેદા

કરનારા પોતેજ તેનો ઉપયોગ કરતા નથી. પરંતુ અનેક વ્યક્તિ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીત્યે તેનો લાભ મેળવે છે. એક મનુષ્ય પોતે પોતાનો ચહેરો જોઈ શકતો નથી તે ઉપરથી કુદરતની રચના સિદ્ધ થાય છે કે તે પોતાના માટે નથી પણ સમાજના માટે છે. મનુષ્યનો ઉદાસ અને અદેખાઈ ભરેલો ચહેરો દેખી બીજાઓને દુઃખ થાય છે. ત્યારે મનુષ્યનો હસમુખો અને આનંદી ચહેરો દેખી બીજાઓને આનંદ થાય છે. મનુષ્ય પોતાના શારીરિક, માનસિક, અને નૈતિક બળનો જેવો ઉપયોગ કરે તેવી સમાજમાં તેની કિંમત અંકાય છે. જે માનવ રત્નની કિંમત સમાજમાં સ્તુતિ પાત્ર અંકાય છે. તેનુંજ જીવન સાર્થક છે. તેનીજ વિજયધ્વજા વર્તમાન અને ભવિષ્યકાળમાં અમર થઈ ફરકે છે. કેવળ સ્વાર્થપરાયણ મનુષ્યો માતૃભુમિ તથા જન્મદાતા માતાને વૃથા ભારરૂપ છે. જેણે સ્વદેશનું હિત કર્યું છે, જેણે સ્વધર્મ માટે પ્રાણાર્પણ કર્યો છે, જેમણે સ્વદેશને તાર્યો છે તેજ ખરો નરરત્ન છે અને તેનુંજ જીવન સાફલ્ય છે તેજ માનવસૃષ્ટિનો અલંકાર છે. જે પોતાના દેશને ચહાય છે તેને સર્વ કોઇ ચહાય છે. જે પોતાના દેશની સેવા કરે છે તે સદાને માટે પુજનિય અને અભિવંદનિય છે. સ્વદેશાભિમાન, દેશબંધુઓ પર પ્રીતિ અને ધર્મપર શ્રદ્ધા એ વીર પુરૂષના ઉત્તમ અલંકારો છે. માટે મનુષ્યે કેવળ સ્વાર્થપરાયણ ન થતાં જનસમાજના કલ્યાણને માટે સતત પ્રયત્ન કરવો જોઈએ.

આ વિષયમાંથી બીજો એક પ્રશ્ન એ ઉભો થાય છે કે એક મનુષ્ય દુનિયામાં શું કરી શકે ? તેનો ઉત્તર પણ આ જીવનચરિત્રમાંથીજ નીકળી આવે છે, અને તે એ કે માત્ર રામચંદ્રજી એકલાએ સહસ્ત્રો રાક્ષસોને મારી જનસ-

માજનું કલ્યાણ કર્યું હતું. મનુષ્યને પોતાની આત્મશક્તિ ઉપર વિશ્વાસ હોય, ઇચ્છાશક્તિ પ્રબળ હોય, સંકલ્પ દૃઢ હોય, અને પ્રતિજ્ઞા અટલ હોય તો ધનબળ અથવા જન-બળ ન હોવા છતાં પણ તે સર્વ પ્રકારની પ્રતિકુળ શક્તિનો પરાભવ કરીને વિજય પ્રાપ્ત કરી શકે છે. જે માણસ કોઈ પણ કાર્યને માટે દૃઢ સંકલ્પવાળો થાય છે તે શારિરિક ક્લેશને વિઘ્ન તરીકે ગણતો નથી. અને અન્ય પ્રકારનાં સંકટો પણ ધર્મ સમજનાર બહાદુર પુરૂષની સામે ઉભાં રહી શકતાં નથી પર્વતપરથી ચાલતો પાણીનો પ્રવાહ જેમ રસ્તામાં આવતા અનેક પત્થરોને ઓળંગી જાય છે તેમ શૌર્યવાન પુરૂષ અનેક વિઘ્નોને ઓળંગી સ્વકર્તવ્ય સંપૂર્ણ કરે છે.

શ્લોક.

यत्र बलो वध्यमानस्त्रातारं नाधिगच्छाति ।
महान् दैवकृतस्तत्र दंडः पतति दारुणः ॥
कृपणानाथवृधानां यदृश्रु परिमार्जाति ।
हर्षे संजन यन्नृणां स राज्ञो धर्म उच्यते ॥

અર્થ જ્યાં દુર્બલ લોકો બીજાથી પીડા પામવા છતાં રક્ષા કરનાર રાજાની મદદ મેળવી ન શકે ત્યાં દૈવનો દંડ જોરથી પડે છે. (૨) દીન, અનાથ અને વૃદ્ધ એઓનાં દુઃખથી ઝરતાં અશ્રુને નિવારણ કરવાં તથા તેવા મનુષ્યોના હૃદયમાં હર્ષને ઉપજાવવો એ રાજાનો ધર્મ કહેવાય છે.

अध्याय १० मो.

श्लोक.

कामधेनु गुणा विद्या ह्यकाले फलदायिनी ।
प्रवासे मातृ सदृशी विद्या गुप्तं धनं स्मृतम् ॥
येषां न विद्या न तपो न दानं न चापि शीलं न गुणो न धर्मः।
ते मृत्यु लोके भुवि भारभूता मनुष्य रुपेण मृगाश्चरन्ति ॥

અર્થ:—વિદ્યામાં કામધેનુના જેવા ગુણ છે. કેમકે તે કવખતે પણ ફળ આપનારી છે. અને પ્રવાસમાં તે માતા સમાન છે. વિદ્યાને ગુપ્ત ધન પણ કહે છે. (૨) જે મનુષ્યમાં વિદ્યા નથી, દાન નથી, શીલ નથી, ગુણ નથી કે ધર્મ નથી તે કેવળ આ પૃથ્વી પર ભાર રૂપેજ કોઇને મનુષ્યના રૂપમાં મૃગ (પશુ) ની પેઠે ફરે છે.

ગુરૂ—શ્રી રામચંદ્રજી પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરવાને નીરંતર કેવી રીત્યે તત્પર રહેતા હતા ?

શિષ્ય—આપણે જાણીએ છીએ કે શ્રી રામચંદ્રજીએ વેદ, ન્યાય શાસ્ત્ર, તત્વ જ્ઞાન અને ધનુર્વિદ્યા ઈત્યાદીનું શ્રેષ્ટ જ્ઞાન સંપાદન કર્યુ હતું. બીજા શબ્દોમાં કહીએ તો રામચંદ્રજી સર્વગુણ સંપન્ન હતા જે ગુણોએ તેમના વખતની પ્રજાને એટલી બધી આકર્ષી લીધી હતી કે પેઢી દર પેઢી પોતાનાં બાલ બચ્ચાંને રામ અને સીતાનું, તેમજ લક્ષ્મણ ભરતની ભ્રાતૃ ભક્તિનું આખ્યાન સંભળાવવું એ એક પવિત્ર ફરજ તેઓ માનતા. તેવા સર્વ ગુણ સંપન્ન શ્રી રામચં-

દ્રજી પણ નીરતર પોતાના જ્ઞાનમાં વૃદ્ધી કરવાને તત્પર રહેતા. જ્યારે તેઓ વિશ્વામીત્ર રૂષિની સાથે યજ્ઞ કાર્યમાં રક્ષાને અર્થે ગયા હતા ત્યારે રૂષિ વિશ્વામીત્ર પાસેથી તેમણે કેટલુંક નવીન જ્ઞાન અને શસ્ત્રવિદ્યા પ્રાપ્ત કરી હતી. તે આપણે જાણીએ છીએ, જ્યારે તેઓ વનવાસ નિકળ્યા અને અગસ્ત્ય રૂષિના આશ્રમમાં ગયા ત્યારે પણ કેટલુંક જ્ઞાન પ્રાપ્ત કરી રૂષિ પાસેથી અનેક અસ્ત્ર શસ્ત્ર મેળવ્યાં હતાં. મહાત્મા અત્રિ રૂષિના આશ્રમમાં જઇને પણ તેમણે કેટલુંક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ પ્રમાણે શ્રીરામચંદ્રજી વિદ્વાન મહર્ષિઓની પર્ણકુટિમાં જઇને નવીન જ્ઞાન પ્રાપ્ત કરતા ઉપદેશ શ્રવણ કરતા, એટલુંજ નહિ પણ પોતાની ધર્મપત્ની સીતાજીને પણ રૂષિ પતિન પાસેથી જ્ઞાન મેળવવાની આજ્ઞા કરતા. જ્યારે શ્રી રામચંદ્રજી અત્રિ રૂષિના આશ્રમમાં ગયા, ત્યારે પરસ્પર ઓળખાણ કરાવતાં રૂષિએ શ્રીરામચંદ્રજીને કહ્યું કે, "હે રામ ! આ મ્હારી વૃદ્ધ પત્ની અનસુયા છે તે એવી તપસ્વિની છે કે પૂર્વે જ્યારે સામટો દસ વર્ષ સુધી વરસાદ ન થતાં મહા દુષ્કાળ પડયો હતો ને સર્વ લોક અતિ સંતપ્ત થયા હતા ત્યારે એણે રૂષિયોના જીવન માટે ફળ તથા મુળ વગેરે ઉત્પન્ન કર્યાં હતાં વળી તેની તપશ્ચર્યા અતિ ઉગ્ર હોવા છતાં ઘણાં તીક્ષ્ણ વ્રતો તથા નિયમો પાળવાથી તે બહુ કલ્યાણરૂપે સોહે છે. શ્રીરામચંદ્રજીએ સતી અનસૂયાને નમન કરવાનું અને તેમની પાસેથી ઉપદેશ સાંભળવાનું સીતાજીને કહ્યું. અનસૂયાએ આશીર્વાદ દીધો અને ઉપદેશ આપતાં કહ્યું કે "હે જનકપુત્રી ! ત્હારૂં કલ્યાણ થાઓ ! હે બાલે ! તું દૈવયોગથી પ્રાપ્ત થતા સમયના ધર્મને જાણે છે. સમયાનુસાર વર્તન રાખે છે એ બહુ પ્રશંસનિય છે. "હુ રાજપુત્રી છું તે વનમાં કેમ જાઉં ?" એવા બલિષ્ટ ગર્વનો

ત્યાગ કરીને વડિલે વનમાં મોકલેલા પોતાના પતિની સાથે વનમાં આવી છે એ ઘણું યોગ્ય છે. હે જનક પુત્રી ! પોતાનો પતિ જો કે નગરમાં કિંવા ઘોર અરણ્યમાં વસનારો તેમજ પોતાને અનુકુળ અથવા ગમે તેવો પ્રતિકુળ હોય તોપણ તેને પ્રભુ માનીને જે સ્ત્રી તેને પ્રીતિવડે અનુકુળ થઈ રહે છે તેને આ લોકમાં નિરંતર સુખની પ્રાપ્તિ થાય છે. પતિ દુઃશીલવંત હોય, અતિ કામી હોય, અથવા ધનરહિત હોય તોપણ સ્તુત્ય સ્વભાવવાળી સ્ત્રીનું તેજ પરમ દૈવત છે. હે વિદેહ પુત્રી ! સ્ત્રીએ અખંડ તપ કરવાની પેઠે આ લોક પરલોકનાં સુખ પ્રાપ્ત કરવા માટેનાં સર્વ સાધનો વડે પતિનેજ ભજવો યોગ્ય છે. કારણકે ઘણીક રીતના અનુભવથી તથા પરાપૂર્વના વિચારથી મેં સિદ્ધ કર્યું છે કે તેનો પરમ હિતકર્તા પતિ ઉપરાંત અધિક બીજો કોઇ નથી. હે સીતે ! લોકમાં નિંદાપાત્ર દુષ્ટ સ્ત્રીઓ કે જેઓનાં હૃદય માત્ર કામનાનેજ વશ હોય છે. જેઓ પતિને આજ્ઞા કરવામાં શરમ માનતી નથી ને સ્વતંત્ર થઈ ઇચ્છામાં આવે ત્યાં જવા અચકાતી નથી, તેઓ આમ તારી પેઠે પોતાના ગુણવાન કિંવા દોષવાન પતિની સાથે જવાનું માન મેળવી શકતી નથી. તારા સરખી ગુણવતી, તથા લોકાચાર જાણવાવાળી સતી સ્ત્રીયો પુણ્ય કરનારની પેઠે સ્વર્ગે વિચરે છે; માટે હે વિદેહી ! તું પરમ સદાચારિણી છે; તો પણ હું વળી તને કહું છું કે તું વિશેષે કરી પોતાના પતિનેજ અનુસરનારી, પતિનેજ સૌ વાતે મુખ્ય માનનારી, સમયને અનુસરી વર્તન રાખનારી અને પતિ સાથે રહી ધર્માચરણ કરનારી થા, કે જેથી યશ તથા ધર્મને પામીશ.” સીતાજીએ સતી અનસૂયાનો ઉપકાર માન્યો.

આ પ્રમાણે શ્રી રામચંદ્રજી અને સીતાજી સ્નાન સં-

પન્ન છતાં વિદ્વાન અને ધર્મશીલ મનુષ્યો પાસેથી ઉપદેશ સાંભળી પોતાના જ્ઞાનની નીરંતર વૃદ્ધિ ચાહતાં.

ગુરૂ—શિષ્ય ! મનુષ્ય દુનિયામાં જો કંઇ પણ દેખી શકે છે તો તે પોતાની ચક્ષુઓ વડે દેખી શકે છે એમ કહેવા કરતાં જ્ઞાન વડે દેખી શકે છે એમ કહેવું વધારે યોગ્ય છે. જેમ અજ્ઞાન મનુષ્ય ચક્ષુ છતાં હિરાને કાચ માની ફેંકી દે છે અને ઝવેરી પોતાના જ્ઞાનવડે તેની કિંમત જાણી શકે છે. પ્રકાશિત સૂર્ય કરતાં પણ મનુષ્યને જ્ઞાન વધારે ઉપયોગી છે. કેમકે ચક્ષુ હોય, સૂર્યનો પ્રકાશ હોય તથાપિ જ્ઞાનહિન મનુષ્યના જ્ઞાન બાહારની વસ્તુ તેને કંઇ કામની નથી. જગતનાં તમામ દુઃખો અજ્ઞાનતાને આભારી છે. દુઃખરૂપી દરિયાને તળીએ પહોચેલો મનુષ્ય જ્ઞાનબળવડે સુખરૂપી રત્નો શોધી શકે છે. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, વાયુ, અગ્નિ, વિદ્યુત, ઇત્યાદી ઇશ્વરી તત્વોની શક્તિને તાબે કરી લઇ મનુષ્ય પોતાની જ્ઞાનશક્તિનું તેનાપર સામ્રાજ્ય સ્થાપે છે અને તેથીજ એક મનુષ્યની જ્ઞાનશક્તિવડે થયેલી શોધ આજે અસંખ્યાત મનુષ્યોપર સુખની વૃષ્ટિ નીરંતર કરે છે. આ પ્રમાણે જ્ઞાન એક ચીંતામણી રત્ન હોવાથી તે પ્રાપ્ત કરવાને યોગ્ય છે. માટે મનુષ્યે અમુક અવધી પર્યંત નહિ, પણ જન્મથી મર્ણ પર્યંત જ્ઞાનવૃદ્ધિ માટે યત્ન કરવો જરૂરનો છે. પરંતુ સામ્પ્રતકાળે મનુષ્યો જોઇએ તેવા જીજ્ઞાસુ જણાતા નથી. માત્ર ભાષા જ્ઞાન થયું તેટલાથીજ સંતોષ માની તેઓ વિદ્વતાની અવધિ આવેલી માને છે. અરે ! કેટલાક તો ભાષા જ્ઞાનથી પણ બેનશીબ હોય છે. જ્યારે બીજા દેશોમાં નવીન શોધરૂપે જ્ઞાનની વૃદ્ધિ કરવાનો યત્ન ચાલે છે. ત્યારે આપણા દેશમાં હાલ સુધી થયેલી શોધનું વાસ્તવિક સ્વરૂપ સમજવા જેટલી પણ કોશીશ કરવામાં આવતી નથી.

જ્યારે બીજા દેશોમાં "આજે મેં નવીન જ્ઞાન શું મેળવ્યું? તેનો વિચાર કરી હંમેશ પોતાના જ્ઞાનમાં વધારો કરવાની પ્રણાલિકા શરૂ થઇ છે. ત્યારે આપણા દેશમાં માત્ર પરિક્ષામાં પસાર થવાના હેતુથીજ શિક્ષણ લેવામાં આવે છે અને જેમ એક કોથળામાં ભરી રાખેલું ભુંસું ધીમે ધીમે ઓછું થાય છે તેમ બળાત્કારે મગજમાં પુરી રાખેલું જ્ઞાન પણ પ્રતિદીન ભૂલાતું જાય છે. સુધરેલા દેશોમાં માત્ર વિદ્યાર્થી જીવનમાંજ નહિ પણ વૃદ્ધાવસ્થા પર્યંત નવું નવું શિખવા તરફ ધ્યાન આપવામાં આવે છે ત્યારે આપણા દેશમાં નીશાળમાં ભણતી વખતેજ મહેતાજી ભણાવે તે ભણવું એવી ભાવના રાખવામાં આવે છે જ્યારે સુધરેલા દેશોમાં ધંધાદારી લોકો પણ ફુરસદનો સમય જ્ઞાન વૃદ્ધિમાંજ વ્યતિત કરે છે ત્યારે આપણા દેશમાં ફુરસદનો સમય મનુષ્યો નિરર્થક કાર્યમાં વ્યતિત કરે છે. સુધરેલા દેશોમાં એક ભિક્ષુકની પાસે કે એક અંત્યજની પાસે પણ નવીન શિખવાનું હોય તો તે જાણવાની દોડાદોડી કરવામાં આવે છે ત્યારે આપણા દેશમાં વિદ્યાર્થીઓ નિશાળમાં ભણતી વખતે પણ જ્ઞાન મેળવવું એ જાણે મહાન સંકટનું કાર્ય હોય તેમ માની તેની પ્રાપ્તી માટે અંતઃકરણથી ઉલટ ધરાવતા નથી. તેમણે શ્રી રામચંદ્રજીનો અને સીતાજીનો દ્રષ્ટાન્ત મનન કરવા યોગ્ય છે.

શ્લોક.

विषादप्य मृतं ग्राह्यं बालादपि सुभाषितम् ।
अमित्रादपि सद्वृत्तम मेध्यादपि कांचनम् ॥

અર્થ—અમૃત વિષયુક્ત હોય તો વિષને દૂર કરીને અમૃત ગ્રહણ કરવું, બાળક પણ હિતનું વચન કહે તો તે

ગ્રહણ કરવું. શત્રુમાં પણ સારો ગુણ હોય તો ગ્રહણ કરવો, અને અપવિત્ર સ્થાનમાંથી પણ સુવર્ણ મળી આવે તો ગ્રહણ કરવું.

अध्याय ११ मो.

श्लोक.

निश्चित्ययः प्रक्रमते नान्तर्वसति कर्म्यणः।
अवन्ध्यय कालो वस्यात्मा स वै पंडित उच्यते॥

यं विषादोऽभि भवति विक्रमे समुप स्थिते।
तेजसा तस्य हीनस्य पुरुषार्थो न विद्यते॥

અર્થ:—જે પ્રથમ નિશ્ચય કરીને કાર્યમાં પ્રવૃત થાય છે. કાર્ય સંપૂણ થયા વિના શાન્ત થતો નથી. ને પળ પણ જેની વૃથા જતી નથી તેજ પંડીત છે. (૨) પરાક્રમ કરવાને સમયે જે પુરૂષ ખેદથી હારી જાય છે. તે તેજ રહિત પુરૂષમાં પુરૂષાર્થ રહેતું નથી.

ગુરૂ—અનેક મુસ્કેલીઓને ભેદી સ્વકર્તવ્ય સંપૂણ કરવા માટે શ્રી રામચંદ્રજીનામાં કેવું આત્મબળ હતું ? તે એ જીવન ચરિત્રને ઉદ્દેશી જણાવો.

શિષ્ય—રાજ્ય મહાલયોમાં અનેક પ્રકારનો વૈભવ ભોગવનાર શ્રી રામચંદ્રજી અરણ્યમાં અનેક વિપત્તીઓ સહન કરતા હતા તે વખતે શ્રી રામચંદ્રજી પાસે કોઈ પણ સુખરૂપ વસ્તુ હતી તો તે માત્ર દેવી સીતાજી હતાં. સતી સીતાના

પગ કાંટાઓથી વિંધાઇ જતા હતા. કંઠ તૃષા વડે સુકાઈ જતો હતો પણ તે પતિવ્રતા સ્વામિને બોજારૂપ ન થતાં નીરંતર પતિભક્તિમાં તત્પર રહેતી હતી. કુદરતની અલૌકિક રચનાઓનું વર્ણન કરી અનેક રસમય વાર્તાઓથી, અને લાલીત્યપૂર્ણ ગાયનોથી શ્રી રામચંદ્રજીને સદૈવ પ્રસન્ન રાખતી હતી. સીતાજીએ પોતાની સુઘડતાથી, અને શ્રેષ્ટતાથી વિકટ જંગલને પણ મંગળમય બનાવ્યું હતું. સતીની પતિ ભક્તિમાં અને તેના મધુર વાણી વિલાસમાં શ્રી રામચંદ્રજીનો સમય ઝટપટ વ્યતિત થતો હતો. પરંતુ તે આનંદ પણ વધારે વખત ટકી શકયો નહિ.

પંચવટી યુદ્ધમાંથી નાશી ગયેલા અકંપને ખરાદિ રાક્ષસોના વધની ખબર રાવણને કહી તેથી તેમજ શુર્પણખાને જોઇને, રાવણ ક્રુધ થઇ અકંપન તથા મારીચની સાથે પંચવટી પહોંચ્યો. મારીચ મૃગનો વેશ પોતાપર નાખી સીતાની સામેથી વિચરવા લાગ્યો. સીતાયે તે મૃગને પકડવાની ઇચ્છા જણાવતાં શ્રીરામચંદ્રજીને લક્ષ્મણે કહ્યું કે,—“ મૃગ આવો સુંદર હોતો નથી આતો બનાવટી મૃગ લાગે છે. મેં સાંભળ્યું છે કે તે મારીચ છે. શ્રી રામચંદ્રજીએ ઉત્તર આપ્યો—“એમ હશે તો હું એનો વધ કરીશ અને ખરેખરજ મૃગ હશે તો એને પકડી લઇશ. તમે સીતાની રક્ષા કરો હું આ મૃગ ભણી જાઊં છું ”

રામને પોતાની તરફ આવતા જોઇ મૃગ દોડયો. અને જ્યારે દુર સુધી દોડી ગયો ત્યારે રામે તેને ઓળખી લીધો અને બરાબર તાકીને એવું બાણ માર્યું કે પૃથ્વી શરણ થયો. આથી બનાવટી મૃગ મારીચે મરતી વખતે મૃગનાં શરીરને કાઢી નાંખી ફેંકી દીધું અને “ હે સીતા ! હે લક્ષ્મણ ! ”

પોકારતો પોકારતો મરણ પામ્યો. આથી સીતાએ શ્રી રામ-રક્ષાર્થે લક્ષ્મણને તે તરફ મોકલ્યા.

લક્ષ્મણ થોડેક દૂર ગયા હશે એટલામાં એક દંડકમંડલુ ધારણ કરેલો સાધુ સીતા પાસે આવી પહોંચ્યો. સીતાએ તેને અતિથિ સમજી અત્યંત સત્કારથી જલાદિ લાવી તેની સામે મેલ્યાં. સાધુ સીતાને વાતચીતના પ્રસંગમાં કહેવા લાગ્યો કે "હું લંકાનો રાજા રાવણ છું. અને તારાપર મોહિત છું-મારી સાથે ચાલ અને આનંદથી લંકાનું રાજ્ય કર" આથી સીતા જ્યારે ક્રોધીત થઇ તેને કુવચન સંભળાવવા લાગી ત્યારે રાવણે બળાત્કારથી તેને પકડી પોતાના વિમાનમાં બેસાડી ચાલતી પકડી.

બીજી તરફ રામ-લક્ષ્મણ કુટીમાં આવી જુએ છે તો સીતા ન મળે. આમતેમ શોધી પાછા નિરાશ થઇ કુટીમાં આવ્યા. આ પ્રસંગ શ્રીરામચંદ્રજીને માટે દુઃખ ઉપર ડામ સમાન હતો. લક્ષ્મણ આ બનાવથી શોકાકુળ થઇ રૂદન કરવા લાગ્યા. શ્રીરામચંદ્રજીને જો કે આ બનાવથી વજ્રપાત આઘાત થયો હતો તથાપી જ્યારે તેમણે જટાયુ દ્વારા જાણ્યું કે રાવણે તેનું હરણ કર્યું છે ત્યારે હંમેશની માફક પૂર્ણ દૃઢતા અને ધૈર્ય ધારણ કરી લક્ષ્મણને કહ્યું કેઃ,—પ્રિયબંધુ ! આ સમય ગભરાઇ કાયર થઇ બેસી રહેવાનો નથી, દડો જેમ જમીન સાથે જોરમાં પછાડાઈ તેટલાજ વેગથી પુનઃ ઉછળે છે તેમ આપણા ઉપર જેટલા બળથી દુઃખનો હુમલો થાય તેટલાજ બળથી ધૈર્ય ધારણ કરી દુઃખમાંથી મુક્ત થવા પુરૂષાર્થ કરવો જોઇએ.

શ્રીરામચંદ્રજીને ખબર હતી કે રાવણ એક બળવાન રાજા છે. તેની પાસે પુષ્કળ દ્રવ્ય છે, અસંખ્યાત કિલ્લા

છે. અનેક હથીયારો છે, અને પુષ્કળ સાધનો છે, પરંતુ તેની સાથે તેઓ એ પણ જાણતા હતા કે તે સંપૂર્ણ અહંકારી છે, મદોન્મત છે, દુરાચારી છે, પ્રજાપીડક અને જુલમી છે માટે તેનો પરાજય થવો મુશ્કેલ નથી.

રાવણનું નામ જાણ્યા પછી લક્ષ્મણે અયોધ્યાથી સૈન્ય મંગાવવા શ્રી રામચંદ્રજીની સંમતિ પૂછી હતી ત્યારે શ્રીરામચંદ્રજીએ ઉત્તર આપ્યો હતો કે " મનુષ્યનું આત્મબળ હજારો મુશ્કેલીઓને ભેદી સ્વકર્ત્તવ્ય સંપૂર્ણ કરવામાં વિજયી નિવડે છે. ઇચ્છા પ્રબળ હોય અને સંકલ્પ દૃઢ હોય તો દેહપાત કરીને અથવા આત્મભોગ આપીને પણ માણસ જે સાધવું હોય તે સાધી શકે છે. જેનામાં આત્મબળ છે તેને અનેક સ્હાયતાઓ તેની મેળે આવી મળે છે. જેને આત્મશક્તિનું જ્ઞાન નથી. જ્ઞાન હોય તો સંકલ્પો દૃઢ હોતા નથી, સંકલ્પ દૃઢ હોય તો, આસ્થા, નિશ્ચય, અને સાહસની સાથે તેની સાધના કરવામાં આવતી નથી, તેઓ કાર્યસીદ્ધિને પામતા નથી. " એમ કહી શ્રીરામચંદ્રજીએ પોતાના આત્મબળ અને બુદ્ધિ સામર્થ્યથી રાવણનો પરાજય કરવા સંકલ્પ કર્યો. તેમની માન્યતા એવી પણ હતી કે દુનિયામાં અશાંત અને ધાંધાટ કરનારાઓ કરતાં શાંત અને ગુપચુપ કામ જેઓ કરે છે તેઓ વધારે ફતેહ મેળવે છે. શ્રીરામચંદ્રજીને પોતાના બાહુબળ ઉપર એવી દૃઢ શ્રદ્ધા હતી કે હું રાવણના અસંખ્ય સૈન્યરૂપી દુસ્તર સાગરને પાર પામીશ. તેથી રામ અને લક્ષ્મણ દૃઢતા અને નિશ્ચયનું સેવન કરતા આગળ વધ્યા. પંપાસરની બાજુ પ્રયાણ કર્યું. ત્યાંથી રૂષ્યમૂક પર્વતપર ગયા. ત્યાં હનુમાનજીની મુલાકાત થઈ તેઓ સુગ્રીવની પાસે લઇ ગયા. સુગ્રીવ અને રામ વચ્ચે મૈત્રી થતાં બેઉએ એક બીજાનું દુઃખ પરસ્પર

કહ્યું. જ્યારે શ્રીરામચંદ્રજીએ જાણ્યું કે કિષ્કિંધામાં રાજ્ય કરનાર વાલીએ પોતાના ન્હાના ભાઇ સુગ્રીવની હયાતીમાં તેની સ્ત્રીનું હરણ કરી અત્યાચાર કર્યો છે, ત્યારે રાજ્ય-શાસન વ્યવસ્થાનુસાર તેને શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો. અને કિષ્કિંધા આવી પહોંચ્યા. વાલી સાથે યુદ્ધ કર્યું. શ્રીરામ-ચંદ્રજીએ ઝાડની ઓથેથી એક બાણ એવું તો તાકીને માર્યું કે વાલી તત્કાળ ધુળ ફાકતો થયો. કિષ્કિંધાનું રાજ્ય સુગ્રી-વને મળ્યું ત્યાર પછી સુગ્રીવે સીતાજીની શોધ માટે પોતાનું સૈન્ય ચારે બાજુ મોકલી આપ્યું. સૌથી વિશેષ સુચના હનુમાનને આપવામાં આવી અને તેની સાથે નીલ, અંગદ, તથા જાંબુવાનને મોકલવામાં આવ્યા. સાથે "રામ" શબ્દ કોતરેલી વીંટી આપી. અનેક પર્વત, શ્રૃંગ, ગિરી, ગુફાઓ, ગાડીઝાડીવાળાં વનો, નદી કિનારા વટાવી તેઓ દક્ષિણે સમુદ્ર કિનારે પહોચ્યા. જ્યાં તેમની ગતિ અટકી પડી. સમુદ્રને પેલેપાર લંકા નગરી હતી ત્યાં શી રીત્યે જવું એ એક કઠિન સવાલ થઇ પડયો. સર્વેએ જઇ હનુમાનને વિનવ્યું કે,–"તમે આટલા બુદ્ધિવાન, જ્ઞાની, અને બળવાન હોવા છતાં મૌન ધારણ કરી બેશી રહ્યા છો એ ઠીક નહિ. તેથી જો આ કામ આપ ઉપાડી લેશો તો જરૂર ફતેહ મળશે" હનુમાને સમુદ્રમાં પડી તરવા માંડ્યું. પેલેપાર જઈ સંધ્યા-કાળ થતાંજ તેમણે નગરમાં પ્રવેશ કર્યો અને સીતાજીની શોધ શરૂ કરી. અનેક પ્રયત્ન પછી અશોક વાટિકામાં તેઓ સીતાજીને મળ્યા. શ્રીરામચંદ્રજીનો સંદેશો કહી આશ્વાસન આપ્યું સીતાએ હનુમાનને ચૂડામણિ આપી શીઘ્ર ચઢાઈ લાવવાનો પ્રતિઉત્તર કહાવ્યો હનુમાન ત્યાંથી પાછા ફર્યા. પરંતુ ભૂખ બહુ લાગવાથી રસ્તામાં ફળ તોડી ખાવા લાગ્યા. રાક્ષસોએ આથી કોલાહલ કરી મૂકયો જેથી અંતમાં તક-

રાર થઇ પડી. કેટલાક રાક્ષસો માર્યા ગયા. હનુમાનજીને પણ કેટલુંક સહન કરવું પડયું પણ આખરે તેઓ લંકામાં આગ લગાડી સમુદ્ર પાર ઉતરી ગયા. અને શ્રીરામચંદ્રજીની પાસે આવી પહોંચ્યા. સીતાજીએ આપેલી ચુડામણિ રજુ કરી પ્રત્યુત્તર કહી સંભળાવ્યો. તે ઉપરથી પ્રયાણની તૈયારી કરી સૈન્ય સહિત સમુદ્ર કિનારે આવી પહોંચ્યા. રાજશિલ્પી નીલે ભારત અને લંકાની વચમાં સાગરમાં પૂલ બાંધી દેવાની પોતાની ઇચ્છા જણાવી. વાનર સમૂહ આસપાસ જંગલોમાંથી મોટાં મોટાં વૃક્ષ તથા પથ્થર લાવવા લાગ્યા. પાંચ દિનમાં પૂલ તૈયાર થઇ ગયો. સૈન્ય સાથે પેલે પાર ગયા. લંકામાં સુવેળાચળ પર્વતની તળેટીમાં પડાવ નાખ્યો. પ્રથમ રાવણને પોતાનાં કૃત્યની માફી માગવા અને સીતાને પાછી સોંપવાનો સંદેશો લઇ અંગદને દૂત તરીકે મોકલ્યો. પરંતુ તે પ્રયત્ન વૃથા ગયો. વિભિષણે રાવણને સમજાવ્યો પણ રાવણે તેનું ઘોર અપમાન કર્યું. આથી વિભીષણે રામનો પક્ષ લેવા નિશ્ચય કર્યો. લડાઇ શરૂ કરવામાં આવી. રાવણના મહાન સૈન્યનો નાશ કર્યો. છેવટ રાવણ પોતે કેટલાક સૈન્ય સાથે લડાઇમાં આવ્યો. તેણે સારી બહાદૂરી બતાવી લક્ષ્મણ જેવા બળવાન યોદ્ધાને ઘાયલ કર્યો. પરંતુ સુષેણ વૈદ્યની આજ્ઞાનુસાર હનુમાન ઔષધિ લાવ્યા. તેથી લક્ષ્મણ સાવધ થયા. ઘણી રસાકસીના પરિણામે રાવણ મરાયો અને સીતા પ્રેમપૂર્વક શ્રી રામચંદ્રજીને આવી મળ્યાં શ્રી રામચંદ્રજીનો સંપૂર્ણ વિજય થયો અને પ્રજા તેમને ધન્યવાદ આપવા લાગી.

ગુરૂ—શિષ્ય ! હક અને જવાબદારી સમજનાર શુરવીર અને ટેકવાળા ઉત્તમ પુરૂષો પ્રાણાન્ત સંકટ સમયે પણ પોતાનો ટેક છોડતા નથી. શ્રી રામચંદ્રજીને અરણ્યમાં રા-

જ્યાભિષેક કરવાને અયોધ્યાનું જે સૈન્ય આતુર હતું તે સૈન્ય શ્રી રામચંદ્રજીની સહાયતા માટે સહેલાઇથી આવી શકત, તથાપી વનવાસની મુદત પુરી થતાં સુધી અયોધ્યાના રાજ્યની સાથે કોઇ પ્રકારનો સંબંધ નહિ રાખવાનો નિશ્ચય તેમણે અંત પર્યંત ઘણા વિકટ પ્રસંગોમાં પણ જાળવી રાખ્યો. એવી દ્રઢતા ઉત્તમ પુરૂષોને માટે અનુકરણીય છે કે જે દ્રઢતા આત્મબળપર આધાર રાખનારાઓજ ઘણે ભાગે જાળવી શકે છે. કહેવત છે કે "આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ" જેનામાં આત્મબળ નથી તે સ્વકર્તવ્યમાં કદી પણ વિજય મેળવી શકતો નથી. કેટલીક વખત મનુષ્ય નિરાશાને આધીન થઇ એવી દલીલ કરે છે કે "હું એકલો શું કરી શકું ?" તેમણે સૂર્યનો દ્રષ્ટાન્ત લક્ષમાં રાખવો જોઇએ. સૂર્ય એકજ છે પણ તે પ્રકાશ આપવા ઉપરાંત અનેક જળાશયોમાંથી પાણી વરાળ રૂપે આકાશમાં ખેંચી લઈ મેઘ વર્ષાવવામાં ફતેહમંદ થઈ શકે છે. તેમ એક આત્મબળવાળા મનુષ્ય હજારો અને લાખો મનુષ્યોને પોતાની તરફ ખેંચી શકે છે.

શ્રી રામચંદ્રજીનું ચારિત્ર્ય એ સિદ્ધાન્તની અસરકારક સાબીતી આપે છે, અને તે ઉપરથી આપણને સ્પષ્ટ સમજાય છે કે મનુષ્યને માટે સામર્થ્યનું ક્ષેત્ર વિશાળ છે, તેથી તેને કોઈ પ્રતિકુલતા પ્રાપ્ત થતાં તે નિરાશ થઇ જતો નથી. કેમકે પ્રયત્નવડે તે પ્રતિકુલતા દુર કરવાનાં તેને અનેક સાધનો મળી આવે છે. એક નહિ તો બીજાું, બીજાું નહિ તો ત્રીજાું, એમ વિવિધ સાધનો પ્રાપ્ત કરી હિંમતપુર્વક પ્રતિકુલતા ઉપર જય પ્રાપ્ત કરી સ્વકર્તવ્ય સંપૂર્ણ કરે છે. એવી દ્રઢતા, હિંમત, અને નિશ્ચયાત્મક બુદ્ધિનો આધાર આત્મબળ ઉપર અવલંબે છે માટે મનુષ્યને ઉચિત છે કે તેમણે ઇન્દ્રિયોને

આત્મબળ પ્રાપ્ત કરવા માટે કામે લગાડવી જોઇએ. જેઓની ઇન્દ્રિઓ અન્ય માર્ગમાં રોકાએલી છે તેમના કર્તવ્યમાર્ગમાં અનેક વિઘ્નો આવી પડે છે. માટે કીર્તિરૂપી મંદિરમાં જેઓ કર્તવ્ય બજાવવા માટે સંકલ્પ કરવાની ઇચ્છા કરતા હોય, અને ફતેહમંદ થવા ઇચ્છતા હોય તેમણે પહેલાં દેહ, મન અને વાણીથી શુદ્ધ અને જીતેન્દ્રિય થવું જોઇએ કે જેથી આત્મા નિયમમાં રહી શકે. આત્માને નિયમમાં રાખવાથી તેની શક્તિનો સંચય થાય છે. સંકલ્પ શુદ્ધ થાય છે. ઇશ્વર સહાય કરે છે. સાધના સહજમાં સરળતાથી થાય છે અને સીદ્ધી નજદીક આવે છે.

બીજો પ્રશ્ન આ વિષયમાંથી એ ઉત્પન્ન થાય છે કે શ્રી રામચંદ્રજી ધર્મીષ્ટ, પરોપકારી, અને સદાચારી હતા છતાં તેમના દુઃખપર દુઃખ આવી પડયું તેનું શું કારણ હશે? પરંતુ તમારે યાદ રાખવું જોઇએ કે તેવા સદ્ગુણી અને મહાન પુરૂષો ઉપર આવતાં સંકટ તેમને જગત્‌માં વિજયી અને અમર બનાવવા માટેજ હોય છે. જેમ અનેક ફળોને જન્મ આપનારૂં વૃક્ષ ત્યારેજ ઉત્પન્ન થાય છે કે જયારે તેના બીજને પોતાનો ભોગ આપવાનું દુઃખ પ્રથમ સહન કરવું પડે છે. આ સંસાર સુધારાના મહાન સુત્રધારો, રાજકારોબારમાં સુધારો કરાવનાર મહાન નેતાઓ, અને દુનિયાની સચ્ચાઇઓનું અને સત્યધર્મનું ભાન કરાવનાર પુજ્ય મહર્ષીઓ કે જેમને આપણે માનની નજરથી જોઇએ છીએ તેઓ તમામ દુઃખની મુશ્કેલ પરિક્ષાઓમાં પસાર થયા પછીજ પ્રખ્યાત થયા છે. માટે મનુષ્યને ગમે તેટલું દુઃખ પડયા છતાં તે દુઃખને સુખના બીજરૂપે માની લઈ સત્ય અને સદાચારને વળગી રહી આદર્શ જીવન વ્યતિત કરવાને યત્ન કરવો જોઇએ.

કેટલીક વખત આપણે પાપી મનુષ્યોને અનેક રીદ્ધિ-સીદ્ધિ ભોગવતા, અથવા મહાન સત્તાને ધારણ કરનારા વિલોકીએ છીએ ત્યારે આપણે ઊંડા વિચારમાં નિમગ્ન થઇ શંકા કરીએ છીએ કે પાપનું ફળ તો દુઃખ હોવું જોઇએ છતાં આવું સુખ શાથી મળ્યું હશે તેવી શંકા કરનારાઓ પ્રથમ તો સુખ અને દુઃખનો વાસ્તવિક અર્થ સમજતા નથી. બાવળ પોતાની સુળોથી અનેક મનુષ્યોને દુઃખ આપ્યા છતાં તે વિના પ્રયત્ને ફાલી ફુલીને વિશાળ થાય છે. પરંતુ આખરે તો તેને જગત તિરસ્કારની દૃષ્ટિથી અનુભવે છે. રાવણ પાપી છતાં સમૃદ્ધિવાન અને વિશાળ રાજ્યનો ધણી હતો. પરંતુ તેજ સમૃદ્ધિ તેના પરાજયનું કારણ થઇ પડી હતી. તે પ્રમાણે પ્રત્યેક પાપી મનુષ્યો પાસેનાં સાધનો પરીણામે તેને શીક્ષા કરવામાંજ મદદગાર થઇ પડે છે. માટે પાપી મનુષ્યોને ક્ષણીક સુખ ભોગવતા નિહાળી, અને ધર્મીષ્ટોને દુઃખી હાલતમાં અવલોકી પાપ તરફ પ્રેરાવું નહિ.

अध्याय १२ मो.

श्लोक.

लोभात् क्रोधः प्रभवति लोभात् कामः प्रजायते।
लोभान्मोहश्च नाशश्च लोभः पापस्य कारणम्॥
लोभे न बुद्धिश्चलति लोभो जनयते तृषाम्।
तृष्णार्त्तो दुःख माप्नोति परत्रेह च मानवः॥

અર્થ:—લોભથી ક્રોધ થાય છે. લોભથી કામ જન્મે છે, લોભથી મોહ તથા વિનાશ થાય છે, અને લોભ પાપનું કારણ છે. લોભથી બુદ્ધિ ચલિત થાય છે. લોભથી તૃષ્ણા જન્મે છે. અને તૃષ્ણાથી પીડાયેલો મનુષ્ય આ લોક તથા પરલોકમાં દુઃખ પામે છે.

ગુરૂ—શ્રી રામચંદ્રજી લોભને વશ નહિ થતાં ન્યાય-વૃતિને મક્કમપણે કેવી રીત્યે વળગી રહ્યા હતા?

શિષ્ય—હું પહેલાં કહી ગયો છું કે શ્રીરામચંદ્રજીએ અનેક અસુરોને,—પ્રજાને તેમના ત્રાસમાંથી બચાવવા માટે—પ્રાણ વિમુક્ત કર્યા હતા. પરંતુ તે અસુરોનું રાજ્ય પોતાને સ્વાધિન કરવાનો તેમણે કદી લોભ કર્યો ન હતો. વાલીને મારી તેનું રાજ્ય સુગ્રિવને આપ્યું. પરંતુ તેમાંથી કાંઇપણ ભાગ માગવાની તેમણે ઇચ્છા કરી ન હતી. જેવી રીત્યે સુગ્રીવને રાજ્ય અપાવ્યું તેવી રીત્યે કોઈ બીજું રાજ્ય જીતી લેવાને તેઓ સંપૂર્ણ સામર્થ્યવાન હતા પરંતુ બીજાના હક્કને નુકશાન કરી રાજ્ય અગર રિદ્ધિ સીદ્ધિ ભોગવવા

કરતાં વનવાસ તેમને વધારે પ્રિય હતો. રાવણને મારી લંકાનું રાજ્ય તેમણે સ્વપરાક્રમથી જીતી લીધું હતું છતાં પણ તે રાજ્ય પોતે ન સ્વિકારતાં અથવા પોતાના વ્હાલા બંધુને કે રણક્ષેત્રમાં લોહી રેડી અંતઃકરણથી મદદ કરનાર બહાદૂર યોદ્ધાઓને નહિ આપતાં જે ખરો હકદાર હતો તેનેજ એટલે રાવણના સગા બંધુ વિભિષણને આપ્યું હતું એટલુંજ નહિ પણ રાવણના રાજ્યમાંથી એક રતી માત્ર દ્રવ્ય પોતાના સૈન્યમાંનો કોઇપણ માણસ લઈ શકે નહિ તેવો બંદોબસ્ત કર્યો હતો. રાજ્ય જેવી સંપૂર્ણ સત્તા અને રીદ્ધિ સીદ્ધિ-વાળી વસ્તુ સ્વાધીન થયા છતાં શુદ્ધ ન્યાય, અને પવીત્ર નીતિને માટે તેનાથી નહિ લોભાતાં તેને તૃણવત્ માની ખરા હકદારને તે સોંપી દેવું તે કાંઇ ઓછું સ્તુતિપાત્ર નથી. આવું નિર્લોભીપણું જાળવી રાખનાર અને શુધ્ધ ન્યાયને સાચવનાર રાજાઓ પૃથ્વિમાં જવલ્લેજ જોવામાં આવે છે.

ગુરૂ—શિષ્ય ! લોભ ! એ મનુષ્યનો સ્વભાવિક સ્વભાવ છે. કારણ કે તેને કામ કરવા તરફ લલચાવનાર લોભ હોય છે તથાપી તે લોભ હદમાં, અને ન્યાયમાં હોવો જોઇએ. આપણામાં કહેવત છે કે “ અતિ લોભ તે પાપનું મુળ ”

કોઇપણ સ્થાવર અથવા જંગમ વસ્તુ કે જેના ઉપર આપણો કાંઇપણ હક નથી તે પ્રાપ્ત કરવાને માટે અનીતિ કરવાને લલચાવું તેને અતિ લોભ કહેવામાં આવે છે. અતિ લોભ એ મનુષ્યનો મહાન દુર્ગુણ છે. અને તે દુર્ગુણનો જે ગુલામ બને છે તેનામાં અન્ય દુર્ગુણો છે કે નહિ તે તપાસ-વાની જરૂર નથી કેમકે તે તો હોય છેજ. જે મનુષ્યના મન-રૂપી મંદિરમાં લોભની પ્રતિમા બીરાજમાન થયેલી હોય છે ત્યાં સત્ય ન્યાય, દયા, પ્રમાણિકપણું, અને ઔદાર્યતા પ્રવેશ કરી શકતાં નથી. લોભી મનુષ્ય પાસેનું દ્રવ્ય, બળ, અને

વિદ્યા દુનિયાને શ્રાપ સમાન થઈ પડે છે. આપણો દેશ એક વખતે વિદ્યા, બળ, અને દ્રવ્યમાં સર્વ દેશો કરતાં શ્રેષ્ટ હતો એમ આપણે પ્રાચિન ઇતિહાસ અને આબાદ રહેલાં ચીન્હો ઉપરથી જાણી શકીએ છીએ. તેનું મુખ્ય કારણ એ છે કે પ્રાચિન વખતના વિદ્વાન રૂષિઓ ધર્મ પરાયણ અને નિર્લોભ વૃતિવાળા હોવાથી દુનિયાને સચ્ચાઈનું શિક્ષણ આપતા હતા જ્યારથી તેમના વંશજો તે અદ્‌ભૂત જ્ઞાન ગુમાવી બેઠા અને સ્વાર્થવૃતિના સેવક બની ભિન્નભિન્ન વાડાઓ બાંધવા લાગ્યા ત્યારથી ઐક્યતાનો નાશ થઈ અજ્ઞાન અંધકાર છવાઇ ગયો. બધાં કામ ઈર્ષા દ્વેષ, હઠ અને દુરાગ્રહથી થવા લાગ્યાં અને ક્રમેક્રમે ભારતવર્ષ અધોગતિને પ્રાપ્ત થતો ગયો.

પ્રાચિન વખતના બહાદૂર ક્ષત્રિયો પોતાના બાહુબળનો ઉપયોગ પ્રજાના સંરક્ષણ અર્થે કરતા હતા, અને નિર્લોભ વૃત્તિથી પોતાનું ખર્ચ નિભાવવા પુરતોજ કર લેતા હતા. તેમના વંશજોએ લોભને વશ થઇ પોતાના રાજ્યની સીમા વધારવા. બીજાઓના હકને નુકશાન કરી તેનું સર્વસ્વ પડાવી લેવા પોતાના બળનો ઉપયોગ કરવા માંડ્યો. પણ તેનું પરીણામ એ આવ્યું કે તેઓ પણ અન્ય બળવાનોના ભોગ પડ્યા.

પ્રાચિન વખતના વૈશ્યો વિદ્યાથી વ્યાપારાદિ હુન્નર કળાઓથી, દેશમાં ફરીને અથવા પરદેશગમન કરીને અનહદ દ્રવ્ય પ્રાપ્ત કરતા હતા. કુબેર ભંડારીના ભંડાર આ પવિત્ર ભૂમિમાંજ હતા. પરંતુ તે દ્રવ્યબળનો તે વખતે સદુપયોગ કરવામાં આવતો હતો. સત્ય જ્ઞાનનો પ્રકાશ કરનારાઓને ઉત્તેજન મળતું હતું. જ્ઞાન પ્રાપ્ત કરનારાઓને આશ્રય મળતો હતો. અનાથોનું પાલન પોષણ થતું હતું. જન સમાજના કલ્યાણને માટે, અને દેશના રક્ષણને માટે દ્રવ્ય ઉત્સાહપુર્વક અર્પણ કરવામાં આવતું હતું. અને ત્યારેજ દેશની જાહોજ-

લાલી જળવાતી હતી. પરંતુ જ્યારે વૈશ્યો દીર્ઘ દ્રષ્ટિનો વ્યાપાર ભૂલવા લાગ્યા અને લોભવૃતિ તથા સંકુચિત બુદ્ધિને આધીન થઇ અનેક પ્રકારના પ્રપંચવડે દ્રવ્ય પ્રાપ્ત કરવા લાગ્યા, ત્યારથી દેશ નિર્ધન થતો ગયો. ધર્મભેદ, જાતિભેદ, સ્વાર્થભેદ, અને વૃતિભેદ, આદિ અનેક પ્રકારની ભીન્નતા એ લોભનુંજ પરિણામછે.

હવે હું તમને ન્યાય વિષે કહેવા માગું છું. કારણકે લોભની સાથે ન્યાયનો સંબંધ છે. ન્યાયવૃતિને જાળવી રાખનાર લોભને આધીન થઇ શકના નથી. અને લોભને આધીન થનારા. ન્યાય વૃતિને જાળવી શકતા નથી.

ન્યાય એ મનુષ્યનો કિંમતી સદ્દગુણ છે. એક રાજ્યના ચીરસ્થાઇપણાનો આધાર ન્યાય ઉપર અવલંબે છે. એક મનુષ્યની પ્રતિષ્ઠા અને ઉજ્વળ કીર્ત્તિનો આધાર તેના ન્યાયીપણા ઉપર છે. શ્રીરામચંદ્રજી ન્યાયપરાયણ હતા માટેજ એક ન્યાયી રાજ્યને આપણે રામ રાજ્યની ઉપમા આપીએ છીએ. રાજા અને રંક—ધનવાન અને નિર્ધન વિદ્વાન અને અજ્ઞાન—બળવાન અને નિર્બળ એ સર્વને એક સંકલનામાં જોડી રાખનાર ન્યાય છે.

જ્યાં નિર્મળ ન્યાય મળતો નથી, અને ખરા હકદારોના હકનું ન્યાયપુર્વક સંરક્ષણ થતું નથી ત્યાં આબાદી અને નિશ્ચિંતપણાનો સદંતર અભાવ હોય છે. આપણી પાસે બળવાન સત્તા હોય, સમૃદ્ધિની રેલછેલ હોય, અસંખ્યાત સૈન્ય બળ હોય, અથવા વિચિક્ષણ બુદ્ધિ અને પ્રૌઢ જ્ઞાન હોય તો તે તમામનો ન્યાયથી સદુપયોગ થવો જોઇએ. સ્વાર્થ અને લોભને વશ થઇ તેનો દુરૂપયોગ કરનારા પાપી ગણાય છે. અગ્નિમાં બાળવાનું બળ છે પરંતુ કેટલાક મહાન પુરૂષો અગ્નિબળની સહાયતાથી અનેક હુન્નરકળા મારફતે સૃષ્ટિની

સુખ સામગ્રીમાં વૃદ્ધિ કરે છે. ત્યારે કેટલાક કુલાંગારો એજ અગ્નિની મદદથી હજારો નિરાધાર અને ગરીબ મનુષ્યોનાં નિવાસસ્થાન બાળી નાખી તેમને નિરાધાર અને પારાવાર દુ:ખી કરે છે. માટે જ્યાં સુધી મનુષ્યનામાં ન્યાય વૃતિનો પ્રસંશનિય સદ્‌ગુણ ગેરહાજર છે ત્યાં સુધી તેની સત્તા, સમૃદ્ધિ, બુદ્ધિ, વિદ્યા, અને બળ પ્રજાને શ્રાપ સમાન છે માટે " અતિ લોભ તજી ન્યાયી બનો. "

श्लोक.

लोभश्चेद गुणेन किं पिशुनता यद्यस्ति किं पातकैः
सत्यं चेत्तपसा च किं शुचीमनो यद्यस्ति तीर्थेन किम्
सौजन्यं यदि किं गुणैः सुमहिमा यद्यास्ति किं मंडनैः
सद्विद्या यदि किं धनैर पयशो यद्यस्ति किं मृत्युना

અર્થ--મનુષ્યમાં લોભરૂપી અવગુણ હોય તો બીજા અવગુણથી શું પ્રયોજન છે ? ચાડીયાપણું હોય તો બીજાં પાપો કરવાનું શું પ્રયોજન ? સત્યતા હોય તો તપથી શું પ્રયોજન ? મન શુદ્ધ હોય તો તીર્થથી શું પ્રયોજન ? સજ્જનતા હોય તો બીજા ગુણોનું શું પ્રયોજન ? કીર્ત્તિ હોય તો આભુ-ષણનું શું પ્રયોજન ? સદ્‌વિદ્યા હોય તો ધનનું શું પ્રયોજન ? અને અપકીર્ત્તિ હોય તો મૃત્યુનું શું પ્રયોજન ?

अध्याय १३ मो.

श्लोक.

मातृवत परदारेषु । परद्रव्येषु लोष्टवत् ॥
आत्मवत् सर्वभूतेषु । यःपश्यति स पश्यतिः १

ગુરૂ--શિષ્ય ! શ્રી રામચંદ્રજીએ એક પત્નીવૃત પાળવાને કેવી દ્રઢતા બતાવી હતી ?

શિષ્ય--શ્રી રામચંદ્રજીને અનેક રાજાઓ પોતાના જામાત્ર બનાવવાને ખુશી હતા પરંતુ તેમણે માત્ર સીતાજીનેજ પોતાની અર્ધાંગના ગણી બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાનો સ્વપ્નમાં પણ વિચાર કર્યો નહતો.

શ્રી રામચંદ્રજી જ્યારે પંચવટીમાં આવ્યા હતા ત્યારે રાવણની બ્હેન સુર્પણખા કે જે ઘણી સ્વરૂપવાન હતી તે શ્રી રામચંદ્રજી ઉપર મોહ પામી તેમની સાથે લગ્ન કરવાની માગણી માટે આવી. અને શ્રી રામચંદ્રજીને જંગલમાં સાધન રહિત હાલતમાં ફરતા નિહાળી અનેક રિદ્ધિસિદ્ધિ તથા પોતાના કબજાનો મુલક આપવાની લાલચ બતાવી પણ જ્યારે શ્રી રામચંદ્રજીએ તે માગણી સ્વિકારી નહિ ત્યારે પોતાની પાસેના અનેક અસુરોનું બળ બતાવી તેમને મારી નાખવાની ધમકી આપી. તેની પણ શ્રી રામચંદ્રજીના હૃદયમાં કંઇ અસર થઇ નહિ. તેના પરીણામે યુદ્ધ સંકટ સહન કર્યું. પણ તેમણે એક પત્નીવ્રત છોડયું નહિ.

ગુરૂ—શિષ્ય ! રાજ્ય પ્રાપ્તિ એ એક એવી વસ્તુ છે કે જેમાં સત્તા, દ્રવ્ય, અને સ્વતંત્રતાની ત્રીપુટી રચાયેલી હોય છે. માટે તે ત્રણે જે રાજાના સ્વાધિન હોય અને યુવાન

અવસ્થા હોય તે વખતે મન અને ઈન્દ્રિયોને કાબુમાં રાખી એકજ સ્ત્રીમાં સંતોષ માનવો એ કાર્ય ઘણું મુશ્કેલ છે. સાંપ્રત કાળના ક્ષત્રિ રાજાઓ તરફ અને શ્રીમંતો તરફ આપણે દ્રષ્ટિ ફેંકીએ છીએ ત્યારે આપણને જણાય છે કે તેઓ જેમ બને તેમ વધારે સ્ત્રીઓ કરવામાં પોતાનું ગૌરવ માને છે. વિદ્વાન અને નીતિ નિપૂણ રાજાઓ તેમ કરતા નથી. સ્ત્રી એક કરતાં વધારે પુરૂષોની સાથે લગ્ન કરે ત્યારે તેને આપણે અન્યાય માનીએ છીએ, અને આપણે એકથી વધારે સ્ત્રીઓ પરણતાં એ ન્યાયને વિસારી મૂકીએ છીએ એટલામાંજ આપણી ન્યાયવૃતિનું માપ થઈ જાય છે.

જો દુનિયામાં પ્રેમ એકજ છે તો સ્ત્રી એકજ હોવી જોઇએ. જો દુનિયામાં ન્યાય એકજ છે તો પત્ની એકજ હોવી જોઇએ. જો દુનિયામાં વચન એકજ છે તો લગ્ન એકજ હોવું જોઇએ. અને શરીર એકજ છે તો અર્ધાંગના એકજ હોવી જોઇએ.

જે પુરૂષો એક કરતાં વધારે સ્ત્રીઓ પરણે, છે તેઓ પ્રેમનું સત્યસ્વરૂપ જાણતા નથી. પ્રેમનો પ્રવાહ એકજ બાબતમાં જૂદે જૂદે સ્થળે કદી જઈ શકતો નથી. વધારે સ્ત્રીઓ પરણનાર પોતાની સ્ત્રીને અર્ધાંગનાનું નામ આપવાને લાયક રહેતો નથી. તે ધર્મની મર્યાદા તોડે છે. અને બીજાઓના હકને ડુબાવે છે. એક પત્નીના કારણથીજ 'સીતા–રામ' એ બંન્ને નામો જાણે એકજ શબ્દ હોય તેવી રીતયે સંપૂર્ણ જોડાણથી અમરત્વ પામ્યાં છે. માટે એક કરતાં વધારે સ્ત્રીઓ પરણવી નહિ.

अध्याय १४ मो.

श्लोक.

धर्म्मेण राज्यं विन्देत । धर्म्मेण परिपालयेत् ॥
धर्म मूलां श्रीयंप्राप्य । नजहाति नहीयते ॥

અર્થઃ—ધર્મની રીત્યે રાજ્યલાભ અને ધર્મને અનુસરીને રાજ્ય પાલન કરવું, સન્માર્ગે મળેલી રાજશ્રી કદી જતી નથી. અને ક્ષીણ થતી નથી.

ગુરૂ—શ્રી રામચંદ્રજીએ કેવી ઉત્તમ રાજ્યનીતિ ધારણ કરી હતી, અને પ્રજાએ વફાદાર રહી તેની કેવી કદર કરી હતી.

શિષ્ય—રાજ્યતંત્રનું નિયંત્રણ, દયાવાન, ક્ષમાવાન, અને સત્યવાન શ્રી રામચંદ્રજીના હાથમાં આવ્યા પછી તેમણે પોતાના જીવનનું દ્રષ્ટિ બિન્દુ પ્રજા સમસ્તની આબાદી અને તેના ઉદય પ્રયાણ પ્રત્યે રાખ્યું હતું. પ્રજાના ઉદય પન્થને સરળ કરવા પ્રત્યેક મનુષ્યને શારીરિક અને માનસિક કેળવણી મળે, પ્રજાનું હૃદય સદ્‌વિચારને અનુકુળ, અને તેનું જીવન સદ્વર્ત્તનને અનુસરતું થાય તેને માટે મહા પ્રયાસ કરવા માંડયો. રાજા અને રંક, ધનવાન અને નિર્ધન, બળવાન અને નિર્બળ, વિદ્વાન અને અજ્ઞાન એકજ ન્યાય અને નીતિની પવિત્ર સંકલનામાં જોડાયેલાં રહે તેવું ઉત્તમ બંધારણ રચ્યું. જરૂર કરતાં વધારે કર પ્રજા ઉપર દાખલ થવા પામે નહિ, અને તેનું સારી રીત્યે સંરક્ષણ થાય, અને પ્રત્યેક પોતાની આર્થીક સંપત્તીમાં વધારો કરી શકે તેવી ઉદાર રાજ્યનીતિ ધારણ કરી પ્રજામાં પ્રજાત્વની ઉચ્ચતમ્ ભાવનાનું સ્ફુરણ થાય, તેમની હાજતો અને ફરિયાદો ત્વરાથી

જ્ઞાત થાય, તેટલા માટે રાજ્યકારોબારમાં પ્રજાનો હિસ્સો સંમીલન કરવામાં આવ્યો. રાજ્યનીતિ કુશળ ગૃહસ્થો, મહર્ષિઓ, અને કુટુંબીઓને રાજ્યકારોબારમાં સહાયક કરવાને પ્રયત્નશીલ થયા.

આવી ઉત્તમ રાજ્ય પ્રણાલીથી પ્રજા સર્વ રીત્યે સુખી સમૃદ્ધ અને આબાદ હતી. આર્થીક સંપત્તીમાં પ્રતિદીન અભિવૃદ્ધિ થતી, સંપ, ઉચ્ચ ભાવના, ધર્મના સંસ્કારો પ્રજામાં દીનપ્રતિદીન દ્રઢ થતા. ચોરી, જુગાર, ટંટા તોફાન, વ્હેમ, અને ઠગબાજી વગેરે દુરાચારોનો તદન અભાવ જણાતો. શ્રીરામચંદ્રજી પ્રજાને અદલ ન્યાય આપતા એટલુંજ નહિ પણ ન્યાય થયો છે એવી પ્રજાની ખાત્રી કરી આપવાની સંભાળ રાખતા. તેઓ શાન્ત પ્રકૃતિના, ઉદાર, ગંભીર, દુરદર્શી, પરોપકારી, અને સહૃદયતા વાળા હતા. વિદ્વાન અને સુશીલ મનુષ્યો સાથેજ પરિચય રાખતા. પાસે આવનારનું સન્માન કરતા. મહા પરાક્રમી છતાં પરાક્રમનો ગર્વ રાખતા નહિ. કદી પણ જુઠું બોલતા નહિ. વૃદ્ધ અને બ્રાહ્મણોનું સન્માન કરતા. ધર્મ ઉપર પ્રીતિ રાખતા. નીષેધ કર્મોથી દુર રહેતા. દુઃખી લોકોપર દયા રાખતા. યુક્તિપૂર્વક ભાષણ કરી પોતાની વાતને સીદ્ધ કરતા. ક્રોધ તથા પ્રેમને કદી પણ વિરૂપ થવા દેતા નહિ ધર્મ અર્થને નુકશાન ન થાય એવી રીત્યે સુખ ભોગવતા.

આ રામરાજ્ય એવું અપુર્વ અને અતુલ્યની ગણનામાં ગણાયું કે પ્રજાએ તેની અમર નામના રાખવામાં કોઇપણ પ્રકારની કચાશ રાખી નહિ. શ્રીરામચંદ્રજીને પ્રજા ઇશ્વરના સ્વરૂપે ઓળખવા લાગી. પ્રજા જયજયકાર અને ધન્યવાદના અમર પુષ્પોથી નીરંતર વધાવવા લાગી. શ્રીરામચંદ્રજીના

મંગળમય નામને મનુષ્યો ઇશ્વર સ્મરણની પેઠે યાદ કરવા લાગ્યા. સ્ત્રીયો માંગલિક પ્રસંગે શ્રીરામચંદ્રજીના સદ્ગુણોનાં ગિત ગાવા લાગી. વાલ્મીક જેવા મહાર્ષિઓ શ્રીરામચંદ્રજીની ઝળકતી કીર્તિને ગ્રન્થદ્વારાએ જગતમાં પ્રસરાવવા લાગ્યા. પોપટ જેવા પક્ષીઓને પણ મનુષ્યો શ્રીરામના પવિત્ર નામની દીક્ષા આપવા લાગ્યા. મીષ્ટફળો આપનાર વૃક્ષોને તથા ફળોને "રામફળ" અને "સીતાફળ" નું નામભિધાન આપી તેમનું સ્મારક રાખવા લાગ્યા. શ્રીરામચંદ્રજીના ગુણોનું અવલંબન થવાને રામકથાનું ઘેરઘેર શ્રવણ મનન થવા લાગ્યું. પ્રતિવર્ષ તેમની જયંતી ઉજવવા માંડી. કેટલાક પરસ્પરના મેળાપ પ્રસંગે "રામ રામ" ના પ્યારા નામથી અભીવંદન કરવા લાગ્યા. આ પ્રમાણે પ્રજાનો શ્રીરામચંદ્રજી પ્રત્યેનો સદ્ભાવ ઉત્તરોત્તર પોતાના વંશજોને વારસામાં મળતો ગયો. જેથી આજે ગામેગામ ઠામેઠામ, અને ઘેરેઘેર શ્રીરામનું પવિત્ર નામ મનુષ્યો ઘણાજ આદરપુર્વક યાદ કરે છે. અને હજુ યાવત્ કરશે. એવા એક સત્યવાદી અને નીતિવાન રાજાને ઈશ્વર તુલ્ય માની તેમના પ્રત્યે સદ્ભાવ બતાવી, તેમનું સ્મારક રાખવામાં આવે તે આર્યાવર્તની વફાદારીમાં ઉછરેલી શ્રેષ્ટ પ્રજાની યોગ્ય કદરદાની છે.

ગુરૂ—શિષ્ય રત્નાકરમાં તથા વિશાળ પર્વતોના પ્રદેશમાં અનેક રત્નો પાકી તેની જે કિંમત ઉપજાવે છે તે કરતાં જે મનુષ્યની કિંમત આ ભૂલોકમાં થાય છે તે માનવ રત્નની કિંમત અપુર્વ છે. તેનો અવતાર સાર્થક છે. તેનીજ વિજયધ્વજા વર્તમાન અને ભવિષ્યકાળમાં અમર થઇ ફરકે છે. ખરેખાત્ તેઓ દેશકાળથી દૂર થયા છતાં પણ કીર્ત્તિરૂપે અમરજ છે. અધમ પુરૂષાર્થ હિન, કેવળ સ્વાર્થ પરાયણ મનુષ્ય પછી તે રાજા હો કે રંક હો પણ તેનું જીવ-

તર વૃથા છે. તે કેવળ માતૃભુમિને ભાર રૂપ છે. આ જગત્‌ની અંદર અનેક રાજાઓ અને અસંખ્યાત અમીરો થઇ ગયા છે. કે જેઓ આખી દુનિયાને પોતાના પગતળે કચડી નાખવાનું સામાર્થ્ય ધરાવતા હતા જેમને તેમના સેવકજનો પુષ્પોને બદલે હીરા મોતીની વૃષ્ટિથી વધાવતા હતા તેઓ આખરે પોતાના નામને ધુળમાં ઢાંકી દઇ ચાલતા થયા છે. એક શ્રેષ્ટ પુરૂષ, એક શ્રેષ્ટ રાજા, અને એક શ્રેષ્ટ બાળા તેજ છે કે જેણે સત કર્મોથી પોતાના નામને સ્નેહની વિભુતિથી અમર અને પ્રકાશિત કર્યું છે. આપણી દેશ જનનિએ પ્રાચિન કાળમાં એવા તો વીર પુરૂષો અને વીરાંગનાઓ ઉત્પન્ન કરી છે કે જેમના ચરણની રજ મસ્તક ઉપર મૂકતાં આપણે કૃતાર્થ થઇએ.

રાજાના ઉદયના વિચારમાં પ્રજા વર્ગનો હિસ્સો છે. પ્રજામંડળની સંમતીને લઈ જે રાજા રાજ્યસત્તા ચલાવે છે તે રાજ્ય ત્વરાથી ઉન્નતિને પામે છે, વિજયને વધારે છે, અને શત્રુઓને મહાત કરે છે. રાજ્યત્વથી રાજા સામાન્ય મનુષ્યો કરતાં શ્રેષ્ટ છે માટે તેણે શ્રેષ્ટ ગૂણોથી પ્રજામાં સુખ શાન્તિનો વધારો કરવો જોઇએ. રાજા અને તેના અનુયાયી પ્રજાના વૈદ્ય છે. માટે પ્રજાનાં સંકટ કાપવાં એ તેમની પવિત્ર ફરજ છે. રાજા અને તેના સત્તાધારીઓને પ્રજા જે ઉચ્ચપદ અને માન આપે છે. તે પોતાના ઉચ્ચ ગુણોને સાચવી રાખવાના બદલા તરીકે છે. માટે રાજા અને તેના અનુયાયીઓએ પ્રજાને સુખ શાન્તિ આપવા તરફ દુર્લક્ષ કરવું જોઇએ નહિ. અને રાજ્યતત્વમાં પ્રજાતત્વને આમેજ કરવાની ઉદાર રાજનીતિ ધારણ કરવી જોઇએ.

ન્યાય અને નીતિપુર્વક રાજ્ય ચલાવનાર રાજા પ્રત્યે પ્રજાએ કેવી રીત્યે વફાદાર રહેવું તેને માટે પણ આપણા

બુજર્ગોએ આપણને ઉત્તમ શિક્ષણ આપ્યું છે, તેને અનુસરવું જોઇએ. કેટલાક ખ્યાલી વિચારના ઉચ્છંખળો રાજ્યના અનહદ લાભો અને ઉપકારોને ભૂલી જઈ, સભ્યતા, ગાંભીર્યતા, અને પ્રતિષ્ઠિતપણાથી દૂર રહી અધમ કાવત્રાંવડે રાજા અને પ્રજા ઉભયના હિતને નિર્મુળ કરવા યત્ન કરે છે તેના તરફ સમગ્ર પ્રજાએ એક સરખી રીત્યે અભાવની દ્રષ્ટિથી જોવું જોઇએ.

શિષ્ય ! તમે જાણો છો કે મહારાજા રામચંદ્ર, હરીશ્ચંદ્ર, યુધિષ્ટર, વિક્રમ, ભોજ ઈત્યાદી ધર્મીષ્ટ રાજાઓની ઉદાર રાજ્યનીતિનું સ્વર્ગીય સુખ ભોગવ્યા પછી ચડતી પડતીના નિયમ પ્રમાણે કેટલાક જુલમી રાજાઓની ક્રૂર રાજનીતિવડે આપણે અત્યંત સંકટમાં કચડાતા હતા. દેશમાં લુંટફાટ, ખુનામરકી, અને અંધાધુનીનાં ઘનઘોર વાદળ છાયાં હતાં. દેશની વિદ્યા અને સ્મૃદ્ધિ નષ્ટ થવા પામી હતી. અર્થાત દેશમાં અંધકારમય રાત્રી પથરાઇ હતી પણ આપણે સર્વશક્તિમાન પરમ કૃપાળુ પરમાત્માનો ઉપકાર માનવો જોઇએ કે દુ:ખભંજન પિતાએ ભરતખંડના ભાગ્યરૂપી આકાશમાં અંગ્રેજોની રાજ્યશક્તિનો તેજોમય સૂર્ય પ્રકાશિત કર્યો છે. જેથી હિંદુસ્તાનરૂપી ફળદ્રુપ બગીચો પુન: ખીલવા લાગ્યો છે. અને તેને લીધેજ આપણે આપણા પ્રાચિન સુખ ગૌરવને યાદ કરવા ભાગ્યશાળી થયા છીએ તે રાજ્યથી આપણા જ્ઞાનમાં અભીવૃદ્ધિ થવા પામી છે. બુદ્ધિનો વિકાસ થવા પામ્યો છે. અવનતિના તીમીર આવરણમાં ઢંકાયેલા ધર્મનો પુનરોદ્ધાર કરવાની તક મળી છે અને તે કારણોથીજ આજે બ્રીટીશરાજ્ય રામરાજ્યની ઉપમાને પાત્ર થયું છે. માટે જે પ્રમાણે શ્રીરામચંદ્રજીના રાજ્ય પ્રત્યે પ્રજા વફાદાર રહી તેમનું

નામ અમર કરવાને પ્રયત્નશીલ થઇ હતી તેજ પ્રમાણે બ્રીટીશરાજ્ય પ્રત્યે આપણે વફાદાર રહેવું જોઇએ.

શિષ્ય ! તમે કહ્યું તેમ શ્રીરામચંદ્રજીનું ગૂણગાન માત્ર આ દેશમાંજ થાય છે એમ નથી. અમેરીકા કે જેને આ-પણે પાતાળના નામથી ઓળખીએ છીએ તેનાં પ્રાચીન મેક્સીકો દેશમાં હાલ 'રામ–સીતવ' (રામ સીતા)નામનો ઉત્સવ કરવામાં આવે છે તેથી સિદ્ધ થાય છે કે રામયશ માત્ર ભારત વર્ષમાંજ નહિ પરંતુ સમસ્ત સંસારમાં ફેલાઇ ગયો હતો.

એવા મહાન પુરૂષની જયંતિ ઉજવવાનો ઉદ્દેશ એ છે કે તેમના ગૂણોનું પ્રજાગણમાં અવલંબન થાય. મનુષ્યોના હૃદયમાં ઉત્તમ સંસ્કારોની છાપ પડે. અને આપણા બંધુઓ તથા ભાવીપ્રજા આદર્શજીવન વ્યતીત કરવાને લાયક બને. દેશનું પ્રાચિન ગૌરવ પુનઃ પ્રાપ્ત થાય, તેટલા માટે એક ન્હાનામાં ન્હાના અને રંકમાં રંક બાળકે પણ મહાન પુરૂષ બનવાની ઉચ્ચ ભાવના રાખવી જોઇએ. કેટલાક મનુષ્યોની એવી માન્યતા હોય છે કે, અમારા નશીબમાં મહાન થવાનું સરજાયું હોત તો અમે નિર્ધન કુટુંબમાં શા માટે જનમ્યા હોત ? એક ઝુંપડીમાં શા માટે રહેતા હોત ? એ માન્યતા ભૂલ ભરેલી છે કારણકે અમેરીકામાં એક ઝુંપડીમાં રહેનાર સદ્પ્રયત્નવડે શ્વેત મંદિરનો અધિપતિ થયો હતો. ફ્રાન્સમાં ગરીબાઇથી ઉછરેલો મનુષ્ય પરાક્રમવડે ઘણા દેશોને ધ્રુજા-વનાર અધીષ્ટાતા બન્યો હતો. એવા અનેક દ્રષ્ટાન્તો વિદેશોમાં તેમજ પુર્વે આપણા દેશમાં બનેલાની ઇતિહાસ સાક્ષી પૂરે છે. માટે મહાન પુરૂષોનાં ચરીત્ર વાંચીનેજ સંતોષ નહિ પકડતાં મહાન બનવાને નીરંતર પ્રયત્ન કરવો જોઇએ. અને તે મહાન પુરૂષો સંસારમાં કયાં સાધનોવડે વિજયી થયા

હતા તેનો વિચાર કરી તે પંથે પ્રયાણ કરવું જોઇએ. જુઓ! શ્રીરામચંદ્રજીએ બ્રહ્મચર્ય ન પાળ્યું હોત તો આટલા વિજયી અને પરાક્રમી ભાગ્યેજ નીવડત. જનકરાજાના દરબારમાં ધનુષ્ય તોડવું-જંગલોમાં ભટકવું-શસ્ત્રપ્રહાર સહન કરવા-તૃણ શય્યાપર સુવુ-વલ્કલ વસ્ત્ર પહેરવાં-ઇત્યાદી અનેક વીપત્તીઓ સામે અડગ ઉભા રહેવાનું માન પુખ્તવય પર્યંત બ્રહ્મચર્ય પાળવાના નીમને આભારી છે. જો તેમણે વશિષ્ટ જેવા સત્યવાદી અને સમર્થ ગુરૂ પાસેથી શિક્ષણ મેળવ્યું ન હોત તો તેમનામાં ન્યાય, નીતિ, ક્ષમા, પરોપકારના ઉચ્ચ સંસ્કારો દ્રઢતાને પામ્યા ન હોત ?

આદર્શજીવન તેજ પુરૂષે પ્રાપ્ત કર્યું જાણવું કે જેને માટે સુજ્ઞ મનુષ્યના હૃદયમાં જગો હોય છે. અને જેના સુખથી આખા સંસારને સુખ મળે છે. અને જેના દુઃખે આખું જગત દુઃખી બને છે તેનુંજ નામ આ સંસારમાં અમર છે. અને તેનોજ સ્વર્ગવાસ છે.

એક અગત્યનો ખુલાસો.

વાલ્મીકિ રામાયણમાં અને ત્યાર પછી અન્ય પ્રાન્તિક ભાષામાં લખાયેલ રામાયણોમાં ઘણો તફાવત જણાઇ આવ્યો છે. સંશોધન કરતાં એટલું સિદ્ધ થયું છે કે કેટલીક બુદ્ધિ અને સૃષ્ટિક્રમ વિરૂદ્ધની જે વાતો તેમાં વધેલી છે તે પ્રક્ષિપ્ત છે. જેમ કે વાનરોએ પુંછડાવાળા વાંદર હતા. રાવણને દસ માથાં હતાં અને વીસ હાથ હતા જટાયુ એક પક્ષી હતો. વગેરે.

પ્રોફેસર રામદેવ બી. એ. અને શ્રીયુત મગનલાલ માણેકલાલ ઝવેરીએ તેનું સત્ય સ્વરૂપ સમજાવવાને " રામાયણના રહસ્ય " માં સ્તુતિપાત્ર પ્રયત્ન કરેલો છે. જેનો સાર આ સ્થળે પ્રદર્શીત કરવો આવશ્યક છે.

(૧) **હનુમાન**–હનુમાનની માતા અંજના અપ્સરા જાતિની એક પ્રસિદ્ધ પતિવ્રતા સ્ત્રી હતી. જેનો વિવાહ કેસરી સાથે થયો હતો. હનુમાનજી ચારે વેદ અને વ્યાકરણ શાસ્ત્રના જ્ઞાતા હતા. કિષ્કિંધાના રાજા વાલી અને સુગ્રીવના વંશમાં હતા. તેઓ ઘણા ભાગે પહાડોપર રહેતા તેથી નાનપણથીજ કુદવામાં કુશળ હતા. વનસ્પતિ ઓળખવામાં નિપૂણ હતા અને કદાવર પત્થરો ઉચકીને ફેંકવામાં બળવાન હતા. તેઓ કપી અથવા વાનર જાતિને નામે ઓળખાતા વાનર શબ્દનો અર્થ વાચસ્પત્ય, બ્રહદ્દિધાન શબ્દ કલ્પદ્રુમ ઇત્યાદી સંસ્કૃત શબ્દમાળાના ગ્રન્થોમાં **वनेभवं वानम् फलादिकं वानं· राति, गृह्णाति, इति वानरः** એવો કીધો છે. કપિ શબ્દનો અર્થ **कं जलं पिबतीतिवाकात् उदकात् भूमिं पातीति ।** " શુદ્ધ જલ પીવાવાળા અથવા નદી આદિના

વેગથી પૃથ્વી (કૃષિ) ની રક્ષા કરવાવાળા પુરૂષ " એવો અર્થ કરેલો છે અને તેજ અર્થ બુદ્ધિમાં સાબીત થાય તેવો છે. અને સૃષ્ટિક્રમને અનુકુળ છે. અર્વાચિનકાળમાં પણ તેવાં નામ આપવાનો રીવાજ પ્રચલિત છે. જેમ છેલ્લા રૂસો જાપાનીસ યુદ્ધમાં જાપાનીસોની ચપળતા–કુદાકુદ–દોડધામ જોઈ રશીયનોએ તેમનું નામ yellow monkey "પીળાં વાંદરાં" પાડ્યું. રશીયનોને વાસ્તે Russian bear "રશીયન રીંછ" શબ્દ વાપરવામાં આવે છે અંગ્રેજોને વાસ્તે John bull 'જ્હોન બળદ' શબ્દ પ્રચારમાં છે. આપણી રાજ્યકર્તા પ્રજાને સારૂ British lion "વિલાયતી સીંહ" શબ્દ વાપરવામાં આવે છે. નાગવંશી ક્ષત્રિય કે જેના વંશમાં હાલના નાગપુરાધીશ પોતાને "નાગ" કહે છે તેમ પહાડામાં રહેવાથી, વનફળ ખાવાથી, કુદવાની કુશળતાથી, કવિના અલંકારોએ તેમને 'વાંદર' નું નામ આપ્યું હોય એવી કલ્પના થઈ શકે છે. પરંતુ વાસ્તવિક રીત્યે તેઓ વાંદર નહતા. જ્યારે હનુમાન સુગ્રીવના દુત તરીકે શ્રી રામચંદ્રજી પાસે આવ્યા અને વાતચીત કરી ત્યારે તેમણે લક્ષ્મણને કહ્યું હતું કે 'હનુમાન ચારે વેદના અને વ્યાકરણ શાસ્ત્રના જ્ઞાતા છે' શું વાંદરાં વેદોનું જ્ઞાન ધારણ કરી શકે ? રામ અને સુગ્રીવની મૈત્રી દૃઢ કરવા ઇષ્ટિ યજ્ઞ કરવામાં આવ્યો ત્યારે હનુમાનજીએ વેદવેતા યાજ્ઞિક બ્રાહ્મણોની માફક લાકડાંથી અગ્નિ પ્રકટ કરી હવન કુંડમાં સ્થાપિત કર્યો હતો (જુઓ વાલ્મીકિ રામાયણ, કિષ્કિંધા કાંડ સર્ગ ૫ શ્લોક ૧૪) શું વાંદર તે પ્રમાણે કરી શકે ? શું હનુમાનની માતા અંજના જેવી પતિવ્રતા સ્ત્રી એક પશુ સાથે વિવાહ કરે ? સીતાની શોધ કરવા સારૂ જ્યારે હનુમાન લંકામાં ગયા ત્યારે સીતાએ પ્રથમ તેને બદલેલા વેશમાં રાવણજ માન્યો. જો કદાચ હ-

નુમાન વાંદરા હોત તો સીતાને એવો ભ્રમ થાત ખરો ?

(૨) **જટાયુ**—જટાયુ અરૂણુ રૂષિનો પુત્ર સંપાતિનો નાનો ભાઈ અને કાશ્યપગોત્રી વાનપ્રસ્થી બ્રાહ્મણુ હતો. તેની માતાનું નામ શ્યેની હતું તે ઇક્ષ્વાકુ કુલનો પરમ મિત્ર હતો. તે એક પ્રસિદ્ધ યોદ્ધા હોવાથી ગૃધ્રરાજ કહેવાતો તે પક્ષીઓની માફક બે પાંખવાળા વિમાનમાં બેસી એટલે ઉંચે ઉડતો કે પર્વત છાણુા જેવડો, હિમાલય અને વિંધ્યાચલ જલાશયમાં હાથીઓ જેવા અને મોટી મોટી નદીઓ સફેદ દોરા જેવી દેખાતી તેથી તેને પતંગેશ્વર પણુ કહેવામાં આવતો (જુઓ કિષ્કિંધા કાંડ સર્ગ ૬૧ શ્લોક ૮–૧૭) એટલે જટાયુને પશુ અથવા પક્ષી તરીકે ઓળખવામાં આવે છે તે અલંકારરૂપે સત્ય છે પણુ વાસ્તવિક રીત્યે તેમ નથી. શ્રીરામચંદ્રજી સાથે જટાયુનો મેળાપ થયો ત્યારે રાજા દશરથના મિત્ર તરીકેની તેણે ઓળખાણુ આપી મીઠી વાણીથી વાર્તાલાપ કર્યો હતો શ્રીરામચંદ્રજીએ તેની પિતા તુલ્ય પુજા કરી હતી. રાવણુ સીતાને લઇ જતો હતો તે વખતે સીતાજીએ જટાયુને કહ્યું હતું કે “ હે આર્ય જટાયુ ! જુઓ મને પાપી અનાથની માફક હરી જાય છે ” શું જટાયુ પક્ષી હોય તો એ પ્રમાણેનો સત્કાર અને વાર્તાલાપ સંભવિત છે? રામાયણમાં જટાયુને માટે “ વયસ્ય, ” “ આર્ય, ” “ તાત, ” “ તીર્થભૂત, ” “ મહાન્ સાધુ, ” “ પુજનિય, ” “ માન્ય, ” “ મહારાજ, ” આદિ શબ્દો વાપરવામાં આવ્યા છે. તે શું એક પક્ષીને માટે હોઇ શકે ? જટાયુના વંશજ સંધ્યા અગ્નિ હોત્રાદિ કરતા હતા તેમ પશુપક્ષી કરી શકે ? જટાયુનો પ્રાણુ જતાં શ્રીરામચંદ્રજીનો અંત્યેષ્ટિ સંસ્કાર વૈદિક વિધિથી કર્યો હતો. (અરણ્યકાંડ સર્ગ ૬૮ શ્લોક ૩૦) શું પશુ પક્ષીને માટે તેવો સંસ્કાર સંભવિત છે ?

(૩) **રાવણ**—રાવણને એક શીશ અને બે હાથ હતા તે મગરૂર અને બળવાન હોવાને લીધે અલંકારરૂપે દશ શીશ અને વીસ હાથવાળો કવીએ વર્ણવ્યો હોય તે જૂદી વાત છે પણ વાસ્તવિક રીત્યે તેમ નહતું. મહારાણી સીતાની પાસે તે ભીક્ષા લેવા આવ્યો તે સમયે એક શીશ અને બે ભુજાવાળો હતો એમ કહેવામાં તો તમામ ગ્રન્થકારો સંમત છે. હનુમાનજીએ લંકામાં જઇ છુપાઇને સુતેલા રાવણને જોઇ નીચે પ્રમાણે વર્ણન કર્યું છે.

ददर्श स कपिस्तस्य बाहुशयन संस्थितौ ।
मन्द रस्यान्तरे सुप्तो महाही रूषिताविव ॥
शयानस्य चिनिः श्वासः पूरयान्निव तद् गृहम् ।

અર્થાત—રાવણના સુતી વખતના બેઉ સ્થીર હાથ એવા જોયા કે જાણે બે મોટા છંછેડાયેલા સાપ પર્વતમાં સૂતા હોય (**बाहु** એ દ્વી વચન છે. સંસ્કૃતમાં દ્વિ વચન અને બહુ વચનના પ્રત્યયો જૂદા છે) તે સુતેલા રાક્ષસરાજના મહામુખથી (**महामुखात्** એક વચન છે) નીકળેલો શ્વાસ તે ઘરને ભરી રહ્યો હતો. યુદ્ધ કરતાં શ્રીરામચંદ્રજી રાવણને કહે છે કે,

अद्य ते मच्छरै शिच्छन्नं शिरो ज्वलित कुण्डलम् ।
क्रव्या दाव्यपकर्षन्तु विकीर्णं रणपांसुषु ॥

અર્થાત—હમણાં તારૂં (**शीरः** એક વચન છે) જ્વલિત કુંડલ સહિત મારાં બાણથી છેદાઇ, રણભુમિમાં વિક્ષિપ્ત શબ ભક્ષિયોથી ખેંચાઇ જશે.

મેઘના મરણથી રાવણ જ્યારે ક્રુદ્ધ થયો ત્યારે

तस्य क्रुद्धस्य नेत्राभ्यां प्रापतन्नश्रुबिन्दवः ।
दीपाभ्यामिव दीप्ताभ्यां सार्चिषः स्नेहबिन्दवः ॥

(યુદ્ધ. ૯૨–૨૨.)

તે ક્રુદ્ધ રાવણની બેઉ આંખોમાંથી અશ્રુબિંદુ એવાં પડયાં કે જાણે બળતે દીવે ભડકા સહિત, તેલનાં બિંદુ પડતાં હોય. (જો તેને દસ શીશ હોય તો વીસ આંખ્યો હોવી જોઇએ.)

જ્યારે રાવણ પૃથ્વીવશ થયો ત્યારે તેની સ્ત્રીયો આવી વિલાપ કરવા લાગી તેનું વર્ણન યુદ્ધ૦ ૧૧૦–૯–૧૦માં છે.

"કોઈ તો તેની બેઉ ભુજાઓને ઉપાડી (**भुजौ**) પુનઃ પૃથ્વીપર તેને સ્નેહ સહિત ફેરવવા લાગી કોઇ મરેલા રાવણના મુખને (**दत्तं**) જોઇને મૂર્છિત થવા લાગી. કોઇ તેના માથાને (**शिरः** એક વચન) ખોળામાં લઇ રોવા લાગી.

આ કારણોથી તેને એકજ શીશ અને બે ભુજા હતી એમ સિદ્ધ થાય છે.

વાલ્મીકિ રામાયણથી નિર્વિવાદ સાબીત થયું છે કે જુના જમાનામાં સાયન્સાદિનું જ્ઞાન આપણા પૂર્વજોમાં હતું દશરથના રાજ્યમાં મંત્રિ સભા હતી એટલુંજ નહિ પણ મહાજન સજસભા હતી. અભિષેક આદી મહાન કાર્યોમાં રાજસભાની સંમતી લેવી પડતી. રાજદૂતો–એલચીઓ પણ રાખવામાં આવતા હતા. તોપો વગેરે અસ્ત્રો પણ હતાં વિમાન પણ હતું. મોટા મોટા પત્થર ફોડી લાવવાના તેમજ તેને ઘસડી લાવવાનાં યંત્રો પણ હતાં; એટલુંજ નહિ પણ પ્રાચિન આર્યો પુલ પણ બાંધી શકતા હતા.

એ વખતની પ્રજા કેવા સુખથી પોતાના દિવસ નિર્ગ-મન કરતી હતી તે પણ રામાયણના ગ્રન્થથી ઘણી સારી રીતે કલ્પી શકાય છે. આપણે ઈચ્છીશું કે ભવિષ્યમાં તેવુંજ સુખ પુનઃ પ્રાપ્ત થાય. પ્રજા સદ્‌ગુણ સંપન્ન અને આદર્શ જીવન વ્યતિત કરનારી નીવડે.

